દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 302 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ સુદ - 3 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 December 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૨૩ ડિસેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ફોરમ વર્લ્ડવાઈડ પ્રસ્તુત કરે છે

FORAM® WORLDWIDE
#ChaloForamKeSang

# EUROPE'26

**એપ્રિલ થી ઓક્ટોબર સુધી - "1500+ પ્રવાસીઓ" ની યુરોપ ગ્રુપ ટુરો "કિચન કેરેવાન" સાથે આયોજીત કરનાર એક માત્ર પાયોનીયર**

**ચેતવણી: યુરોપના પ્રવાસીઓ માટે 'પબ્લિક એડવાઈઝરી'**
**સ્વિત્ઝર્લેન્ડના પ્રવાસનું સત્ય: મૌખિક વાતો નહીં, લેખિત વચનો (Written Commitments) માંગો**

## 2026 યુરોપ ટૂર બુક કરતા પહેલા દરેક પરિવાર માટે અવશ્ય વાંચવું

યુરોપની યાત્રા જીવનની યાદગાર સફર હોય છે. પરંતુ જ્યારે પરિવાર માટે 15–20 લાખ રૂપિયાની રકમ ખર્ચાઈ રહી હોય ત્યારે સ્પષ્ટતા, સત્ય અને ખાતરી—આ ત્રણ બાબતો અત્યંત જરૂરી બની જાય છે. ખાસ કરીને સ્વિટ્ઝર્લૅન્ડ સેક્ટર એ ભાગ છે જ્યાં નવા નિશાળિયા ઓપરેટરો પ્રવાસીઓને સૌથી વધારે ગેરમાર્ગે દોરે છે. આ લેખ તમને તે તમામ હકીકતો સમજાવે છે જે જાણ્યા વગર યુરોપ ટૂર બુક ન કરવી જોઈએ.

**૧. ઈન્ટરલેકનમાં ૫ રાત રોકાણ: એક મીઠી ભ્રમણા ઈન્ટરલેકન સ્વિસનું હાર્ટ છે, પણ શું ત્યાં સળંગ ૫ રાત રહેવું વ્યવહારિક છે ? ના.**
મોટાભાગના સાઈટસીંગ (જીનીવા, ઝુરિક, રાઈન ફોલ્સ, લ્યુસર્ન) ઈન્ટરલેકનથી ઘણા દૂર છે. જો કોઈ તમને ૫ રાત ઈન્ટરલેકનનું વચન આપે તો સમજવું કે તમારો સમય બસની મુસાફરીમાં જશે.
☛અમારી સલાહ: સાચા સ્વિસ પ્રવાસ માટે ઝુરિક, જીનીવા અને લ્યુસર્ન વચ્ચે રોકાણ વહેંચવું (Split Stay) અનિવાર્ય છે. આ રાઉટીંગ લેખિતમાં માંગો.

**૨. હોટેલ બદલવાની 'રમત' (Last-Minute Hotel Switching)**
બુકિંગ લેવા માટે પહેલા 'સેન્ટ્રલ હોટેલ' બતાવાય છે અને ટૂર પહેલા "Availability" ના બહાને શહેરથી ૨૦ કિ.મી. દૂર ઉતારી દેવાય છે.
☛ તમારો અધિકાર: બુકિંગ સમયે જ હોટેલના નામ, લોકેશન અને Pin Code લેખિતમાં માંગો.




100% PURE VEG & JAIN FOOD

THE TRUTH

**૩. કિચન કેરેવાન: હકીકત કે માત્ર માર્કેટિંગ?**
આજે બધા 'કિચન કેરેવાન' નો દાવો કરે છે. પણ શું ત્યાં જમવાનું તાજું બને છે? કે પછી બાહરથી 'બોક્સ ફૂડ' લાવીને પીરસાય છે?
☛ સવાલ પૂછો: "શું બ્રેકફાસ્ટ, લંચ અને ડિનર સાઈટ પર લાઈવ બને છે? કે બાહરથી આવે છે?" શું તમે ડિનર લાઈવ ગરમા ગરમ ખવડાવશો કે TIFFIN ડિનર આપશો ?
યાદ રાખો: ફોરમ વર્લ્ડવાઈડે ૨૦૦૬ માં યુરોપમાં સૌપ્રથમ કિચન કેરેવાન શરૂ કર્યું હતું. અમે જે કહીએ છીએ, તે જ પીરસીએ છીએ.

ઘર ઘર માં લોકપ્રિય એવા "ફોરમ વિરલ શાહ" ના કુશળ માર્ગદર્શન હેઠળ . 20 વર્ષો ના અનુભવ સાથે . યુરોપ માં કિચન કેરેવાન સુવિધાઓ નો ઇતિહાસ રચનાર એ જ ફોરમ વર્લ્ડવાઈડ. **2 મહિને 250+ સીટ્સ — દિલથી આભાર 🙏**


**હરો ફરો ધુરંધરો સાથે, ન કે નવા નિસાડિયા સાથે.**

**ફોરમ વર્લ્ડવાઈડ નો મેગા ઓફર નો લાભ લો.. બુક કરાવો તમારા 2026 ના પ્રવાસો, અમારા 2025 ના જુના ભાવે.. 31 DECEMBER સુધીજ**

***ITALY | AUSTRIA | SWISS | FRANCE | BELGIUM | NETHERLANDS***

| | | | |
|---|---|---|---|
| Grand Europe | 17 DAYS | Charm Europe | 10 DAYS |
| Glimpse Europe | 13 DAYS | Essense of Italy (New Tour By FWW) | 10 DAYS |

- ફક્ત અમારી સાથે માણો સ્વિટ્ઝર્લૅન્ડ ના 3 MOUNTAINS - MT. TITLIS WITH ICE FLYER, JUNGFRAU, HARDER KULM WITH FUNICULAR RIDE
- સવાર - બપોર - સાંજ અમારા રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ ઘર જેવી રસોઈ ( જૈન પણ )
- દરેક સ્થળે કિચન કેરેવાન ની સુવિધા ( SWIZTERLAND & PARIS માં પણ )
- હાર્ટ ઓફ સ્વિટ્ઝર્લૅન્ડ ઇન્ટરલૅકન માં 3 રાત્રી મુકામ (ફક્ત અમારી સાથે)
- અગત્ય ના બધાજ જોવા લાયક સાઈટસીઇંગ નો સમાવેશ
- સવાર અને સાંજે ગરમાગરમ મસાલા ચા
- ૧૧ સુંદર શહેરો ની મુલાકાત
- RHINE FALLS માં બોટ રાઈડ
- GSTAAD - DDLJ પોઇન્ટ
- પેરિસ બાઈ નાઈટ ટુર
- એકેન્સી લેક ક્રુઝ












**CHOOSE THE COMPANY THAT DELIVERS — NOT DIVERTS**

**FORAM 9324366095 | JAY 9167008678 | BHAKTI 9321236935**
**DINESH 8591728602 | DHRUV 8169369686 | DIVYA 9833998338**

HEAD OFFICE : ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. OPP. JAIN MANDIR. MUMBAI

WWW.FORAMWORLDWIDE.COM | INFO@FORAMWORLDWIDE.COM | FOLLOW US ON | OTHER OFFICES AHMEDABAD | SURAT | RAJKOT | PUNE | USA | UAE

# પિતાએ અરજી દાખલ કર્યા બાદ સુરત કોર્ટે ૭ વર્ષની જૈન બાળકીની દીક્ષા પર સ્ટે મૂક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના સુરત શહેરની એક ફેમિલી કોર્ટે સોમવારે સાત વર્ષની જૈન બાળકીની દીક્ષા પર સ્ટે મૂક્યો હતો. પતિએ અરજી કરી હતી કે અલગ રહેતી પત્નીએ તેમની ઈચ્છા વિરુદ્ધ બાળકીને દીક્ષા અપાવવાનો નિર્ણય કર્યો હતો.

અરજદારના વકીલે જણાવ્યું હતું કે કોર્ટે બાળકીની દીક્ષા પર વચગાળાનો સ્ટે આપવાની અમારી અરજી મંજૂર કરી હતી અને ૨ જાન્યુઆરીના રોજ વધુ સુનાવણી રાખી હતી. આ સાથે બાળકી દીક્ષા સમારોહમાં ભાગ લેશે નહીં, તેવી માતાને એફિડેવિટ દાખલ કરવા કહ્યું હતું.

કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે આ મુદ્દા પર વિવાદ થતાં મહિલા લગભગ એક વર્ષ પહેલા તેના પતિનું ઘર છોડીને તેની પુત્રી અને પુત્રને તેના માતાપિતા સાથે રહેવા લઈ ગઈ હતી. ૧૦ ડિસેમ્બરના રોજ, છોકરીના પિતાએ ફેમિલી કોર્ટમાં છોકરીની કસ્ટડી મેળવવા માટે અરજી કરી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેની અલગ થયેલી પત્નીએ તેની ઇચ્છા વિરુદ્ધ નિર્ણય લીધો હતો કે બાળકીને દીક્ષા આપવામાં આવે.

ગાર્ડિયન્સ એન્ડ વોર્ડ્સ એક્ટ, ૧૮૯૦ હેઠળ દાખલ કરાયેલી અરજીમાં, અરજદારે છોકરીના હિતોનું રક્ષણ કરવા માટે તેના કાનૂની વાલી તરીકે નિયુક્ત થવાની માગ કરી હતી. જજ મન્સુરીએ અરજદારની પત્નીને નોટિસ જારી કરીને ૨૨ ડિસેમ્બર સુધીમાં જવાબ માગ્યો હતો.

અરજદારે જણાવ્યું હતું કે તેણે ૨૦૧૨ માં અરજદાર સાથે લગ્ન કર્યા હતા, અને તેમના બે બાળકો છે. આ દંપતી ૨૦૨૪ થી અલગ રહે છે. તેમણે તેમની પુત્રીની દીક્ષા મામલે તેમની પત્ની સાથે ચર્ચા કરી હતી અને સંમત થયા હતા કે દીકરી પરિપક્વ થયા પછી આ અંગે નિર્ણય કરીશું, તેમ પણ અરજીમાં જણાવાયું છે. અરજદારે જણાવ્યું હતું કે, જોકે, તેમની પત્નીએ ફેબ્રુઆરી ૨૦૨૬ માં મુંબઈમાં એક સમૂહ સમારોહમાં બાળકીને દીક્ષા આપવાનો આગ્રહ રાખ્યો હતો.

એપ્રિલ ૨૦૨૪માં, તેમની પત્ની તેમના બે બાળકો સાથે ઘર છોડીને તેના માતાપિતા સાથે રહેવા લાગી, અને કહ્યું કે જો તે તેમની પુત્રીની દીક્ષા માટે સંમત થાય તો જ તે પરત આવશે, અરજીમાં જણાવવામા આવ્યું હતું. ત્યારબાદ પતિની અનિચ્છા છતાં બાળકીની દીક્ષાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

અરજદારે ધ્યાન દોર્યું હતું કે દીકરી માત્ર સાત વર્ષની છે અને તે સ્વતંત્રપણે આવો નિર્ણય લઈ શકે તેમ નથી.

અરજદારે વધુમાં દાવો કર્યો હતો કે તેમની પત્ની તેમની પુત્રીને ધાર્મિક મેળાવડામાં લઈ જતી હતી, અને એક વખત તેમની સંમતિ વિના બાળકીને અમદાવાદ આશ્રમમાં ગુરુ પાસે એકલી છોડી આવી હતી. આ સાથે અરજદારે એવો પણ આક્ષેપ કર્યો હતો કે તેમની પત્નીએ એક વખત બાળકીને મુંબઈમાં બીજા જૈન સાધુના આશ્રમમાં છોડી દીધી હતી, અને ત્યાં બાળકીને મળવાની પરવાનગી પિતાને આપવામાં આવી ન હતી. (પીટીઆઈ)

## રાજ્ય સરકારનો દાવો, કિસાન સર્વોદય યોજના હેઠળ ૯૮ ટકા ગામને દિવસે પણ વીજળી

અમદાવાદ: કિસાન સૂર્યોદય યોજના હેઠળ, ૧૭,૦૧૮ ગામડાઓ, એટલે કે ગુજરાત રાજ્યના ૯૮.૬૬ ટકા ગામડાઓમાં હવે દિવસના સમયે વીજળી મળી રહે છે. આ યોજના હેઠળ, ગુજરાતના ૧૯.૬૯ લાખ ખેડૂતો દિવસના સમયે વીજળીનો લાભ મેળવી રહ્યા છે, એમ રાજ્ય સરકારે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

ખેડૂતોને દિવસના સમયે વીજળી પૂરી પાડવામાં ગુજરાતની સફળતા વિશે બોલતા, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે રાજ્યના લગભગ ૯૮ ટકા ખેડૂતો હવે દિવસના સમયે વીજળી મેળવી રહ્યા છે. જે લોકોને હજુ સુધી આવરી લેવામાં આવ્યા નથી તેવા ગામોને પણ માર્ચ ૨૦૨૬ સુધીમાં વીજળી મળતી થઈ જશે આ મિશન પૂર્ણ થશે. ખેડૂતોને પૂરતું પાણી અને વીજળી મળવાથી, રાજ્યના કૃષિ ક્ષેત્રનો સમગ્ર લેન્ડસ્કેપ સંપૂર્ણપણે બદલાઈ ગયો છે, જેનાથી ખેડૂતો માટે વધુ સમૃદ્ધિ આવી છે, તેમ તેમણે ઉમેર્યું હતું. આ યોજના ૨૦૨૦ માં ખેડૂતોને સવારે ૫ થી રાત્રે ૯ વાગ્યા સુધી બે સ્લોટમાં વીજળી પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે અમલમાં મૂકવામાં આવી હતી. પહેલો સ્લોટ સવારે ૫ થી બપોરે ૧ વાગ્યા સુધી અને બીજો સ્લોટ બપોરે ૧ થી રાત્રે ૯ વાગ્યા સુધીનો છે.

## મોરબીના યુવાને યુક્રેનથી વીડિયો જાહેર કર્યો, રશિયન આર્મી પર ગંભીર આરોપો લગાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મોરબીના રહેવાસી સાહિલ મોહમ્મદ હુસૈનનો યુક્રેનથી એક વીડિયો જાહેર થયો હતો, આ વીડિયોના માધ્યમથી તેણે અનેક ખુલાસા કર્યા છે. જેમાં તેણે લોકોને રશિયન આર્મીમાં જોડાવાના જોખમો વિશે ચેતવણી આપી છે. વીડિયોમાં સાહિલે આરોપ લગાવ્યો છે કે, તેને ખોટા ડ્રગ કેસમાં ફસાવીને રશિયન આર્મીમાં જોડાવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. તેણે ભારતીય નાગરિકોને કોઈપણ લાલચ કે, દબાણથી આવું ન કરવા અપીલ કરી હતી. સાહિલના જણાવ્યા મુજબ, તે ૨૦૨૪ માં ઉચ્ચ શિક્ષણ માટે રશિયા ગયો હતો. અભ્યાસ દરમિયાન તેને નાણાકીય મુશ્કેલીઓ અને વિઝા સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. આ સમય દરમિયાન, તે ડ્રગ હેરફેરમાં સામેલ કેટલાક સ્થાનિક રશિયન નાગરિકોના સંપર્કમાં આવ્યો હતો. સાહિલનો આરોપ છે કે, રશિયન પોલીસે પાછળથી તેને ખોટા ડ્રગ કેસમાં ફસાવી દીધો હતો. સાહિલ વીડિયોમાં દાવો કરે છે કે, પોલીસ અધિકારીઓએ તેને રશિયન સેનામાં જોડાશે તો તેની સામેનો કેસ પાછો ખેંચવાની ઓફર આપી હતી. આથી, આ દબાણના કારણે, સાહિલે આ ઓફર સ્વીકારી હતી. બાદમાં તેને યુદ્ધના મેદાનમાં મોકલવામાં આવ્યો, જ્યાંથી તેણે આ એસઓએસ વીડિયો રેકોર્ડ કર્યો અને ભારત સહિત વિશ્વભરના લોકો સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો.

વીડિયોમાં સાહિલ કહી રહ્યો છે કે, ''હું દરેકને રશિયન સેનામાં ન જોડાવાની અપીલ કરું છું. અહીં ઘણા સ્કેમર સક્રિય છે, જે ખોટા કેસમાં ફસાવીને લોકોના જીવન બરબાદ કરે છે. તેણે એમ પણ કહ્યું હતું કે, ઘણા વિદેશી નાગરિકો આવી જાળમાં ફસાઈ ગયા છે. સાહિલે ભારત સરકાર અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને તેમની સલામત વાપસી સુનિશ્ચિત કરવા માટે હસ્તક્ષેપ કરવા અપીલ કરી છે.

## સ્ટાર્ટ-અપ્સમાં ગુજરાત મોખરે: રાજ્યમાં ૧૬,000 સ્ટાર્ટ અપ્સ કાર્યરત

અમદાવાદ: ગુજરાત ઉદ્યોગ સાહસિકતાના કેન્દ્ર તરીકે ઊભર્યું છે અને સતત ચોથી વખત સ્ટાર્ટઅપ રેન્કિંગમાં અગ્રેસર બન્યું છે. કેન્દ્ર સરકારના સ્ટાર્ટઅપ ઈન્ડિયા પ્રોગ્રામમાં ગુજરાત દેશમાં બેસ્ટ પર્ફોર્મર સ્ટેટ છે અને રાજ્યમાં અંદાજીત ૧૬,૭૦૦ જેટલા સ્ટાર્ટઅપ કાર્યરત છે, તેવી માહીતી ગુજરાત સરકારે આપી હતી.

આ અંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે યુવાનો પોતાનો બિઝનેસ શરૂ કરે અને અન્યો માટે રોજગારનું માધ્યમ બને એ તાકાત સ્ટાર્ટઅપમાં છે. ગુજરાતે એક ઇકોસિસ્ટમ બનાવી છે, જેમાં વી સ્ટાર્ટ અને સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પૉલિસી (એસએસઆઈપી) જેવા કાર્યક્રમો મહિલા ઉદ્યોગ સાહસિકોને સશક્ત બનાવે છે.

યુવાનોને ઇનોવેશન માટે સક્ષમ આધાર મળી રહે તે માટે ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે પાંચ વર્ષ (૨૦૨૨-૨૦૨૭) માટે સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઇનોવેશન પૉલિસી ૨.૦ જાહેર કરી છે. આ પૉલિસી હેઠળ શાળા સ્તરથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધીના વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાને પાંખો મળે એ માટે તેમને યોગ્ય માર્ગદર્શન, પ્રોત્સાહન અને નાણાકીય સહાય આપવામાં આવે છે.

## અમદાવાદમાં સોસાયટી-મૉલની બહાર વાહન પાર્ક કર્યા તો થશે દંડ, બિલ્ડિંગ સીલ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં દિવસેને દિવસે ટ્રાફિકની સમસ્યા વિકરાળ બની રહી છે. આ દરમિયાન તંત્ર દ્વારા પાર્કિંગના નિયમો કડક બનાવવામાં આવ્યા છે. હવે રોડ કે ફૂટપાથ પર વાહન પાર્ક કરશો તો દંડ ફટકારવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા માર્ગદર્શિક બહાર પાડવામાં આવી છે અને ૧૦ મોડેલ રોડ નક્કી કરાયા છે. આ વિસ્તારોમાં વાહનોને રહેણાંક અને કોમર્શિયલ કોમ્પલેક્સના નિયત વિસ્તારોમાં જ પાર્ક કરવા ફરજિયાત રહેશે. મ્યુનિસિપલ રોડ, બિલ્ડિંગ કોમ્પ્લેક્સની બહાર અથવા ફૂટપાથ પર પાર્કિંગ કરવા બદલ કાર્યવાહી કરવામાં આવશે.

પાલિકાએ રવિવારે ગાઈડલાઈન બહાર પાડી હતી. જે મુજબ પાર્કિંગ વિસ્તારો દર્શાવતા સ્પષ્ટ સાઇનબોર્ડ લગાવવા અને પાર્કિંગ લાઇન માર્ક કરવી ફરજિયાત છે. વસ્ત્રાપુરમાં એક પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો, જ્યાં આવી માર્કિંગ સિસ્ટમના પ્રોત્સાહક પરિણામો મળ્યાં હતાં. આ સફળતાથી પ્રેરાઈને કોર્પોરેશન હવે પાર્કિંગ વ્યવસ્થા સુધારવા માટે અન્ય રસ્તાઓ પર પણ આ મોડેલ લાગુ કરવાની યોજના બનાવી રહ્યું છે.

નવા નિયમો હેઠળ, મ્યુનિસિપલ રોડ, ફૂટપાથ કે જંકશન પર વાહનો પાર્ક ન થાય તે સુનિશ્ચિત કરવાની સંપૂર્ણ જવાબદારી બિલ્ડિંગ માલિકો અને મેનેજમેન્ટની રહેશે. ભાડૂતો અને મુલાકાતીઓને પણ બિલ્ડિંગની સામે પાર્ક કરવા પર પ્રતિબંધ રહેશે. સૂત્રોએ જણાવ્યું હતું કે, માલિકોએ આ નિયમોનું પાલન થાય તે માટે કડક વ્યવસ્થા કરવી પડશે. મિલકતના માલિકોએ તેમના કમ્પાઉન્ડમાં પાર્કિંગની જગ્યાઓ સ્પષ્ટ રીતે ચિહ્નિત કરવી પડશે અને વાહનોની અવરજવરમાં અવરોધરૂપ કેબલ, બેરિકેડ્સ અથવા અન્ય નડતરો દૂર કરવા પડશે. બિલ્ડિંગના આગળના ભાગમાં (ફ્રન્ટ માર્જિન) અથવા રોડ માર્જિન પર સામાનનું લોડિંગ અને અનલોડિંગ કરવા પર પણ પ્રતિબંધ રહેશે. કોમર્શિયલ બિલ્ડિંગ્સ અને શોપિંગ કોમ્પ્લેક્સને પાર્કિંગના નિયમન માટે સિક્યુરિટી ગાર્ડ તૈનાત કરવા અને મોટા કોમ્પ્લેક્સમાં વેલ્વેટ પાર્કિંગની વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવી હતી. પાલિકાએ ચેતવણી આપી છે કે વારંવારના ઉલંઘન બદલ મિલકત સીલ કરવા જેવી કડક કાર્યવાહી થઈ શકે છે. આ ઝુંબેશના ભાગરૂપે, કોર્પોરેશને ઉત્તર અને દક્ષિણ પશ્ચિમ ઝોનમાં ૧૦ રસ્તાઓને 'મોડેલ' રોડ તરીકે વિકસાવવા માટે પસંદ કર્યા હતા.

## સુરતમાં અકસ્માતમાં બે બાળકનાં મોત, ફરી ટ્રાફિક નિયમોના ભંગનો મુદ્દો ગરમાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં બે અકસ્માતની ઘટનામાં બે બાળકના મોત થયા હતા. આ ઘટનાઓએ ફરીથી શહેરમાં ટ્રાફિક નિયમોના ભંગનો મુદ્દો ચર્ચામાં આવ્યા હતા. એક કેસમાં વરાછા વિસ્તારની એક સોસાયટીમાં રમી રહેલા બાળકને એક કારે હડફેટે લેતા તેનું મોત થયું હતુ.

સૂત્રોની જાણકારી પ્રમાણે મૂળ અમરેલીના મોટા લીલીયાના વતની અને હાલ નાના વરાછાની જીવનધારા સોસાયટીમાં રહેતા ચિંતનકુમાર ધોળીયાના છ વર્ષીય પુત્ર નયેશ રવિવારે સાંજે સાત વાગ્યાની આસપાસ ઘર પાસે રમી રહ્યો હતો. આ દરમિયાન પાડોશીની કાર સર્વિસ કરીને પરત મૂકવા આવેલો ગેરેજનો ડ્રાઈવર સોસાયટીમાં પ્રવેશી રહ્યો હતો. વળાંક લેતી વખતે ડ્રાઈવર માસૂમ નયેશને જોઈ શક્યો નહોતો અને કારનું ટાયર બાળક પર ફરી વળ્યું હતું, જેનાથી તેને ગંભીર આંતરિક ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં નયેશને તાત્કાલીક નજીકની ખાનગી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, બાળકની હાલત નાજુક હોવાથી તેને અન્ય મલ્ટી સ્પેશિયાલિટી હૉસ્પિટલમાં રિફર કરાયો હતો. ડૉક્ટરોના પ્રયત્નો છતાં નયેશના શરીરમાં ગંભીર ઈજાઓ હોવાને કારણે મોડી રાત્રે તેણે દમ તોડ્યો હતો.

બીજી એક ઘટના લાલગેટ વિસ્તારમાં બની હતી, જેમાં છ વર્ષનું બાળક રમતું હતું અને તેને પણ કારે ટક્કર મારતા તેનું મોત થયું હતું. બાળકનો પરિવાર મૂળ મધ્ય પ્રદેશનો હોવાનુ જાણવા મળ્યું છે.

## ગીર-સોમનાથ જિલ્લાના ૧૯૭ માછીમારો પાકિસ્તાનની જેલોમાં બંધ: પરિવારજનોના ધરણાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના માછીમારો દરિયામાં માછીમારી પ્રવૃત્તિ કરતા હોય ત્યારે જ તેમને પાકિસ્તાન મરીન્સ પકડી લે છે. આ રીતે રાજ્યના ઘણા માછીમારો પાકિસ્તાનની વિવિધ જેલોમાં કેદ છે. લાંબો વિતી જવા છતાં પણ તેમનો છુટકારો થતો નથી. આ સળગતો મુદ્દો હવે ઉગ્ર બન્યો છે. સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના કુલ ૧૯૭ માછીમારો છેલ્લા છ વર્ષથી પાકિસ્તાનની જેલમાં બંધ હોવાના મુદ્દે માછીમારોના પરિવારજનો ગાંધીનગર સચિવાલય પહોંચ્યા હતા અને ધરણા કર્યા હતા. માછીમારોના પરિવારોએ રાજ્ય સરકાર સમક્ષ પોતાની વેદના રજૂ કરી અને વહેલી તકે આ તમામ માછીમારોને પાકિસ્તાનની જેલમાંથી મુક્ત કરાવવા માટે કેન્દ્ર તથા રાજ્ય સ્તરે અસરકારક પગલાં લેવા રજૂઆત કરી હતી.

આ મુદ્દે માછીમારોના પ્રતિનિધિ મંડળે રાજ્યના શિક્ષણપ્રધાન જીતુ વાઘાણી તેમજ નાયબ મુખ્યમંત્રી અને ગૃહપ્રધાન હર્ષ સંઘવીને મળી રજૂઆત કરી હતી.

પ્રતિનિધિ મંડળે જણાવ્યું હતું કે, દરિયામાં માછીમારી દરમિયાન અજાણતાં આંતરરાષ્ટ્રીય સીમા ઓળંગાઈ જવાથી પાકિસ્તાન દ્વારા આ માછીમારોને ઝડપી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ છેલ્લા છ વર્ષથી તેઓ પાકિસ્તાનની વિવિધ જેલોમાં કેદ છે, જ્યારે તેમના પરિવારજનો આજે પણ તેમની વાપસીની રાહ જોઈ રહ્યા છે.

માછીમારોના પરિવારજનોએ તેમની વ્યથા વર્ણવી હતી કે, પરિવારના મુખ્ય કમાવનારા સભ્યો જેલમાં હોવાના કારણે ઘરના ચૂલા સળગાવવા મુશ્કેલ બન્યા છે. ઘણા પરિવારો આર્થિક સંકટમાં ફસાયા છે, તો ક્યાંક બાળકોનું શિક્ષણ પણ ખોરવાયું છે.

## જૂનાગઢ ભાજપના પૂર્વ કોર્પોરેટર અસલમ કુરેશીની ૩૦૯ કરોડના સાયબર ફ્રોડ કેસમાં સંડોવણી

અમદાવાદ: જૂનાગઢ ભાજપના પૂર્વ કોર્પોરેટર અસલમ કુરેશીની ૩૦૯ કરોડના સાયબર ફ્રોડ કેસમાં સંડોવણી બહાર આવતા સ્થાનિક રાજકારણ ગરમાયું છે. પોતાનું નામ ખુલતા જ અસલમ કુરેશી ભૂગર્ભમાં ઊતરી ગયા છે. સાયબર ક્રાઈમની દુનિયામાં 'મ્યુલ એકાઉન્ટ' (ભાડાના ખાતા) નો ઉપયોગ છેતરપિંડીના નાણાં ફેરવવા માટે થાય છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે લગભગ ૩૦૯ કરોડના વ્યવહારોની સંડોવણી પ્રકાશમાં આવી છે. તપાસ દરમિયાન ૫૨ જેટલા બેંક એકાઉન્ટ મળી આવ્યા છે, જેમાં ટૂંકા સમયમાં રૂ. ૯.૪૩ કરોડની મોટી હેરાફેરી થઈ હતી. ઓનલાઇન ગેમિંગ અને સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા રૂપિયા આ મ્યુલ એકાઉન્ટ્સમાં જમા કરવામાં આવતા હતા. ત્યારબાદ આ રકમ ઉપાડીને હવાલા મારફતે દુબઈ મોકલવામાં આવતી હતી.

જૂનાગઢ પોલીસે આ મામલે અત્યાર સુધીમાં ૯ આરોપીઓની ધરપકડ કરી છે. જોકે, અસલમ કુરેશી સહિત અન્ય ૫ શખ્સો હજુ પણ પોલીસ પકડથી દૂર છે. આ કેસમાં દુબઈમાં બેઠેલા એક શખ્સનું નામ પણ ફરિયાદમાં નોંધવામાં આવ્યું છે, જે ત્યાંથી આ આખું નેટવર્ક ઓપરેટ કરતો હોવાની આશંકા છે. ભાજપના પૂર્વ કોર્પોરેટરનું નામ આટલા મોટા આર્થિક કૌભાંડમાં આવતા ખળભળાટ મચી ગયો છે.

## ગુજરેરાએ વીસ દિવસમાં નિયમ બદલ્યો, બિલ્ડરોએ સાઈટ પર લોનની માહિતી આપવી નહીં પડે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: થોડા સમય પહેલા રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (ગુજરેરા)એ બિલ્ડરોમાં પ્રોજેક્ટ રિલેટેડ માહિતી અને તેમાં પ્રોજેક્ટ લોનની રકમ વગેરેનો ઉલ્લેખ કરવાનું ફરજિયાત બનાવ્યું હતું, પરંતુ હવે પોતાના જ આ નિર્દેશમાં ફેરફાર રેરાએ કર્યો છે. નવા નિર્દેશ અનુસાર હવે બિલ્ડરે કોઈ પ્રોજેક્ટ માટે લીધેલી લોનની રકમની માહિતી જાહેર કરવાનું ફરજિયાત નથી. તેમણે સાઈટ પર બોર્ડમાં જે માહિતી આપવાની છે, તેમાં આ માહિતી આપવી જરૂરી નથી. આને લીધે ઘર ખરીદનાર અને વેચનાર વચ્ચે જે પારદર્શિતા જોઈએ તે નહીં રહે, તેમ નિષ્ણાતો જણાવે છે.

૧લી ડિસેમ્બરે ૧૧૨ નંબરના રેગ્યુલેશન ઓર્ડરમાં બાંધકામ સ્થળોએ સંપૂર્ણ પ્રોજેક્ટ ડેટા ધરાવતા મોટા, વોટરપ્રૂફ બોર્ડ રાખવાનું બિલ્ડરો માટે ફરજિયાત બનાવવામાં આવ્યું હતું. આ બોર્ડ ફક્ત રેરા નોંધણી નંબર અને મંજૂર થયેલા બાંધકામની માહિતી માટે જ નહીં, પરંતુ ખાસ કરીને પ્રોજેક્ટને લગતી તમામ નાણાકીય માહિતી ખરીદનારને મળી શકે તે માટે લાગાવવામા આવશે, તેમ કહેવામાં આવ્યું હતું. તે સમયે રેરાએ કહ્યું હતું કે ખરીદનારને રેરાના પોર્ટલમાં આ માહિતીઓ મેળવવામાં તકલીફ પડે છે. જોકે માત્ર વીસ દિવસ બાદ લોન અંગેની માહિતીનો નિયમ મરજિયાત કરી નાખવામાં આવતા આશ્ચર્ય સર્જાયું છે.

જ્યારે બિલ્ડરોએ હજુ પણ પ્રોજેક્ટ લોન લીધી છે કે નહીં અને લોન કોની પાસેથી લીધી છે, તે સંસ્થાનું નામ તો આપવું ફરજિયાત છે. ધિરાણ આપતી સંસ્થાનું નામ આપવું પડશે. પણ ચોક્કસ લોનની રકમનો આંકડો હટાવવાના નિર્દેશને લીધે સંવેદનશીલ માહિતી જાહેર નહીં થાય તેવું બિલ્ડરોનું માનવાનું છે. જોકે રેરાના આ નિર્ણયને લીધે બિલ્ડરોને ભલે રાહત થઈ હોય પણ જેમને ઘર ખરીદવા છે તેમણે જે તે પ્રોજેક્ટમાં પૈસા નાખતા પહેલા કેટલું જોખમ છે તે જાણવા માટે બિલ્ડર વિશે જાણકારી મેળવવી પડશે.

## રાઘવજી પટેલના ફોટાને એડિટ કરી સાડી પહેરાવી વીડિયો વાયરલ, પૂર્વ પ્રધાને ફરિયાદ નોંધાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર ગ્રામ્યના ધારાસભ્ય અને ગુજરાત રાજ્યના પૂર્વ કૃષિ પ્રધાન રાઘવજી પટેલે સોશ્યલ મીડિયા પર બદનામી કરવા બદલ બે આઈડી ધારકો સામે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ જ આઈડી ધારકો સામે જામનગરના એક બિલ્ડર પિતા-પુત્રએ પણ બદનક્ષીની ફરિયાદ નોંધાવી હતી, જેના કારણે આ મામલે ભારે ચકચાર મચી ગઈ છે. પોલીસે રાઘવજી પટેલની ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે. રાઘવજી પટેલના ફોટાને એડિટ કરી સાડી પહેરાવીને 'આ છે આપણા ગુજરાતનું ગૌરવ, પૂર્વ કૃષિ પ્રધાન રાઘવજી પટેલ ભ્રષ્ટાચારનું ઘર જેવું લખાણ લખીને બે આઈડી ધારકોએ ફેસબૂક અને ઇન્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયામાં અપલોડ કરતા પૂર્વ પ્રધાને બંને આઇડી ધારકો સામે જામનગર સાઇબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી છે.

રાઘવજી પટેલે ફરિયાદમાં જણાવ્યા મુજબ, ફેસબુક આઈડી યુઝર વિશાલ કણસાગરા અને ઇન્સ્ટાગ્રામ આઈડી યુઝર વી. કણસાગરા૭૭ એ તેમના ફોટા તેમની મંજૂરી વગર મેળવી લીધા હતા અને આ ફોટોગ્રાફસને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) દ્વારા એડિટ કરીને વિકૃત કરવામાં આવ્યા હતા અને સોશ્યલ મીડિયામાં અપલોડ કરવામાં આવ્યા હતા.

## મુખ્ય પ્રધાન આજે ગુજરાત પોલીસના ૧૧,૬૦૭ નવનિયુક્ત ઉમેદવારોને નિમણૂકપત્રો એનાયત કરશે

અમદાવાદ: ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાના આશયથી લોકરક્ષક કેડરની ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. આ ભરતી અંતર્ગત પસંદગી પામેલા હજારો યુવા ઉમેદવારો માટે આવતી કાલે તા.૨૩ ડિસેમ્બર ૨૦૨૫, મંગળવારના રોજ ગાંધીનગરના સેક્ટર-૧૧ સ્થિત રામકથા મેદાન ખાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં ભવ્ય પસંદગી પત્ર એનાયત કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું છે. લોકરક્ષક કેડરમાં કુલ ૧૧,૮૯૯ ઉમેદવારોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જે પૈકી ૮,૭૮૨ પુરૂષ અને ૩,૧૧૭ મહિલા ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે. હાલના તબક્કે, જે ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરિફિકેશન પૂર્ણ થયેલા છે તેવા કુલ ૧૧,૬૦૭ ઉમેદવારોને આ કાર્યક્રમમાં નિમણૂક પત્રો એનાયત કરવામાં આવશે. કેસ વર્તમાન ભરતી પ્રક્રિયા પૂર્ણ થવાની સાથે જ રાજ્ય સરકાર દ્વારા પોલીસ દળમાં ખાલી રહેલી અન્ય ૧૩,૫૯૧ જગ્યાઓ માટે પણ નવી જાહેરાત પ્રસિદ્ધ કરી દેવામાં આવી છે. નવી ભરતી પ્રક્રિયા પણ હાલ કાર્યરત છે, જે દર્શાવે છે કે રાજ્ય સરકાર યુવાનોને પારદર્શક રીતે સરકારી સેવામાં જોડાવાની તક પૂરી પાડવા મક્કમ છે.

## આવતીકાલે રાજ્ય સ્વાગત કાર્યક્રમ યોજાશે, મુખ્ય પ્રધાન નાગરિકોની રજૂઆતો સાંભળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દર મહિને યોજવામાં આવતાં રાજ્ય સ્વાગત ઓનલાઇન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત ડિસેમ્બર-૨૦૨૫નો રાજ્ય સ્વાગત બુધવાર તા.૨૪ ડિસેમ્બરે યોજવામાં આવશે. વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરૂવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે. ડિસેમ્બર મહિનાના ચોથા ગુરુવાર તા. ૨૫ ડિસેમ્બરે નાતાલની જાહેર રજાને અનુલક્ષીને ડિસેમ્બર-૨૦૨૫નો રાજ્ય સ્વાગત આ વખતે બુધવાર, તા. ૨૪ ડિસેમ્બરે યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.નાગરિકો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો બુધવાર, તા. ૨૪મી ડિસેમ્બરેના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન મુખ્ય પ્રધાનના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્ય પ્રધાન બુધવારે બપોર બાદ આ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને નાગરિકોની આવેલી રજૂઆતો સાંભળશે.

## વડનગર સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ ₹ ૨૦ હજારની લાંચ લેતા રંગેહાથે ઝડપાયો

અમદાવાદ: ગુજરાતમાં ભ્રષ્ટ સરકારી અધિકારીઓની બોલબાલા છે. સરકારના તમામ વિભાગોમાં ભ્રષ્ટાચાર ફુલ્યોફાલ્યો છે. જો કે એન્ટી કરપ્સન બ્યૂરો લાંચિયા કર્મચારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરી રહ્યું હોવા છતાં કોઈ અસરકારક પરિણામ મળતાં નથી. મહેસાણા જિલ્લામાંથી વધુ એક લાંચિયો અધિકારી ઝડપાતા સમગ્ર વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. વડનગર સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. હર્ષિત પટેલને મહેસાણા એસીબીએ દ્વારા ઝડપી લેવામાં આવ્યો હતો.આ અંગે મળતી વિગતો મુજબ, મહેસાણા જિલ્લાના વડનગર જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલમાં ફરજ બજાવતા સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડો. હર્ષિત પટેલ રૂપિયા ૨૦,૦૦૦ હજારની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયા હતા. ડો. હર્ષિત પટેલે કોન્ટ્રાક્ટની ગાડીનું બિલ મંજૂર કરવા માટે વીસ હજાર રૂપિયાની માગણી કરી હતી. મહેસાણા એસીબી દ્વારા છટકું ગોઠવીને ડો. હર્ષિત પટેલને લાંચ લેતા રંગે હાથે ઝડપી લીધા હતા. આ બાબતે ફરિયાદ મળતા મહેસાણા એસીબી પીઆઇ એસ.ડી. ચાવડા અને તેમની ટીમે વડનગર સિવિલ હોસ્પિટલની કચેરીમાં જ છટકું ગોઠવ્યું હતું.

## અરવલ્લીના પહાડો બચાવવા મુદ્દે ચૈતર વસાવા આજે જનસભા ગજવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અરવલ્લી પહાડોના અમુક ભાગને ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ માટે ખુલ્લો મૂકવાના કેન્દ્ર સરકારના નિર્ણયનો ચોમેરથી વિરોધ થઈ રહ્યો છે. આ વિરોધમાં હવે આમ આદમી પાર્ટીના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા પણ કૂદી પડ્યા છે.

અરવલ્લીના પહાડો બચાવવા મુદ્દે આવતીકાલે આમ આદમી પાર્ટીનાં ધારાસભ્ય ચૈતર વસાવાનો મોટો કાર્યક્રમ યોજવાની જાહેરાત તેમણે કરી હતી. આ મુદ્દે પત્રકારો સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે ૨૩ ડિસેમ્બરે ખેડબ્રહ્માના ખરોજ ખાતે અરવલ્લી બચાવવા મુદ્દે અમારી આગેવાનીમાં એક મોટું જનસંમેલન યોજાશે, જેમાં અરવલ્લી બચાવવા માટે કયા પગલાં લઈ શકાય અને કયા કાર્યક્રમો થઈ શકે, આ રચનાત્મક કાર્યક્રમનાં આયોજન માટે ચિંતન સભાનું આયોજન છે. અરવલ્લી બચાવવા માટે આવતીકાલે ખેડબ્રહ્માના ખરોજ ખાતે હજારો લોકો એકઠા થશે. પર્વત, જંગલ, નદીઓને કઇ રીતે બચાવી શકાય તે દિશામાં શું કરવું એ અમે આવતી કાલે નક્કી કરીશું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અરવલ્લી બચાવવાની વાત કરી છે આ વાતને તમારું કેટલું સમર્થન છે, તેવા સવાલનો જવાબ આપતા વસાવાએ જણાવ્યું હતું કે જે પ્રકારે ગુજરાત, મહારાષ્ટ્ર, હરિયાણા, રાજસ્થાન ઉદ્યોગપતિના કહેવાથી ભાજપ સરકાર જંગલોને ખનન માટે આપી રહી છે ત્યારે નરેન્દ્ર મોદીએ અગાઉ પણ કહ્યું હતું કે એક પેડ માં કે નામ, અને વિકાસનાં નામે લાખો વૃક્ષોનું નિકંદન નીકળી ગયું છે.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 302 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ સુદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 December 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૨૩ ડિસેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u







# પાકિસ્તાનની હવા કાઢી નાખી હતી ભારતેઃ મુનીર



**ઓપરેશન સિંદૂર સંબંધે આવી કબૂલાત કરતા પાકિસ્તાની લશ્કરી વડાએ કહ્યું કે અલ્લાહ મદદે આવ્યા**

ઈસ્લામાબાદ : ભારતે આતંકવાદી માળખાને લક્ષ્ય બનાવતું ઑપરેશન સિંદૂર સાત મેએ શરૂ થયું હતું અને એ દરમિયાન પાકિસ્તાનને અલ્લાહની મદદ મળી હતી, એમ પાકિસ્તાનના ડિફેન્સ ચીફ ફિલ્ડ માર્શલ અસિમ મુનીરે કહ્યું હતું. પહલગામના હુમલામાં આતંકવાદીઓએ ૨૬ નાગરિકોને મારી નાખ્યા એનો બદલો લેવા ભારતે ઑપરેશન સિંદૂર શરૂ કર્યું હતું.

ભારતે ઑપરેશન સિંદૂર વચ્ચે પાકિસ્તાનની રીતસરની હવા કાઢી નાખી હતી અને તેમના રડાર જૅમ થઈ ગયા હતા તેમ જ તમામ લશ્કરી ગણતરીઓ નિષ્ફળ થઈ ગઈ હતી. આ વખતે અમે જોયું કે (જુઓ પાનું ૨) ▶▶




## દાદાનો મોટો દાવ: કોને ખોળે બેસશે? કાકા કે કૉંગ્રેસના?

### અજિત પવારની પુણે સુધરાઈની ચૂંટણી કૉંગ્રેસ કે શરદ પવારની એનસીપી સાથે લડવા વાતચીતઃ કૉંગ્રેસને તો ઑફર આપી પણ દીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની એનસીપી પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણી માટે વિપક્ષ કોંગ્રેસ સાથે જોડાણની શક્યતા ચકાસી રહી છે, એમ સૂત્રોએ સોમવારે જણાવ્યું હતું. એનસીપી શાસક ભાજપની આગેવાની હેઠળની મહાયુતિનો ભાગ છે. જોકે અજિતદાદા પુણેમાં ભાજપના વિરોધમાં મોટો દાવ રમવાની ફિરાકમાં હોય એવું લાગે છે કારણ કે તેઓ કાકા શરદ પવારની એનસીપી સાથે પણ જોડાણ કરવા માટે વાતચીત કરી રહ્યા છે. આને કારણે પુણેથી મુંબઈ સુધી મહારાષ્ટ્રના રાજકારણમાં મોટી હલચલ જોવા મળી રહી છે. (જુઓ પાનું ૨) ▶▶

## ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે મુક્ત વેપાર કરાર

### ૨૦ અબજ ડૉલરના એફડીઆઈનો વાયદો

નવી દિલ્હી : ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે મુક્ત વેપાર સંધી કરવાની વાતચીત પૂરી થઈ છે અને આ કરાર સ્થાનિક વસ્તુઓ અને ખાસ કરીને શ્રમ આધારિત ક્ષેત્રમાં જકાતમુક્ત નિકાસ કરવાની તક આપશે. આમાં ૧૫ વર્ષમાં ૨૦ અબજ અમેરિકન ડૉલરના ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટની ખાતરી આપવામાં આવી છે. કરારથી વસ્તુ અને સેવાનો દ્વિપક્ષીય વેપાર પાંચ વર્ષમાં પાંચ અબજ અમેકિન ડૉલર થઈ જશે એવી આશા છે.

આમાં ન્યૂ ઝીલૅન્ડને ઘેટાના માંસ, કોલસા અને વન અને લાકડાના ૯૫ ટકા આર્ટિકલમાં ટૅરિફમુક્ત નિકાસ કરવાની તક મળશે. કરાર હેઠળ વેલિન્ગટનને કિવિ ફ્રૂટ, વાઈન, અમુક સીફૂડ, ચેરી, અવોકાડો, પર્સિમન, બલ્ક ઈન્ફેન્ટ ફોર્મ્યુલા, મનુકા હની અને મિલ્ક એલબ્યુમિન્સની નિકાસમાં જકાતમાં છૂટ મળશે. સ્થાનિક ખેડૂતો અને એમએસએમઈના હિતને જાળવી રાખવા રાજકીય રીતે સંવેદનશીલ (જુઓ પાનું ૨) ▶▶

### નેશનલ હેરલ્ડ કેસ
## સોનિયા અને રાહુલ પાસે જવાબ માગ્યો હાઈ કોર્ટે

નવી દિલ્હી: દિલ્હી હાઈકોર્ટે સોમવારે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય લોકોને નેશનલ હેરલ્ડ કેસમાં તેમની સામેની ચાર્જશીટ પર નોંધ લેવાનો ઇનકાર કરતા ટ્રાયલ કોર્ટના આદેશને પડકારતી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)ની અરજીનો જવાબ આપવા કહ્યું હતું. જસ્ટિસ રવિન્દર દુડેજાએ મુખ્ય અરજી તેમજ (જુઓ પાનું ૨) ▶▶

## ફેડરલના રેટકટના આશાવાદે વૈશ્વિક સોના-ચાંદી નવી ટોચે

### સ્થાનિકમાં આગ ઝરતી તેજી સાથે સોનામાં ૨૧૯૧નો અને ચાંદીમાં ૭૬૬૦ રૂપિયાનો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી વર્ષ ૨૦૨૬માં હળવી નાણાનીતિ અપનાવશે અને વધુ વખત વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદ વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે એક તબક્કે સોનાના ભાવ ઔંસદીઠ ૪૪૨૦ ડૉલરની અને ચાંદીના ભાવ ઔંસદીઠ ૬૯.૪૪ ડૉલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં આગઝરતી તેજી આવી હતી, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ ૨૧૯૧ રૂપિયાનો અને ચાંદીના ભાવમાં ૭૬૬૬ રૂપિયાનો ઉછાળો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે (જુઓ પાનું ૨) ▶▶

## હાદી પછી બાંગ્લાદેશના ઓર એક વિદ્યાર્થી નેતા પર ગોળીબાર

ઢાકા: બાંગ્લાદેશના ૨૦૨૪ના હિંસક વિદ્યાર્થી આંદોલનના વધુ એક નેતા મોતાલેબ શિકદરની સોમવારે અજાણ્યા બંદૂકધારીઓએ માથામાં ગોળી ધરબી દેતા ખળભળાટ મચી ગયો હતો.

આ હુમલો દક્ષિણ-પશ્ચિમ શહેર ખુલનામાં થયો હતો. આ હુમલો જાણીતા યુવા નેતા શરીફ ઉસ્માન હાદીની હત્યાના થોડા દિવસો પછી થયો છે. એનસીપી (નેશનલ (જુઓ પાનું ૨) ▶▶









LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ધર્મના નામે સામાન્ય પ્રજાની કનડગત બધે થાય છે

**ન્યૂ ઝીલેન્ડના** ઓકલેન્ડમાં સ્થાનિક લોકોએ શીખો રસ્તા પર ફરીને નગર કીર્તન કરે તેનો વિરોધ કર્યો એ ઘટનાએ ચકચાર જગાવી છે. પોતાને સાચા દેશભક્ત ગણાવતા યુવકોએ નગર કીર્તનનો રસ્તો રોકીને હાકા પ્રદર્શન કર્યું અને 'ધીસ ઇઝ ન્યૂ ઝીલેન્ડ, નોટ ઈન્ડિયા' એટલે કે આ ન્યૂ ઝીલેન્ડ છે, ભારત નહીં અને 'ન્યૂ ઝીલેન્ડને ન્યૂ ઝીલેન્ડ જ રહેવા દો, આ અમારી જમીન છે, આ જ અમારું સ્ટેન્ડ છે' એવું લખેલાં બેનરો પણ ફરકાવ્યાં.

ન્યૂ ઝીલેન્ડના સાઉથ ઓકલેન્ડના પરા મનુરિવામાં થયેલા વિરોધ પાછળ ડેસ્ટિની ચર્ચ નામનું સંગઠન છે. 'અપોસ્ટલ બિશપ' બ્રાયન તામાકી તેના પ્રમુખ છે. તામાકીએ પોતાના ફેસબુક પેજ પર દેખાવોના વીડિયો અને પોસ્ટ પણ મૂક્યા છે. તામાકીએ લખ્યું કે, મનુરિવામાં શીખ ધાર્મિક સરઘસને કારણે કલાકોથી ટ્રાફિક બંધ છે. રસ્તા બંધ છે, સ્થાનિક લોકોનું જીવન અસ્તવ્યસ્ત છે અને ધંધા-રોજગાર પ્રભાવિત થયા છે. પરિવારો ફસાયા. અને સૌથી ચોંકાવનારી વાત એ છે કે, જાહેર રસ્તા પર ખુલ્લેઆમ તલવારો અને ખંજર લઈને પુરુષો ફરી રહ્યા છે.

ભારતમાં આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે અને અકાલી દળના પ્રમુખ સુખબિરસિંહ બાદલે આ ઘટનાને ધાર્મિક સ્વાતંત્ર્ય પરનો હુમલો ગણાવી છે. બીજા નેતાઓએ પણ તેમાં સૂર પુરાવ્યો છે. નેતાઓ ન્યૂ ઝીલેન્ડની ઘટનાને ધાર્મિક સ્વાતંત્ર્ય અને કોમી સંવાદિતા સામે ખતરો ગણાવે છે કેમ કે તેમને શીખોની મતબેંકમાં રસ છે. વાસ્તવમાં આ ઘટના પછી દરેક ધર્મના અનુયાયીઓએ સાચો ધર્મ શું છે એ સમજવાની જરૂર છે.

ન્યૂ ઝીલેન્ડ સત્તાવાર રીતે ખ્રિસ્તી રાષ્ટ્ર છે અને ડેસ્ટિની ચર્ચ કટ્ટરવાદી સંગઠન છે. આ કારણે નગર કીર્તનનો વિરોધ કરવા પાછળ ડેસ્ટિની ચર્ચનો પોતાનો એજન્ડા અને ગણતરીઓ હશે પણ દુનિયાભરમાં ધર્મના નામે સામાન્ય લોકોને તકલીફ પડે એવાં કૃત્યો થાય છે તેનો ઈનકાર કરી શકાય તેમ નથી ને ભવિષ્યમાં તેના કારણે વર્ગ વિગ્રહો થઈ શકે છે એ આ ઘટનાનો બોધપાઠ છે.

ભારતમાં તો ધાર્મિક કાર્યક્રમોના કારણે સામાન્ય લોકોને પરેશાન કરવાની ફેશન જ થઈ ગઈ છે. ધર્મના મામલે બોલો તો લોકોની લાગણી દૂભાઈ જાય છે ને ધર્મને બાજુ પર મૂકીને ધર્મના અનુયાયીઓ અધર્મ એટલે કે હિંસા પર ઉતરી આવે છે. પોતાને ધર્મ પાળવાનો અધિકાર છે તો સામાન્ય લોકોને શાંતિથી રહેવાનો અધિકાર છે એ વાત તેમની જડ બુદ્ધિમાં ઉતરતી જ નથી તેથી જંગાલિયત પર ઉતરી જાય છે. તેના કારણે લોકો પરેશાની વેઠીને પણ ચૂપ રહે છે.

ભારતમાં ધર્મના નામે લોકોની કેવી કનડગત થાય છે એ આપણે જોઈએ જ છીએ. સવાર-બપોર-સાંજ મસ્જિદોમાંથી પોકારાતી અજાનના કારણે લોકો ત્રસ્ત થઈ જાય છે. નાનાં બાળકો સૂઈ ના શકે, વિદ્યાર્થીઓ વાંચી ના શકે કે બીમાર લોકો આરામ ના કરી શકે એ રીતનું અવાજનું પ્રદૂષણ મસ્જિદોમાંથી ફેલાવાય છે પણ તેને રોકવા કશું થતું નથી.

મુસ્લિમો જ આ ન્યુ સન્સ ફેલાવે છે એવું નથી, બીજાં ધર્મનાં લોકો પણ પાછળ નથી. આપણે ત્યાં અત્યારે ભગવાન રામની ભક્તિનો જુવાળ આવી ગયો છે તેથી સવારના પહોરમાં ૫-૬ વાગે ભક્તોની ટોળીઓ 'શ્રી રામ જય રામ જય જય રામ'ની ધૂન બોલાવતી નિકળી પડે છે. બીજા ભગવાનોને પણ વહેલી સવારે ધૂન બોલાવીને રીઝવવાના પ્રયત્નો થાય છે.

આ ભક્તજનોને ભગવાન બહેરા છે એવું લાગતું હશે એટલે શક્ય એટલા મોટા અવાજે ધૂન બોલાવે છે તેના કારણે નાનાં બાળકો કાચી ઊંઘમાંથી જાગી જાય છે ને રોકકળ કરી મૂકે છે. વિદ્યાર્થીઓ ભણવામાં ધ્યાન ના આપી શકે કે વૃદ્ધ-બીમાર આરામ ના કરી શકે એ તકલીફ પણ વેઠવી પડે જ છે.

મોટાં મોટાં સ્પીકરો લગાવીને કરાતી કથાઓ કે મોડી રાત લગી ચાલતાં ભજન-કીર્તન પણ લોકોની ઊંઘ બગાડવાનું કામ કરે જ છે. જૈનોની શોભાયાત્રાઓના કારણે ટ્રાફિક જામ થઈ જાય ને લોકો કલાકોના કલાકો અટવાઈ જાય એવું બને જ છે. બીજા ધર્મનાં લોકોની શોભાયાત્રાઓ વગેરેના કારણે પણ આ સમસ્યા સર્જાય જ છે. ગણેશોત્સવ વખતે રસ્તા પર મંડપો બાંધીને મૂર્તિની સ્થાપના કરી દેવાય ને મોડે સુધી મોટા અવાજે ગીતો વાગે તેના કારણે લોકો ત્રસ્ત થાય જ છે.

આ તો થોડાંક ઉદાહરણ આપ્યાં પણ ધર્મના નામે આ રીતે જાહેરમાં ન્યુસન્સ ઊભું કરવાનું ચલણ ભારતમાં તો બહુ પ્રચલિત છે. પોલીસનું કામ આ બધું રોકવાનું છે પણ પોલીસ પણ સમજદાર છે તેથી ધર્મના મામલામાં ટાંગ નથી અડાડતી. પોલીસ બધું રોકવા જાય તો તેમની પણ ધોલાઈ થઈ જાય તેથી પોલીસ પણ ચૂપચાપ તમાશો જુએ છે. જાહેર રસ્તાઓ પર નિકળતી શોભાયાત્રાઓ વગેરે તો પોલીસ મંજૂરી વિના જ નિકળતી હોય છે છતાં પોલીસ આંખ આડા કાન કરે છે કેમ કે પેટ ચોળીને શૂળ શું કરવા ઊભું કરવું ? પોલીસો પણ અંતે તો માણસો જ છે તેથી આંખ આડા કાન કરીને બધું ચાલવા દે છે.

ન્યૂ ઝીલેન્ડમાં પણ અત્યાર લગી આ બધું ચાલતું જ હતું પણ ડેસ્ટિની ચર્ચનું ધ્યાન ગયું ને તેણે પોતાના એજન્ડા માટે આ મુદ્દાને પકડી લીધો. ડેસ્ટિની ચર્ચે સામાન્ય લોકોની તકલીફોને પોતે સમજે છે એવું બતાવવા માટે કીર્તન રોકીને દેખાવો કરી દીધા. તેના કારણે શીખોની લાગણી દુભાઈ પણ બીજા લોકો ખુશ છે. સોશ્યલ મીડિયા પરની પોસ્ટ્સ જોઈને તો કમ સે કમ એવું લાગે જ છે.

ભારતમાં પણ ક્યારેક ક્યારેક ધાર્મિક કાર્યક્રમોના કારણે પડતી તકલીફો સામે અવાજ ઊઠે છે પણ એ અવાજ કાં એક ધર્મનાં લોકોને નિશાન બનાવીને ઉઠાવાય છે કાં એવા રસ્તા અપનાવાય છે કે લોકોની તકલીફો વધે. અત્યારે મસ્જિદોની અજાન સામે અવાજ ઊઠે છે પણ એવા જ અવાજ હિંદુ કે બીજાં ધર્મના લોકોના કાર્યક્રનો સામે ઉઠતા નથી. ભૂતકાળમાં મુસ્લિમો રસ્તા પર નમાઝ પઢવા બેસી જતા તેના કારણે ટ્રાફિક જામ સહિતની સમસ્યાઓ સર્જાતી તેની સામે આક્રોશ પેદા થયો ત્યારે તેના જવાબમાં હિંદુઓએ રસ્તા પર સાંજે મહાઆરતીઓ શરૂ કરી દીધેલી. આ મહાઆરતીઓના કારણે પણ ટ્રાફિક જામ થવા માંડેલો ને લોકો રાડ પાડી ગયેલાં.

આ બધું જોતાં એવું લાગે કે, જેમ ચાલે છે એમ ચાલવા દેવામાં જ મજા છે. વિરોધ કરીને નવી મુસીબત વહોરવા કરતાં એડજસ્ટ થઈ જવું ને આ દેશનાં લોકો વરસોથી એ જ કરે છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ,
મંગળવાર, તા. ૨૩-૧૨-૨૦૨૫, વિનાયક ચતુર્થી,

- ભારતીય દિનાંક ૨, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ સુદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ સુદ-૩
- પારસી શહેનશાહી રોજ ૧૧ મો ખોરશેદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨જો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૪થો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર શ્રવણ મધ્યરાત્રિ પછી ક. ૩૧-૦૭ સુધી (તા. ૨૪),પછી ધનિષ્ઠા
- ચંદ્ર મકરમાં • ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૯, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૫, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૯, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૩-૫૧, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૨૬ (તા. ૨૪)
- ઓટઃ સવારે ક. ૦૮-૦૧, રાત્રે ક. ૧૯-૨૯
- વ્રત પર્વાદિ : વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, પૌષ શુક્લ - તૃતીયા. કરિદીન, વિનાયક ચતુર્થી, અંગારક યોગ, ભદ્રા પ્રારંભ ક. ૨૪-૪૬. શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, ચંદ્ર-મંગળ ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, આંકડાનું પૂજન, આંકડાના ઔષધીય પ્રયોગો, હનુમાનજીને આંકડાના પાનની માળા ચઢાવવી, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી ગણેશ પૂજા, ગણપતિ મંદિરમાં પાટ અભિષેક, પૂજા, ધજા, કળશ, પતાકા ચઢાવવી, સર્વશાંતિ પૂજા, ચંદ્રબળ જોઈ સીમંત સંસ્કાર, માલ લેવો.
- આચમનઃ ચંદ્ર-શનિ અર્ધચતુષ્કોણ કામમાં પ્રવૃત્ત રહે. ચંદ્ર-શુક્ર અર્ધચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ અર્ધચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર અર્ધચતુષ્કોણ ગ્રહગોચર : સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ- વૃશ્ચિક વક્રી ગુરુ-મિથુન, શુક્ર-ધનુ (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## પાકના લશ્કરી વડાને સાઉદી અરેબિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનના સંરક્ષણ દળના વડા ફીલ્ડ માર્શલ સૈયદ અસીમ મુનીરને સાઉદી અરેબિયાના સર્વોચ્ચ નાગરિક સન્માન કિંગ અબ્દુલ અઝીઝ મેડલ ઓફ એક્સેલન્સથી સન્માનિત કરવામાં આવ્યા છે. તાજેતરમાં મુનીર સાઉદ અરેબિયાની સત્તાવાર મુલાકાતે છે.

પાકિસ્તાની સેનાએ સોમવારે જણાવ્યું કે બે પવિત્ર મસ્જિદોના રક્ષક કિંગ સલમાન બિન અબ્દુલઅઝીઝ અલ સઉદ દ્વારા જારી કરાયેલા શાહી હુકમનામા હેઠળ સાઉદી અરેબિયાના સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન- કિંગ અબ્દુલઅઝીઝ મેડલ ઓફ એક્સેલન્ટ ક્લાસ ફીલ્ડ માર્શલને પણ એનાયત કરવામાં આવ્યો હતો.

## બાંગ્લાદેશમાં હિંદુની ટોળા દ્વારા હત્યાનું કારણ ફેક્ટરીમાંનો વિવાદ

### પયગમ્બરની નિંદા કરી હોવાનું કહી દીપુ ચંદ્ર દાસને રહેંસી નખાયો હતો

ઢાકાઃ ગયા અઠવાડિયે બાંગ્લાદેશમાં ટોળાએ રહેંસી નાખ્યા બાદ બાદ જેના શરીરને આગ લગાવવામાં આવી હતી, તે કામદાર દીપુ ચંદ્ર દાસના મૃત્યુના ચોંકાવનારાં તારણો, આ ઘટનામાં એક ભયાનક વળાંક આવ્યો છે, જેમાં ૨૭ વર્ષીય પીડિતા દ્વારા ''પયગમ્બરની નિંદા'' કરવાના કારણે ઘટના બની હોવાનું પ્રથમ અહેવાલ આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થી નેતા શરીફ ઉસ્માન હાદી, જે શેખ હસીના સરકારના પતન માટે ફરજ પાડનારા સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનોમાં એક અગ્રણી ચહેરો હતો, એના મૃત્યુ બાદ અશાંતિના નવા માહોલ વચ્ચે ગુરુવારે મૈમનસિંહ શહેરમાં દાસની ટોળા દ્વારા હત્યા કરવામાં આવી હતી,.

એક વ્યક્તિને - માનવામાં આવે છે કે દાસને ઈશનિંદાનો આરોપ લગાવનારા ટોળા દ્વારા માર મારવામાં આવી રહ્યો છે અને તેના શરીરને ઝાડ સાથે બાંધીને આગ લગાવવામાં આવી છે તે દર્શાવતા કથિત રીતે અરેરાટી ઉપજાવનારા વીડિયો સોશ્યલ મીડિયા પર છવાઈ ગયા છે. ૧૮ ડિસેમ્બરની રાત્રે ઢાકા-મૈમનસિંઘ હાઇવે પર, જમિરડિયા દુબાલિયાપારા વિસ્તારમાં બનેલી આ ઘટના શરૂઆતમાં દાસ દ્વારા ધર્મના કથિત અપમાનને કારણે થઈ હોવાનું જણાવાયું હતું.

ઢાકા ટ્રિબ્યુનના અહેવાલ મુજબ, પોલીસ તપાસ અને પરિવારના સભ્યો તેમજ સ્થાનિક પ્રતિનિધિઓના અહેવાલો એક ચોંકાવનારા વળાંક તરફ ઈશારો કરે છે - કાર્યસ્થળનો વિવાદ સંભવિત કારણ હોઈ શકે છે.

## 'અમેરિકા ફર્સ્ટ'ને નામે ટ્રમ્પે 30 રાજદૂતને પાછા બોલાવ્યા

### વિવિધ દેશોમાં આ તમામ રાજદૂતને બાઈડન વહીવટી તંત્ર દ્વારા નિમણૂક થઇ હતી

વૉશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે વિશ્વના વિવિધ દેશોમાં નિમાયેલા૩૦ જેટલા અનુભવી રાજદૂતોને તાત્કાલિક અસરથી પરત બોલાવવાનો નિર્ણય લીધો છે. આ પગલા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ટ્રમ્પની 'અમેરિકા ફર્સ્ટ' ની પ્રાથમિકતાઓને વૈશ્વિક સ્તરે મજબૂતીથી લાગુ કરવાનો છે. આ મોટા ફેરબદલથી વોશિંગ્ટનના રાજદ્વારી વર્તુળોમાં ભારે ખળભળાટ મચ્યો છે. વિદેશ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, ગત સપ્તાહે ૨૯ થી વધુ દેશોમાં તહેનાત રાજદૂતોને લેખિત નોટિસ પાઠવી દેવામાં આવી છે. આ તમામ રાજદૂતોની સેવાઓ જાન્યુઆરી ૨૦૨૬માં સમાપ્ત થશે. નોંધનીય છે કે આ એવા અધિકારીઓ છે જેમના પર બાઈડેન શાસન દરમિયાન મહોર મારવામાં આવી હતી. જોકે, આ ફેરબદલથી તેમની સરકારી નોકરી પર કોઈ જોખમ નથી, પરંતુ તેઓએ વર્તમાન દેશોમાંથી પરત ફરીને વોશિંગ્ટન ખાતે અન્ય જવાબદારીઓ સ્વીકારવી પડશે.

ટ્રમ્પના આ નિર્ણયની સૌથી મોટી અસર આફ્રિકન ખંડ પર જોવા મળી છે. આફ્રિકાના ૧૩ દેશો જેવા કે નાઈજીરિયા, રવાંડા, સેનેગલ અને સોમાલિયામાંથી અમેરિકી રાજદૂતોને પરત બોલાવાયા છે.

## નવી પ્રોસેસને લીધે અનેક એચ-વનબી અને એચ-૪ વિઝાધારકો રઝળી પડ્યા

વૉશિંગ્ટન : અમેરિકાના વિદેશ મંત્રાલયે વિઝા અરજદારોની તપાસમાં અરજદારોના ઓનલાઈન પ્રોફાઈલ તપાસવાનું શરૂ કર્યું છે. એવી માહિતી અમેરિકાએ આપી હતી. અમેરિકાએ વિશ્વવ્યાપી એલર્ટમાં કહ્યું હતું કે એચવન-બી અને એચ-૪ વિઝા માગનારા બધા દેશના નાગરિકોના સોશ્યલ મીડિયા પ્રોફાઈલ તપાસવામાં આવી રહ્યા છે. આનો હેતુ એચ-વનબી પ્રોગ્રામનો કોઈ ગેરલાભ ન ઉઠાવે અને કંપનીઓને ઉત્તમ હંગામી વિદેશી કર્મચારી મળે એ છે. અમેરિકાની એલચી કચેરી અને રાજદૂતાલયો બિનવસાહતી વિઝા એચ-વનબી અને એચ-ફોર માટેની અરજીઓ સ્વીકારે છે અને એનું પ્રોસેસિંગ કરે છે. અમે અજદારને બને એટલી વહેલી અરજી કરવાનું અને અરજી તપાસવામાં વધુ સમય લાગવાની અપેક્ષા રાખવાનું કહી રહ્યા છીએ.

ટ્રમ્પ વહીવટીતંત્રે બિનવસાહતી વિઝાધારકો અને ખાસ કરીને એચ-વનબી કર્મચારીઓની સઘન તપાસ કરવાનું જહેર કર્યું છે.

## પ્રજામત

### કુટુંબ...મંદિર

મારું કુટુંબ...હું કુટુંબનો...
ઈશ્વરને ક્યાં મેં જોયા છે?
આંખો ખૂલતા માતાના મુખદર્શનમાં...
ઈશ્વર દર્શન થઈ જાય છે...
જેમ નિર્મળ, શાંત, અગમ્ય ઊર્જાઓથી ભરપૂર...
કામો બધા જ કરતી માતા શું ઈશ્વરથી કંઈ કમ છે?
જાણે પગમાં ગરેડી મૂકી હોય... તેમ દોડાદોડી
ઈચ્છાઓ પૂરી કરવાની કુટુંબીઓની તે પિતા તો...
ઈશ્વર જ છે ને જે વધું જ આપવામાં માને છે...
મારું કુટુંબ...હું કુટુંબનો...બધાજ આ ચાર દીવારોમાં રહેતાં...
તે કુટુંબ...કુટુંબ...દુઃખ શું છે તે ખબર જ નથી.
સુખ જે છે તે બધાનું તો છે જ ને!
ક્યાં કોઈ મંદિર કરતાં ઓછું છે મારું ઘર...
માતા-પિતાની સજીવ, હલનચલન જાણે
ઈશ્વર ચાલે છે.
સંસ્કારોના પડઘા પડતાં...દીવારોમાંથી સુમધુર સંગીત નીકળતા
કેવું અલૌકિક છે. મારું કુટુંબ...
હું કુટુંબનો... બધાનું કુટુંબ...
મારું કુટુંબ મંદિર જ ને.

**હર્ષદ દડિયા-ઘાટકોપર**

### સ્ટેશનની બહાર પિક-અપ પોઈન્ટ હોવા જોઈએ

ઉબેર, ઓલા, રેપિડો, મેરુ વગેરેનું ચલન ઘણું વધ્યું છે. એરપોર્ટ પર તો ખાસ સુવિધા રાખવામાં આવી છે. જ્યાંથી ઉબેર, ઓલા પિક-અપ કરે છે. આવી સુવિધા દરેક સ્ટેશનની બહાર પણ રાખવામાં આવે. મોટા સ્ટેશન જેમ કે કલ્યાણ, થાણા, મુંબઈ સેન્ટ્રલ બહાર એટલી ભીડ હોય છે કે ક્યાં જવું એની સમજ પડતી નથી. એવામાં પિક-અપ પોઈન્ટ સમય બચાવશે અને આરામદાયક રહેશે.

**ફખરુદીન ખાનભાઈ ચિતલવાલા**

### કબૂતર જા... જા... જા... કબૂતર જા...

છ મહિના પહેલા અમે ચકલી અને પોપટના ચણ માટે પ્લાસ્ટિકના ભૂંગળા લાવીને લટકાવ્યાં. બંનેમાં બાજરી અને સૂર્યમુખીના બીયા રોજ ભરતાં. શરૂઆતમાં સમયસર ચકલી-પોપટ આવીને સફાચટ કરી જતા. ત્રણેક મહિનાથી કબૂતરે અડ્ડો જમાવી દીધો, બીજા કોઈને આવવા પણ ન દે. તકલીફ ત્યારે શરૂ થઈ જ્યારે અમારા રૂમમાં ઝીણા સફેદ પાંખવાળા જીવડા આવી ગયા અને કરડવા લાગ્યા. એથી અમે ચણ નાખવાનું બંધ કર્યું. રોગીષ્ઠ કબૂતરની પાંખમાંથી જીવાત આવે છે જેને 'ટીક્સ' કહેવાય છે.

કબૂતરખાના બંધ કરવા પાછળ કંઈક તો ઉદ્દેશ્ય હશે.

**ગૌતમ દેસાઈ**

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઇલ આઈડી પર પણ મોકલી શકો છો.

E-mail: prajamat@bombaysamachar.com

ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં.

- તંત્રી

## પહેલા પાનાનું ચાલુ

### પાકિસ્તાનની

અદૃશ્ય શક્તિએ અમને મદદ કરી, અમને અલ્લાહની મદદ મળી, એમ મુનીરે કહ્યું હતું.

મુનીરના નિવેદનને તેમની બૌદ્ધિક હાર તરીકે જોવાય છે અને આનું સોશ્યલ મીડિયા પર જબરજસ્ત ટ્રૉલિંગ થઈ રહ્યું છે.

ભારત સાથેના મે મહિનાના ચાર દિવસના સંઘર્ષ અંગે બોલતા કહ્યું હતું કે ભારત સાથેની લડાઈમાં લશ્કરી દળોને અલ્લાહની મદદ મળી હતી. અમને આવી અનુભૂતિ થઈ હતી. દસ મેએ બે દેશ વચ્ચે યુદ્ધવિરામ કર્યો હતો.

### ભારત અને

ડેરી સેક્ટર જેવા કે દૂધ, ક્રીમ, છાશ, યોહુર્ટ અને ચીઝમાં ભારત જકાતમાં કોઈ છૂટ નહીં આપે. કરારમાં શાકભાજી જેવા કે કાંદા, વટાણા, ચણા, મકાઈ અને બદામ, ખાંડ, બનાવટી મધ, પ્રાણી, શાકભાજી કે માઈક્રોબાયલ ફેટ્સ અને તેલ, હથિયારો અને દારુગોળો, જેમ્સ ઍન્ડ જ્વેલેરી, તાંબુ અને તેના ઉત્પાદન, એલ્યુમિનિયમ અને તેની વસ્તુઓને કરાર હેઠળ આવરી નહીં લેવામાં આવે.

સર્વિસ સેક્ટરમાં ન્યૂ ઝીલૅન્ડ સ્કિલ્ડ ઓક્યુપેશનમાં ભારતના પ્રોફેશનલને ટેમ્પરરી એમ્પ્લોયમેન્ટ એન્ટ્રિ વિઝા દેશે અને આ વિઝાનો ક્વૉટા ૫,૦૦૦નો હશે. આમાં આયુષ પ્રેક્ટિસનર, યોગા શિક્ષકો, ભારતના શેફ અને સંગીતના ટીચરનો સમાવેશ થાય છે. વિઝા ઉચ્ચ માગવાળા આઈટી, એન્જિનિયરિંગ, હેલ્થકેર, એજ્યુકેશન અને બાંધકામ, શ્રમીકબળની મોબિલિટી અને સર્વિસ ટ્રેડમાં પણ દેવામાં આવશે. કરાર પર સાત-આઠ મહિનામાં સહીસિક્કા થતાં તે અમલમાં આવશે. (એજન્સી)

### હાદી પછી

સિટિઝન પાર્ટી)ના સંયુક્ત મુખ્ય સંયોજક મહમુદા મિતુએ જણાવ્યું કે એનસીપીના ખુલના ડિવિઝનના વડા અને પાર્ટીના વર્કર્સ ફ્રન્ટના કેન્દ્રીય સંયોજક, મોતાલેબ શિકદરની કેટલીક મિનિટો પહેલા ગોળી મારવામાં આવી હતી.

ડો. મિતુએ જણાવ્યું કે શિકદરને ગંભીર હાલતમાં ખુલના મેડિકલ કોલેજ હોસ્પિટલ લઇ જવામાં આવ્યા હતા. સ્થાનિક અખબારે હોસ્પિટલના સૂત્રોને ટાંકીને જણાવ્યું કે શિકદરને માથાની ડાબી બાજુ ગોળી વાગી હતી. જ્યારે તેને હોસ્પિટલ લાવવામાં આવ્યો ત્યારે ખૂબ વધારે લોહી નીકળી રહ્યું હતું. જ્યાં ડોક્ટરોએ તાત્કાલિક સારવાર શરૂ કરી હતી. આ હુમલો ગત વર્ષે વિદ્યાર્થી-નેતૃત્વ હેઠળના વિરોધ પ્રદર્શનોના મુખ્ય નેતા હાદીની હત્યાના થોડા દિવસો પછી થયો છે.

### સોનિયા અને

૧૬ ડિસેમ્બરના ટ્રાયલ કોર્ટના આદેશ પર સ્ટે માગતી ઇડીની અરજી પર ગાંધી પરિવાર અને અન્ય લોકોને નોટિસ જારી કરી, જેમાં ૧૬ ડિસેમ્બરના ટ્રાયલ કોર્ટના આદેશ પર સ્ટે માગવામાં આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે કેસમાં એજન્સીની ફરિયાદ પર નોંધ લેવી કાયદામાં અસ્વીકાર્ય છે કારણ કે તે એફઆઈઆર પર આધારિત નથી. હાઈકોર્ટ આ મામલાની વધુ સુનાવણી ૧૨ માર્ચ, ૨૦૨૬ના રોજ કરશે. ટ્રાયલ કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) ની સૂચિમાં ઉલ્લેખિત ગુના માટે એફઆઈઆર ન હોય તો મની લોન્ડરિંગના ગુના સંબંધિત તપાસ અને તેના પરિણામે ફરિયાદ (ચાર્જશીટ સમક્ષ) રાખવા યોગ્ય નથી. તેમાં કહેવામાં આવ્યું છે કે એજન્સીની તપાસ એફઆઈઆર નહીં પણ ખાનગી ફરિયાદમાંથી ઉદ્ભવી છે.

### ફેડરલના

વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ ૭૬૬૦ રૂપિયાની તેજી સાથે ૨,૦૭,૭૨૭ રૂપિયાના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી માત્ર ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ લેવાલી જોવા મળી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકો તથા સ્ટોકિસ્ટો નવી લેવાલીથી દૂર રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ તેજીનું વલણ જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ ૨૧૮૩ રૂપિયા વધીને ૧,૩૩,૪૩૪ રૂપિયાની સપાટીએ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૨૧૯૧ રૂપિયાની તેજી સાથે ૧,૩૩,૯૭૦ રૂપિયાના મથાળે પહોંચ્યા હતા. જોકે આગઝરતી તેજીને કારણે સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકોની લેવાલી તેમ જ રિટેલ સ્તરની લેવાલી પણ શુષ્ક રહી હતી. તાજેતરમાં સોના-ચાંદીમાં ફૂંકાયેલા તેજીના પવનમાં પ્રવર્તમાન લગ્નસરાની માગમાં પણ વસવસો જોવા મળી રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૪૪૨૦.૦૧ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા બાદ આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે આગલા બંધ સામે ૧.૭ ટકા વધીને ઔંસદીઠ ૪૪૧૦.૫૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે વાયદામાં ભાવ ૧.૩ ટકા વધીને ૪૪૪૩.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ વર્ષમાં અત્યાર સુધીમાં હાજરમાં સોનાના ભાવમાં ૬૮ ટકાનો ઉછાળો આવી ગયો છે. વધુમાં આજે ચાંદીના ભાવ પણ એક તબક્કે વધીને ઔંસદીઠ ૬૯.૪૪ ડૉલર સુધી પહોંચ્યા બાદ આગલા બંધ સામે ૨.૦૯ ટકા વધીને ઔંસદીઠ ૬૯.૦૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આ વર્ષમાં અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં ૧૩૯ ટકાની તેજી આવી છે.

અમેરિકામાં ફુગાવો લાંબા સમયગાળા સુધી ઊંચી સપાટીએ રહે તેવી શક્યતા અને શ્રમ બજારમાં સ્થિરતા લાવવા માટે અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધુ કાપ મૂકીને હળવી નાણાનીતિ અપનાવે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા આજે સોના, ચાંદી અને કોપર જેવી ધાતુઓમાં તેજીનું વલણ જોવા મળ્યું છે અને હળવી નાણાનીતિના સંજોગોમાં વ્યાજની ઊપજ ન આપતી સોના અને ચાંદી જેવી ધાતુઓમાં રોકાણકારોનું આકર્ષણ વધુ રહેતું હોવાનું યુબીએસના વિશ્લેષક ગિઓવન્ની સ્ટુનોવો એ જણાવવાની સાથે તેમણે આગામી વર્ષ માટે સોનાના ભાવનો લક્ષ્યાંક ઔંસદીઠ ૪૫૦૦ ડૉલરનો મૂક્યો હતો.

### દાદાનો મોટો દાવ

તેમણે જણાવ્યું હતું કે પવારે રવિવારે રાત્રે આ સંદર્ભમાં કોંગ્રેસના નેતા સતેજ પાટીલને ફોન કર્યો હતો.

સૂત્રોએ જણાવ્યું હતું કે ટેલિફોનિક વાતચીત દરમિયાન અજિત પવારે ગઠબંધન અંગે ચર્ચા કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેના પર પાટીલે એવો જવાબ આપ્યો હતો કે તેમને આ મુદ્દા પર તેમની પાર્ટી સાથે ચર્ચા કરવાની જરૂર પડશે, જે બેઠકોનો સન્માનજનક હિસ્સો ઇચ્છે છે.

જોકે, આ સૂત્રોએ જણાવ્યું હતું કે એનસીપી અને કોંગ્રેસ વચ્ચે જોડાણની શક્યતા અસંભવિત લાગે છે કારણ કે ૧૬૫ સભ્યોની પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોંગ્રેસ ઓછી બેઠકો માટે ઉત્સુક નથી.

'પુણે લોકસભા બેઠક કોંગ્રેસની છે (એમવીએના સીટ શેરિંગ ફોર્મ્યુલા મુજબ) અને પાર્ટીને તેના પાયાના સ્તરને મજબૂત કરવા માટે સારી સંખ્યામાં મત મેળવવાની જરૂર છે,' એમ સૂત્રોએ સતેજ પાટીલને ટાંકતા જણાવ્યું હતું.

ભાજપ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી પુણે પાલિકાની ચૂંટણી અલગથી લડશે એવું પહેલેથી જ નક્કી થઈ ગયું છે.

હવે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષના બન્ને જૂથો સાથે ચૂંટણી લડશે એવી અટકળો જોર પકડી રહી છે. પુણે અને પીંપરી-ચીંચવડમાં અજિત પવારના જૂથની જોરદાર પકડ છે. આ અંગે અજિત પવારના મહામંત્રી દત્તાત્રય ધનકવડેએ મોટો દાવો કર્યો છે અને તરત જ તેની જાહેરાત કરવામાં આવશે. સુપ્રીયા તાઈ અને અજિત દાદાએ આ બાબતે ચર્ચા કરી હતી. તુતારીના ઉમેદવાર ઘડિયાળની નિશાની પર લડશે. બે રાષ્ટ્રવાદી બે દિવસમાં સાથે આવશે, એવી ચર્ચા થઈ રહી છે. બન્ને રાષ્ટ્રવાદી પુણેમાં પણ સાથે આવે એવી સંભાવના છે.

# નિવૃત્ત મહિલા બૅન્કર સાથે ૧.૩૫ કરોડ રૂપિયાનું સાયબર ફ્રોડઃ ૧૨ વિરુદ્ધ ગુનો

મુંબઈઃ શૅર્સમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે સાયબર ઠગ ટોળકીએ નિવૃત્ત મહિલા બૅન્કર પાસેથી ૧.૩૫ કરોડ રૂપિયા પડાવ્યા હતા. આ પ્રકરણે સાયબર પોલીસે ૧૨ જણ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ૬૩ વર્ષની મહિલા સાથે ૧૦ નવેમ્બરથી ૧૯ ડિસેમ્બર દરમિયાન છેતરપિંડી થઈ હતી. મહિલાએ યુટ્યૂબ પર 'જૈનમ બ્રોકિંગ લિમિટેડ' નામની કંપનીની જાહેરખબર જોઈ હતી. બાદમાં મહિલાના મોબાઈલ નંબરને '૧૨૧ કમ્યુનિટી હબ જૈનમ' નામના વ્હૉટ્સઍપ ગ્રૂપમાં એડ કરવામાં આવ્યો હતો.

ગ્રૂપમાં અમુક એડ્મિને નોંધ્યું હતું કે ગ્લોબલ ફાઈનાન્સિયલ એલાઈટ શોડાઉન (જીએફઈએસ)માં જૈનમ કંપની ભારતનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે ભવિષ્યમાં ઊંચું વળતર અને નફો મળવાની ખાતરી રોકાણકારોને આપી હતી. એ સિવાય કંપની માટે વધુમાં વધુ મત લાવી આપનારને કંપની દર સપ્તાહે પાંચ હજારથી દસ હજાર રૂપિયા આપશે, એવી લાલચ પણ આપવામાં આવી હતી.

ફરિયાદીના મોબાઈલ ફોન પર એક લિંક મોકલવામાં આવી હતી, જેના પર ક્લિક કરતાં મહિલાને બીજા ગ્રૂપમાં એડ કરવામાં આવી હતી. રોકાણના હેતુથી ફરિયાદીને બૅન્ક ખાતાની વિગતો આપવામાં આવી હતી. એ બૅન્ક ખાતામાં ફરિયાદીએ ૧૯ નવેમ્બરે ૮૦ હજાર રૂપિયા જમા કરાવ્યા હતા અને બીજે જ દિવસે તેના ખાતામાં ૮૮ હજાર રૂપિયા જમા હોવાનું દર્શાવાયું હતું, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

તાત્કાલિક મળતા નફાથી આકર્ષાઈને ફરિયાદીએ ૧.૩૫ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું, જેની સામે તેના ખાતામાં ૩.૫ કરોડ રૂપિયા જમા હોવાનું દર્શાવાયું હતું. આમાંથી અમુક રકમ કઢાવવાનું ફરિયાદીએ નક્કી કર્યું હતું. જોકે ઠગે કહ્યું હતું કે ૧.૫ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે તો ૧૦૦ ટકા નફો મળશે. અધિકારીએ જણાવ્યું હતું કે બાદમાં કપનીના અધિકારીએ ફરિયાદીના એકાઉન્ટ પર ૧.૫ કરોડ રૂપિયાની લોન ઉપલબ્ધ હોવાનો ડોળ કર્યો હતો. થોડા દિવસ પછી ફરિયાદીના વર્ચ્યુઅલ એકાઉન્ટની રકમ ૧૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ હતી. (પીટીઆઈ)■

# તાડદેવની ભાટિયા હૉસ્પિટલમાં આગ

## દર્દીઓ સહિત ૨૫૦ લોકોને સુરક્ષિત બહાર કઢાયા




દક્ષિણ મુંબઈની એક પ્રતિષ્ઠિત હોસ્પિટલમાં સોમવારે વહેલી સવારે આગ ફાટી નીકળતાં હાહાકાર ફેલાઈ ગયો હતો અને દર્દીઓને તત્કાળ હોસ્પિટલમાંથી બહાર લાવવામાં આવ્યા હતા. સદનસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. (અમય ખરાડે)

મુંબઈઃ દક્ષિણ મુંબઇના તાડદેવ વિસ્તારમાં આવેલી ભાટિયા હોસ્પિટલમાં સોમવારે બપોરના આગ લાગી હતી, જેને પગલે દર્દીઓ, ડોક્ટરો, અન્ય કર્મચારીઓ સહિત લગભગ ૨૫૦ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ આગમાં કોઇને ઇજા થઇ નહોતી. આગ લાગવા પાછળનું કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું.

ભાટિયા હૉસ્પિટલના સીટી-એમઆરઆઇ સ્કૅન યુનિટમાં બપોરના ૧.૩૫ વાગ્યે આગ લાગી હતી. આગની જાણ થતાં અગ્નિશમન દળના જવાનો ત્વરિત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને આગ બુઝાવવાનું શરૂ કર્યું હતું.

અગ્નિશમન દળના જણાવ્યા અનુસાર ખાનગી હોસ્પિટલના સીટી-એમઆરઆઇ યુનિટમાં બપોરે લાગેલી આગ ઇલેક્ટ્રિકલ વાયરિંગ અને ઇન્સ્ટોલેશન્સ સુધી મર્યાદિત રહી હતી. આગ લાગ્યા બાદ સાવચેતીના પગલા તરીકે દર્દીઓ, ડોક્ટરો અને અન્ય કર્મચારીઓ સહિત ૨૫૦ લોકોને હૉસ્પિટલ પરિસરમાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. આગને બપોરે ત્રણ વાગ્યા સુધીમાં કાબૂમાં લેવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

પુરુષો માટે મદન યોગ® પાવર ટેબ્લેટ્સ
આયુર્વેદિક સિદ્ધ ફોર્મ્યુલા!
મકરધ્વજ રસ, શિલાજીત, અશ્વગંધા, કવચ બીજ, જાતામાંસી, સફેદ મુસલી વગેરેમાંથી બનેલી અસરકારક દવા છે.
Amazon પર કૅશ ઑન ડિલિવરી ઉપલબ્ધ
94220 11723
તમામ મેડિકલ અને આયુર્વેદિક સ્ટોર્સ પર ઉપલબ્ધ છે

# પોલીસના સ્વાંગમાં યુવતી પર બળાત્કાર

થાણેઃ નવી મુંબઈની કોર્ટે ૨૦૧૬માં પોલીસ અધિકારીના સ્વાંગમાં યુવતી પર બળાત્કાર ગુજારવા બદલ ૪૪ વર્ષના સિક્યોરિટી ગાર્ડને ૧૦ વર્ષની સખત કેદ ફટકારી હતી.


બેલાપુર કોર્ટના એડિશનલ સેશન્સ જજ પરાગ સાનેએ આરોપી સાગર બાબુરાવ ધુલપને ભારતીય દંડસંહિતાની કલમ ૩૭૬ (બળાત્કાર), ૩૮૪ (ખંડણી) તથા ૧૭૦ હેઠળ દોષી ઠેરવ્યો હતો. કોર્ટે બળાત્કાર બદલ આરોપીને ૧૦ વર્ષની સખત કેદ, પોલીસ અધિકારીનો સ્વાંગ રચવા બદલ બે વર્ષ અને ખંડણી બદલ ત્રણ વર્ષની કેદ ફટકારી હતી. કોર્ટે આરોપી ધુલપને ૧,૫૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. તપાસકર્તા પક્ષ અનુસાર ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ પીડિતા તેના મિત્ર સાથે કુર્લા વિસ્તારમાંની લોજમાં ગઇ હતી, જ્યાં આરોપી આવ્યો હતો અને તેણે પોતાની ઓળખ પોલીસ અધિકારી તરીકે આપી હતી. આરોપીએ પીડિતાનાં માતા-પિતાને આની જાણ કરી દેવાની ધમકી આપીને ૩૦ હજાર રૂપિયાની માગણી કરી હતી. આરોપી બાદમાં પીડિતાને તુર્ભે વિસ્તારની લોજમાં લઇ ગયો હતો, જ્યાં તેના પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■

# ઉત્તર પ્રદેશના ૧૦ મજૂરનો અંબરનાથથી છુટકારોઃ બે કોન્ટ્રેક્ટરની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લાના અંબરનાથમાંથી ઉત્તર પ્રદેશના ૧૦ મજૂરનો છુટકારો કરાવવામાં આવ્યો હતો અને બે કોન્ટ્રેક્ટરની ધરપકડ કરાઇ હતી. આ મજૂરો પાસે ખાદ્ય ઉત્પાદન યુનિટમાં કલાકો સુધી કામ કરાવવામાં આવતું હતું. તેમને વેતન કે ભોજન પણ અપાતું નહોતું અને ઘણા મહિનાઓ સુધી તેમને બંધક બનાવી રાખવામાં આવ્યા હતા.

મજૂરોને સારો પગાર આપવાનું વચન અપાયું હતું, પણ તેઓ ખાદ્ય ઉત્પાદન યુનિટમાં અમાનવીય સ્થિતિમાં કામ કરતા જોવા મળ્યા હતા. કમલેશ ફૂન્નન બનવાસી નામનો મજૂર ત્યાંથી ભાગવામાં સફળ રહ્યો હતો અને તેણે થાણે ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીસ ઓથોરિટી (ડીએલએસએ)નો ૧૭ ડિસેમ્બરે સંપર્ક સાધ્યા બાદ મામલો પ્રકાશમાં આવ્યો હતો.■

સુરતી વિશા લાડ વણિક



સ્વ. ચંપકલાલ મંગળદાસ મારફતીયા
ઉં. વ. - ૯૧,
તા. ૨૨/૧૨/૨૦૨૫ના સ્વર્ગવાસ પામ્યા છે.

**પ્રાર્થના સભા**
મંગળવાર, તા. ૨૩/૧૨/૨૦૨૫
સાંજે ૫.૦૦ થી ૬.૩૦ કલાકે
સ્થળ : લક્ષ્મીનગર હોલ
૧૦ મો રસ્તો, ખાર (વે),
મુંબઈ - ૪૦૦૦૫૨.
(પાર્કિંગ ઉપલબ્ધ છે)

: શોકાતુર પરિવાર :
પત્ની : સ્વ. ઉષાબેન
પુત્રો : જયેશ, નૈમિષ
પુત્રવધુ : અલ્પા, બેલા
પૌત્ર-પૌત્રી : નિરાલી રાહુલ લાલચંદાની, હીનાલી અભિષેક લાથ, હર્ષ
પ્રપૌત્ર : આરૂષ

• મારફતીયા, તાંબાવાલા અને બીના નિકુંજ ચિનાઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.
❖ યુનિયન કેમિકલ એજન્સી
❖ મર્સર્સ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ
❖ મેક્સ કેમિકલ

હાલાઈ લોહાણા



મુળ ગામ માળિયા હાટીના હાલ કાંદિવલી
**અ.સૌ. રીટા મહેતા (ઉ.વ. ૬૪)**
શ્રીજીચરણ: શનિવાર તા. ૨૦.૧૨.૨૦૨૫
તે વિપુલ નરોત્તમદાસ મહેતાના **ધર્મપત્ની**, પુષ્પાબેન નરોત્તમદાસ મેહતાના **પુત્રવધુ**, જયાબેન વૃજલાલ કારીયાના **દીકરી**, આશીષ દિનેશ ઠક્કરના **માતુશ્રી**, અ.સૌ. કાજલબેનના **સાસુ**, ભારતીબેન જમનાદાસ ગણાત્રા, કિશોરીબેન પ્રકાશકુમાર લાખાણી, કિરણબેન જિતેન્દ્રકુમાર મિસ્ત્રી, સરોજબેન રમેશચંદ્ર મજીઠીયા, રક્ષાબેન નરેશકુમાર રાયઠઠ્ઠાના **ભાભી**, પ્રભુદાસભાઈ, મનુભાઈ, કંચનબેન ભરતકુમાર પોપટ, હીનાબેન સુરેશકુમાર રાજાણી, રંજનબેન નરેશકુમાર ગણાત્રા, મધુબેન જગદીશ ગણાત્રાના **નાના બેન**, આશી અને હેતના **દાદી**.
પ્રાર્થનાસભા રાખેલ નથી
લૌકિક વ્યવહાર બંધ છે. (ચક્ષુદાન કરેલ છે)

# સિનિયર સિટિઝને બેદરકારીથી કાર ચલાવી ૧૫ વાહનને અડફેટે લીધાંઃ બે જણ જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંધેરીના લોખંડવાલા કૉમ્પ્લેક્સ ખાતે રહેતા ગુજરાતી સિનિયર સિટીઝને પૂરપાટ વેગે બેદરકારીથી કાર ચલાવી ૧૫ વાહનને અડફેટે લીધાં હોવાની ઘટના પવઈમાં બની હતી. આ ઘટનામાં બે જણને ઇજા થતાં સારવાર માટે તેમને હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.

પવઈ પોલીસના જણાવ્યા મુજબ ઘટના શનિવારની બપોરે ૩ વાગ્યાની આસપાસ પવઈમાં ટાટા પાવર નજીક બની હતી. આ પ્રકરણે કોન્સ્ટેબલની ફરિયાદને આધારે ઉદય નગીનદાસ સંઘવી (૭૨) વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર લોખંડવાલા કૉમ્પ્લેક્સ ફોર્થ ક્રોસ રોડ ખાતેની ઈમારતમાં રહેતા સંઘવી તેમની મહિન્દ્રા બીઈ-૬ કારમાં જતા હતા. ઘટનાસ્થળે હાજર લોકોએ પોલીસને કહ્યું હતું કે કાર પૂરપાટ વેગે બેદરકારીથી ચલાવવામાં આવી હતી, જેને પગલે અકસ્માત થયો હતો.

કારે ટક્કર મારતાં ૧૫ જેટલાં વાહનને નુકસાન થયું હતું. અકસ્માતમાં સાહેબરાવ પવાર અને પંચમ મૌર્ય જખમી થયા હતા. પવારને માથા અને ખભા પર, જ્યારે મૌર્યને પીઠ અને ડાબા પગમાં ઇજા થઈ હતી. બનાવની જાણ થતાં બીટ માર્શલ સુમીત પ્રતાપ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બન્ને જખમીને રિક્ષામાં નજીકની ખાનગી હૉસ્પિટલમાં લઈ જવાયા હતા. સારવાર માટે તેમને હૉસ્પિટલમાં દાખલ કરાયા હોવાનું પોલીસનું કહેવું છે. આરોપી સંઘવી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૧, ૧૨૫(એ) અને ૩૨૪(૨) તેમ જ મોટર વેહિકલ ઍક્ટ હેઠળ ગુનો નોંધી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.■

# સિનિયર સિટિઝનને ડિજિટલ અરેસ્ટનો ડર દેખાડીને ૨૩ લાખ રૂપિયાની ઠગાઇ આચરી

થાણેઃ થાણે જિલ્લામાં ૬૮ વર્ષના સિનિયર સિટિઝનને સાયબર ગુનેગારોએ ડિજિટલ અરેસ્ટનો ડર દેખાડીને તેની સાથે ૨૩.૫ લાખ રૂપિયાની ઠગાઇ આચરી હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે જિલ્લામાં એક સપ્તાહમાં આ પ્રકારની બીજી ઘટના નોંધાઇ છે. કલ્યાણના મહાત્મા ફૂલે પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ ઇન્સ્પેક્ટર વિનોદ પાટીલે જણાવ્યું હતું કે આ પ્રકરણે નોંધાવાયેલી ફરિયાદને આધારે ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે બે અજાણી વ્યક્તિએ તેને ડિજિટલ અરેસ્ટ કરવાની ધમકી આપી હતી અને ૮થી ૧૨ ડિસેમ્બર દરમિયાન તેને ઓનલાઇન વ્યવહારો દ્વારા રૂપિયા ટ્રાન્સફર કરવા માટે દબાણ કર્યું હતું.

આરોપીઓએ વ્હૉટ્સઍપ વીડિયો કૉલથી ફરિયાદીનો સંપર્ક સાધ્યો હતો અને દાવો કર્યો હતો કે તેમના બૅંક ટ્રાન્ઝેક્શન્સ શંકાસ્પદ છે અને તે કથિત ગેરરીતિ સાથે કડી ધરાવે છે.

આરોપીઓએ ફરિયાદીને કહ્યું હતું કે તેમની ડિજિટલ અરેસ્ટ થઇ શકે છે. જોકે તેમણે ખાતરી આપી હતી કે જો તેઓ સહકાર આપશે તો કાનૂની કાર્યવાહી ટાળી શકાશે.

આરોપીઓએ વારંવાર ફરિયાદીને ધમકી આપી હતી અને વિવિધ બૅંક અકાઉન્ટ્સમાં ૨૩.૫ લાખ રૂપિયા ટ્રાન્સફર કરવાની ફરજ પાડી હતી. દરમિયાન ફરિયાદીએ આ અંગેની જાણ પરિચિતોને કર્યા બાદ છેતરપિંડી પ્રકાશમાં આવી હતી. બાદમાં પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી. (પીટીઆઇ)■

શ્રદ્ધાંજલિ



જન્મ : ૨૩ ફેબ્રુઆરી ૧૯૩૫
અરિહંત શરણ : ૨૧ ડિસેમ્બર ૨૦૨૫

**સ્વ. રસિકલાલ અમૃતલાલ મણીયાર**
વઢવાણ નિવાસી હાલ મુંબઈ
મળે છે દેહ માટીમાં, માનવીના નામ જીવે છે,
મરે છે માનવી પોતે પણ માનવીના કામ જીવે છે.
માતા-પિતા: સ્વ. મંગળાગૌરી અમૃતલાલ મણીયાર
સાસુ-સસરા: સ્વ. લક્ષ્મીબેન ચુનીલાલ ગફુરદાસ
પત્ની: સુશીલાબેન મણીયાર,
ભાઈ-ભાભી: નવીનભાઈ મણીયાર, સ્વ. મુક્તાબેન નવીનભાઈ મણીયાર
બેન-બનેવી: સ્વ. લીલાવતી જગજીવનદાસ શાહ, સ્વ. જગજીવનદાસ લલ્લુભાઈ શાહ, રંજનબેન કાંતિલાલ શાહ,
મોટા-પપ્પા: હેમલ સંજીવ શેઠ, રૂપલ (ભવ્યા) સંજય શેઠ, વિજય-સેજલ મણીયાર,
મોટા-નાના: આશીમા, અદિતિ, દિવ્ય, આત્મિક, રિતિકા, હેતાવ્ય
-: મણીયાર પરિવાર :-
લૌકિક વ્યવહાર તથા પ્રાર્થના સભા બંધ રાખેલ છે

KParth

# કોન્ટ્રેક્ટ કિલિંગ કેસઃ કોર્ટે ગેન્ગસ્ટર સુભાષ સિંહ ઠાકુરની કસ્ટડી લંબાવી

થાણેઃ પાલઘર જિલ્લામાં ૨૦૨૨માં પ્રોપર્ટી ડેવલપરની હત્યાના કેસમાં ધરપકડ કરાયેલા તમામ આરોપીની સંયુક્ત પૂછપરછની પોલીસની વિનંતી પર વિશેષ કોર્ટે સોમવારે ગેન્ગસ્ટર સુભાષ સિંહ ઠાકુરની પોલીસ કસ્ટડી ૨૯ ડિસેમ્બર સુધી લંબાવી આપી હતી.

સુભાષ સિંહ ઠાકુરની પોલીસ કસ્ટડી પૂરી થતી હોવાથી સોમવારે તેને વિશેષ એમસીઓસીએ જજ એસ.એસ. શિંદે સમક્ષ હાજર કરવામાં આવ્યો હતો.

વિશેષ સરકારી વકીલ સંજય મોરેએ આ કેસમાં ધરપકડ કરાયેલા અન્ય આરોપીઓ સાથે સંયુક્ત પૂછપરછ કરવા માટે ઠાકુરની પોલીસ કસ્ટડી દસ દિવસ લંબાવી આપવાની માગણી કરી હતી. જોકે કોર્ટે ઠાકુરની કસ્ટડી ૨૯ ડિસેમ્બર સુધી લંબાવી આપી હતી. બચાવ પક્ષના વકીલ રાહુલ અરોટે ફરિયાદ પક્ષની વિનંતીનો વિરોધ કરતા દલીલ કરી હતી કે તપાસકર્તા પક્ષની ઠાકુરની તપાસ કરવા માટે પૂરતો સમય આપવામાં આવ્યો છે.

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમના 'ગુરુ' ઠાકુરને ઉત્તર પ્રદેશની ફતેહગઢ સેન્ટ્રલ જેલમાંથી ગયા સપ્તાહે કસ્ટડીમાં લેવાયો હતો.

પાલઘર જિલ્લાના વિરારમાં મનવેલપાડા વિસ્તારમાં ફેબ્રુઆરી, ૨૦૨૨માં પ્રોપર્ટી ડેવલપર સમય ચવાણ (૩૨)ની હત્યા બદલ ઠાકુર સામે ગુનો દાખલ કરાયો હતો. ઠાકુર વિરુદ્ધ એમસીઓસીએ પણ લગાવવામાં આવ્યો હતો.

સ્થાનિક બિલ્ડર રાહુલ દુબે અને ચવાણ વચ્ચે મિલકતનો વિવાદ હતો અને તેને કારણે ચવાણની હત્યા કરવામાં આવી હતી. બાઇક પર આવેલા બે હુમલાખોરે ચવાણને ગોળી મારી હતી. (પીટીઆઇ)■

# નવી મુંબઈમાં 'બુરખા' ગૅન્ગે રિવૉલ્વરની ધાકે જ્વેલરીની દુકાન લૂંટતાં ખળભળાટ

મુંબઈઃ નવી મુંબઈના સીવૂડ્સ પરિસરમાં આવેલી જ્વેલરીની દુકાનમાં ધોળેદહાડે 'બુરખા' ગૅન્ગે ગનપૉઈન્ટ પર લૂંટ ચલાવતાં ખળભળાટ મચી ગયો હતો. મુસ્લિમ સ્ત્રીઓ પરિધાન કરે એવા બુરખા પહેરીને ત્રણ લૂંટારા દુકાનમાં ઘૂસ્યા હતા. અંદાજે ૨૦ તોલા સોનું લૂંટી લૂંટારા ફરાર થઈ ગયા હતા. લૂંટનો વીડિયો બાદમાં સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો.

એનઆરઆઈ સાગરી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના સોમવારની સવારે ૧૦.૪૫ વાગ્યાની આસપાસ સીવૂડ્સ વિસ્તારમાં બની હતી. કહેવાય છે કે દુકાન ખૂલ્યા બાદ ચાર લૂંટારા ત્યાં આવ્યા હતા, જેમાંથી ત્રણ દુકાનમાં ઘૂસ્યા હતા.

દુકાનના કર્મચારી સાથે ઝપાઝપી કર્યા બાદ એક લૂંટારાએ રિવૉલ્વરની ધાકે તેને બાનમાં લીધો હતો, જ્યારે તેના બે સાથીએ ડિસપ્લેમાં રાખેલા દાગીના લૂંટ્યા હતા. ત્રણેય લૂંટારાએ બુરખા અને હેન્ડ ગ્લવ્ઝ પહેરી રાખ્યા હતા. જોકે લૂંટારાએ રિવૉલ્વરમાંથી એકેય રાઉન્ડ ફાયર કર્યો નહોતો.

લૂંટારા ફરાર થયા પછી પોલીસને લૂંટની જાણ કરાઈ હતી. માહિતી મળતાં જ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આરોપીઓના સગડ મેળવવા માટે ડૉગ સ્ક્વૉડને પણ બોલાવવામાં આવી હતી.

દુકાનમાં લાગેલા સીસીટીવી કૅમેરામાં લૂંટની ઘટના કેદ થઈ હતી, પરંતુ આરોપીએ બુરખો પહેર્યો હોવાથી તાત્કાલિક તેમની ઓળખ થઈ શકી નહોતી. પોલીસ આસપાસના પરિસરમાં લાગેલા કૅમેરાનાં પણ ફૂટેજ તપાસી રહી છે.■



જન્મ: ૨૧.૪.૧૯૪૭
સ્વર્ગવાસ: ૨૨.૧૨.૨૦૨૫

**બિપિન કીર્તનલાલ દોશી,** ઉ.વર્ષ ૭૯
સોમવાર તા. ૨૨.૧૨.૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે.
માતા-પિતા: સ્વ. કીર્તનલાલ તથા સ્વ. લીલાબેન દોશી
તેમજ સ્વ. રસિકભાઈ તથા સ્વ. ભાનુમતીબેન કાપડિયાનાં જમાઈ
પત્નિ: અસ્મિતા બિપિન દોશી
પુત્ર-પુત્રી: જય-મોનાલી
પુત્રવધુ: પૂજા
જમાઈ: ઉદયકુમાર
પૌત્ર-પૌત્રી: ક્રિશિવ-કિઆરા દોહિત્ર: શિવમ
ભરતભાઈ અને મમતાબેનના ભાઈ
**પ્રાર્થનાસભા**: બુધવાર, તા. ૨૪.૧૨.૨૫, સાંજે ૫.૩૦ થી ૭.૩૦
સ્થળ: ભારતીય વિદ્યા ભવન, ચોપાટી.
Maharashtra Bolt Nut
નોંધ: લૌકિક પ્રથા બંધ છે. વેલે પાર્કિંગ છે.

# પ્રસ્તાવિત 'નેશનલ ઓનિયન ભવન' પ્રોજેક્ટને ખેડૂતોનું સમર્થન

નાસિકઃ મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના જાયગાંવ ગામના કાંદાનું ઉત્પાદન કરતા ખેડૂતોએ પ્રસ્તાવિત 'નેશનલ ઓનિયન ભવન'ને પોતાનો ટેકો આપ્યો હતો. આ પોતાની પ્રકારની પ્રથમ પહેલ છે, જેનો ઉદ્દેશ્ય રસોડાની આ મુખ્ય વસ્તુ (કાંદા)ની વેલ્યૂ ચેઇન પર ખેડૂતોનું નિયંત્રણ મજબૂત કરવાનો છે.

મહારાષ્ટ્ર રાજ્ય કાંદા ઉત્પાદક ખેડૂત સંગઠનના સ્થાપક પ્રમુખ ભરત દિઘોલે જણાવ્યું હતું કે, પ્રથમ તબક્કામાં, જાયગાંવમાં બે એકર જમીન પર અંદાજિત રૂ. પાંચ કરોડના ખર્ચે 'નેશનલ ઓનિયન ભવન'નું નિર્માણ કરવામાં આવશે. આ આખા પ્રોજેક્ટનો ખર્ચ ખેડૂતોના જાહેર ફાળામાંથી ઉઠાવવામાં આવશે, તેમણે કહ્યું હતું.

દિઘોલે, જેમણે આ પ્રોજેક્ટની કલ્પના કરી હતી, તેમણે સમજાવ્યું કે આ પહેલનો ઉદ્દેશ્ય ખેડૂતોને બીજ ઉત્પાદન અને ખેતીથી લઈને સંગ્રહ, માર્કેટિંગ, પ્રોસેસિંગ અને સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય નિકાસ સુધીની કાંદાની સમગ્ર ઇકોસિસ્ટમ પર સીધું નિયંત્રણ આપીને તેમને સશક્ત બનાવવાનો છે. નેશનલ ઓનિયન ભવનની સ્થાપના સાથે, દર વર્ષે એક સ્થિર, પારદર્શક અને ટકાઉ ભાવ પદ્ધતિ બનાવવી શક્ય બનશે, દિઘોલે આ પ્રોજેક્ટ ખેડૂતોને લાંબા ગાળાની રાહત આપશે તેવો આશાવાદ વ્યક્ત કરતા જણાવ્યું હતું.■

# જૂની અદાવતમાં કોયતાના ઘા ઝીંકી યુવાનની હત્યા કરનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પરિવાર સાથે પાંચેક વર્ષ અગાઉ થયેલા વિવાદનું વેર વાળવાને ઇરાદે કોયતાના અનેક ઘા ઝીંકી યુવાનની કરપીણ હત્યા કરવામાં આવી હોવાની વસઈમાં બનેલી ઘટનામાં પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. વસઈ ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૨ના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીની ઓળખ કુશનુ રામરાઈ હેમ્બ્રોસ (૨૮) તરીકે થઈ હતી. વધુ કાર્યવાહી માટે આરોપીને વાલિવ પોલીસના તાબામાં સોંપાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ વસઈના ગૌરાઈ પાડા ખાતેની કીર્તિ ઈન્ટસ્ટ્રિયલ એસ્ટેટની સુરક્ષા દીવાલ નજીકની ગુરુવારની રાતે યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. તેના ચહેરા, ખભા અને ગળા પર તીક્ષ્ણ હથિયારના ઘાનાં નિશાન હતાં. આ પ્રકરણે વાલિવ પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો, જેની સમાંતર તપાસ યુનિટ-૨ના ઇન્ચાર્જ ઈન્સ્પેક્ટર અવિરાજ કુરાડેની ટીમે હાથ ધરી હતી.

તપાસ દરમિયાન મૃતકની ઓળખ ટાટા કિરસુન હેમ્બ્રામ (૩૦) તરીકે થઈ હતી. ઝારખંડ જિલ્લાના ઠેસાપિડ ગામનો વતની એવો મૃતક ૧૭ ડિસેમ્બરની રાતે તેના ગામવાસી કુશનુના વસઈના ઘરે ગયો હતો, એવું પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું.■

મુંબઈ સમાચાર
રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ,
પો. બો. નં. ૬૭૬, મુંબઈ-૧.
રદ્દી ફાળાના ટેન્ડરો
૧-૧-૨૦૨૬ થી ૩૦-૬-૨૦૨૬ મુદત દરમિયાન ફોરેન, નેપા વિ. ન્યૂઝપ્રીન્ટના ફાળા, સ્વીપીંગ્સ, રીલ એન્ડ અને કોરના વેચાણ માટે અલગ અલગ ક્વોલિટી વાઈઝ ભાવ ભરેલ સીલબંધ ટેન્ડરો મંગાવે છે. માલનો જથ્થો રોજ રોજ ઉપાડવાનો રહેશે અને એ માટે ઉપાડેલ માલનું બિલ દર મહિને આપવામાં આવશે. પરંતુ અઠવાડિયા દરમિયાન ઉપાડેલા માલ પેટે, ઉપાડેલા માલની પૂરેપૂરી કિંમત અઠવાડિયું પૂરું થવાના ૨ દિવસમાં ભરપાઈ કરવાની રહેશે.
સીલબંધ ટેન્ડરો ભરવાની છેલ્લી તારીખઃ ૨૭-૧૨-૨૦૨૫
ટેન્ડર સ્વીકારવાનું કંપનીની મુનસફી પર છે અને કંપની કોઈપણ કારણ જણાવ્યા વગર ઊંચામાં ઊંચું ટેન્ડર કે બીજું કોઈપણ ટેન્ડર સ્વીકારવાનો કે નકારવાનો હક્ક અનામત રાખે છે.
નોંધઃ ટેન્ડર પાસ થયાના ત્રણ દિવસની અંદર રૂા. ૧,૫૦,૦૦૦/- (એક લાખ પચાસ હજાર પૂરા)ની સિક્યોરિટી ડિપોઝિટ મુંબઈ સમાચારની ઓફિસમાં જમા કરાવવાની રહેશે.
જનરલ મેનેજર

# ભારતને પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવા જ્ઞાન સૌથી શક્તિશાળી સાધન: ગડકરી

પુણે: ભારતને પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર અને વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનાવવા માટે જ્ઞાન સૌથી શક્તિશાળી સાધન છે, એમ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ સોમવારે જણાવ્યું હતું. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી બોમ્બેમાં એક કાર્યક્રમમાં બોલતા, તેમણે કહ્યું કે કોઈપણ દેશનું ભવિષ્ય તેની પાસે રહેલી ભવિષ્યવાદી ટેકનોલોજીના પ્રકાર પર આધારિત છે.

'દેશના વિકાસ અને પ્રગતિમાં આઈઆઈટી અને તેના વિદ્યાર્થીઓનું મોટું યોગદાન રહ્યું છે. સરકારમાં કામ કરતી વખતે, જો આપણે કોઈ પડકારનો સામનો કરીએ છીએ, તો આપણે તેને પહેલા આઈઆઈટીનો સંદર્ભ આપીએ છીએ. આઈઆઈટીની વિશ્વસનીયતા એટલી સારી છે કે આપણને મળતો ઉકેલ વ્યાપકપણે સ્વીકારવામાં આવે છે. ટૂંકમાં, તમે જ્ઞાનની મૂડી છો,' એમ કેન્દ્રીય પ્રધાને જણાવ્યું હતું. 'દેશની પ્રગતિ, સંસાધનો, ટેકનોલોજી મહત્વપૂર્ણ છે પરંતુ જે વધુ મહત્વનું છે તે ભવિષ્યવાદી ટેકનોલોજી અને જ્ઞાન છે. કોઈપણ દેશનું ભવિષ્ય તેની પાસે કયા પ્રકારની ભવિષ્યવાદી ટેકનોલોજી છે તેના પર આધારિત છે,' એમ તેમણે ઉમેર્યું હતું. ગડકરીએ કહ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક મિશનના રૂપમાં એક લક્ષ્ય રાખ્યું છે અને તે ભારતને પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા અને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવી રહ્યું છે.'જો આપણે પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા અને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા માંગીએ છીએ, તો જ્ઞાન સૌથી શક્તિશાળી સાધન હશે,'

# સામાન્ય ફળો વેચનારી લોનાવાલાની નગરસેવિકા: ફેરી ચાલુ રાખશે

પુણે: પુણેના લોકપ્રિય હિલ સ્ટેશન લોનાવાલામાં રસ્તાના કિનારે ફળો વેચતી એક મહિલા સ્થાનિક મ્યુનિસિપલ કાઉન્સિલના સભ્ય તરીકે ચૂંટાયા પછી રાજકારણમાં કારકિર્દી બનાવવા માગતા સામાન્ય નાગરિકો માટે પ્રેરણાના સ્રોત તરીકે ઉભરી આવી છે.

લોનાવાલા મ્યુનિસિપલ કાઉન્સિલના સભ્ય તરીકે ચૂંટાયા હોવા છતાં, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)નાં ભાગ્યશ્રી જગતાપ હજુ પણ નમ્ર છે.

કાઉન્સિલ ચૂંટણીમાં વિજયી થયાના એક દિવસ પછી, સોમવારે, જગતાપે અભિનંદન સ્વીકારવા અને ઉજવણીમાં ભાગ લેવાને બદલે, પોતાનો ફળોનો સ્ટોલ લગાવ્યો, જે વર્ષોથી તેમનો રોજિંદો નિત્યક્રમ છે.

મુંબઈથી લગભગ ૧૨૦ કિમી દૂર આવેલા લોનાવાલામાં, એનસીપીના રાજકારણીએ તેમના નજીકના હરીફ, ભાજપના ઉમેદવારને ૬૦૮ મતોથી હરાવ્યા હતા.

'ફળો વેચવાનો અમારો જૂનો પારિવારિક વ્યવસાય છે. વિજેતા ઉમેદવારો માટે સન્માન સમારોહ થશે, પરંતુ અમારા માટે અમારો જૂનો વ્યવસાય હજુ પણ ટોચની પ્રાથમિકતા છે. તેથી આજે, અમે અમારો સ્ટોલ હંમેશની જેમ ખોલવાનું પસંદ કર્યું,' એમ જગતાપે કહ્યું હતું, રસ્તાની બાજુમાં આવેલા તેમના કિઓસ્કમાં ફળોની વ્યવસ્થા કરી હતી અને ગ્રાહકોની સેવા કરી હતી.

તેમણે કહ્યું કે તેઓ કાઉન્સિલર અને લોકપ્રતિનિધિ તરીકેની પોતાની ફરજો નિભાવવાની સાથે સાથે ફળ વેચવાનો વ્યવસાય પણ ચાલુ રાખશે.

'હું કાઉન્સિલમાં લોકોના સવાલો અને ફરિયાદો ઉઠાવવાનું કામ કરીશ, પરંતુ તે જ સમયે, હું મારા ફળ વેચવાનો વ્યવસાય ચાલુ રાખીશ કારણ કે મારા પરિવારની આજીવિકા તેના પર નિર્ભર છે,' એમ જગતાપે ભારપૂર્વક કહ્યું હતું.

તેમના પતિ મહાદેવ જગતાપે આ વાતને ટેકો આપ્યો અને કહ્યું હતું કે તેઓ કૌટુંબિક વ્યવસાય પર ધ્યાન કેન્દ્રિત કરશે, જ્યારે તેમના નવા ચૂંટાયેલા કાઉન્સિલર-પત્ની એલએમસી બેઠકોમાં સ્થાનિક રહેવાસીઓ અને હિલ સ્ટેશનને લગતા મુદ્દાઓ ઉઠાવવા અને તેમના નિવારણ મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# નગરપાલિકાના પરિણામ આવતા જ એકનાથ શિંદે તરફથી લાડકી બહેનો માટે મોટી જાહેરાત

મુંબઈ: નગર પાલિકા અને નગર પંચાયત ચૂંટણીનાં પરિણામો જાહેર થયા, જેમાં મહાયુતિને ભવ્ય વિજય મળ્યો. મહાયુતિના કુલ ૨૮૮ માંથી ૨૧૪ નગરાધ્યક્ષ પદના ઉમેદવારોએ જીત હાંસલ કરી હતી. આ ચૂંટણી પરિણામોમાં ભાજપ રાજ્યનો સૌથી મોટો પક્ષ બન્યો છે, જ્યારે શિવસેના (શિંદે જૂથ) બીજા ક્રમે રહ્યો છે. શિવસેના શિંદે જૂથના ૫૭ ઉમેદવારો વિજયી થયા હતા. આ જીત પર પ્રતિક્રિયા આપતા નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ 'લાડકી બહેનો' ને અભિનંદન પાઠવ્યા હતા. અત્યાર સુધીના ઈતિહાસમાં શિવસેનાના આટલા નગરપાલિકા પ્રમુખો ક્યારેય ચૂંટાયા નહોતા. કાર્યકર્તાઓ અને લાડકી બહેનોને અભિનંદન. અઢી વર્ષના સમયગાળા દરમિયાન મહાવિકાસ આઘાડીએ જે કામો પર રોક લગાવી હતી, તે તમામ અવરોધો દૂર કર્યા અને મહારાષ્ટ્રને આગળ ધપાવ્યું. મારી પ્રિય યોજના 'મુખ્યમંત્રી લાડકી બહિણ યોજના'નો અનેક લોકોએ વિરોધ કર્યો, પરંતુ વિરોધને ફગાવીને યોજના ચાલુ રાખવામાં આવી. કોઈ પણ આ યોજના બંધ કરી શકશે નહીં. લાડકી બહેનોને ૨૧૦૦ રૂપિયા આપીશું, અને યોગ્ય સમયે અમે આ સન્માન નિધિમાં વધારો પણ કરીશું, એવી જાહેરાત એકનાથ શિંદેએ કરી હતી.

# બોરીવલીની સ્કૂલમાં પુસ્તકાલયનું ઉદ્ઘાટન

શૈક્ષણિક સહાય પહેલ હેઠળ, ઇનર વ્હીલ કલબ ઓફ બોરીવલીએ બીમાનગર એજ્યુકેશન સોસાયટી સ્કૂલમાં એક પુસ્તકાલય વિકસાવ્યું છે. આ પહેલનો હેતુ વિદ્યાર્થીઓને પુસ્તકો વાંચવા અને તેમના જ્ઞાનમાં વધારો કરવા માટે આરામદાયક જગ્યા પૂરી પાડવાનો છે. ઇનર વ્હીલ કલબ ઓફ બોરીવલીના ચાર્ટર્ડ પ્રેસિડેન્ટ ડો. માધવી પંડ્યા, દુબઈ લેડિઝ સર્કલનાં અધ્યક્ષા બરખા મુરારકા દ્વારા પુસ્તકાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટમાં બીમાનગર એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટીઓ પ્રમુખ સરિતા ગુજરાથી, પીડીસી ડો. માધવી પંડ્યા, ઉપપ્રમુખ જેનિશા સંપટ, પીપી હેમા પંચાલ, આઈપીપી તેજલ મહેતા, નયના શાહ અને હીના સંઘાણીએ હાજરી આપી હતી.

# પાંચમાંથી ચાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અધ્યક્ષ પદ ભાજપને મળ્યું

મુંબઈ: રાજ્યમાં નગર પંચાયત અને નગરપરિષદની બે તબક્કામાં યોજાયેલી ચૂંટણીમાં લાતુર જિલ્લામાં પાંચ સ્થાનિક સંસ્થાની ચૂંટણીમાંથી ચાર જગ્યાએ અધ્યક્ષ પદ જીતવામાં ભાજપ સફળ રહી હતી. ભાજપના ફાળે ઉદ્ગીર, અહેમદપુર, નિલાંગા અને રેણુપુરની ચૂંટણીમાં અધ્યક્ષ પદ મળ્યું હતું. જ્યારે મહાયુતિના તેમના સાથી પક્ષ રાષ્ટ્રવાદી કોંગ્રેસ (અજીત પવાર)ના પક્ષે ઔસામાં અધ્યક્ષ પદ જીત્યું હતું.

# મહારાષ્ટ્ર નગરપાલિકા ચૂંટણીમાં માત્ર એક વોટથી જીત્યા ઉમેદવારો

મુંબઈ: મહારાષ્ટ્ર નગરપાલિકા ચૂંટણીના પરિણામોમાં અનેક રસપ્રદ જીત જોવા મળી હતી, જેમાં ખાસ કરીને બે ઉમેદવારોની ખૂબ ચર્ચા થઈ રહી છે. આ બંને ઉમેદવારોએ-ત્રણ જીતનો અનોખો રેકોર્ડ બનાવ્યો છે. આ ઉમેદવારો કોઈ મોટા અંતરથી નહીં, પરંતુ માત્ર એક વોટથી જીત્યા છે. સંદીપ ભિસે અને પ્રમિલા પંચાલ આ બંને ઉમેદવારો એક-એક વોટથી જીત્યાં હતાં.

સંદીપ ભિસેએ રત્નાગિરી જિલ્લાની ચિપલૂણ નગર પરિષદમાં માત્ર એક મતના અંતરથી જીત મેળવી હતી. તેઓ ભાજપ તરફથી ચૂંટણી લડ્યા હતા. કોંકણ ક્ષેત્રના રત્નાગિરી અને સિંધુદુર્ગ સહિત અનેક નગર પરિષદોમાં ભાજપ અને મહાયુતિ ગઠબંધનને મજબૂત લીડ મળી હતી. બીજી તરફ પુણેની વડગાંવ નગર પંચાયત વોર્ડ નંબર ૨ ની ચૂંટણીમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ (એનસીપી)નાં ઉમેદવાર સુનીતા રાહુલ ઢોરેનો પણ વિજય થયો છે. સુનીતાએ ભાજપના ઉમેદવાર પૂજા આતિશ ઢોરેને માત્ર ૧ મતના અંતરથી હરાવ્યા હતા. ભાજપનાં ઉમેદવાર પ્રમિલા પંચાલ પણ નાંદેડની મુદખેડ નગર પરિષદના પ્રમુખ તરીકે માત્ર એક મતે વિજેતા થયા છે. તેમના હરીફ એઆઇએમઆઇએમ ના ઉમેદવારે ફરીથી મતગણતરી કરવાની માગ કરી હતી, પરંતુ ફરી ગણતરી બાદ પણ તફાવત માત્ર એક મતનો જ રહ્યો હતો.

## ક્લાસિફાઈડ

### ૧૨. યાત્રા સહેલગાહ

■ Private Tours Himachal Ladakh Uttaranchal Rajasthan Kerala Goa Thailand Singapore Dubai રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટ સ્ટેશન Pickup Drop All Over India ડિઝાયર ઇનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ પેકેજ Tatkal Passport, USA Visa Travel Insurance Arrham Holiday 9769977466 / 9892534488 / 9326373672. (બી-૧૬૮૪૮)

### ૧૪. નોકરી ખાલી છે

AN ENGINEERING CO. AT Goregaon (E) requires Junior Accounts Assistant with 1 to 2 years exp. Email: resume@gearsupreme.biz Mobile No. 8850164874. (B-16881)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675 / 9326448699. (કાંદિવલી). (૬૧૪/બી)

મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## છેલ્લા પાનાનું ચાલુ

### ધારાસભ્ય તરીકે

બંધારણીય પદ ધરાવતા હતા, પરંતુ તેઓ વકીલ તરીકે કામ કરતા હતા. રોહતગીએ કોર્ટમાં પ્રશ્ન કર્યો કે, ''શું ૧૯૮૯ માં વકીલ ૩૦,૦૦૦ રૂપિયા કમાઈ શકતો નહોતો?''

આના પર, ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) એ નોટિસ જારી કરીને કહ્યું કે,અરજદારની સજા હાલ પૂરતી સ્થગિત રહેશે જેના લીધે તેમનું વિધાનસભાનું સભ્યપદ સમાપ્ત નહીં થાય. જોકે, કોર્ટે એવી પણ ટિપ્પણી કરી હતી કે આ આદેશ તેમને કોઈપણ નફાકારક પદ પર રહેવાનો અધિકાર આપશે નહીં.

આ કેસમાં ફરિયાદી વતી વરિષ્ઠ વકીલ મનીન્દર સિંહે વાંધો ઉઠાવ્યો અને કહ્યું કે તેમની ફરિયાદ પર કાર્યવાહી કરવામાં આવી છે. આના પર રોહતગીએ વળતો જવાબ આપ્યો કે ફરિયાદી રાજકીય હરીફ છે અને તેમને વાંધો ઉઠાવવાનો કોઈ અધિકાર નથી.

### મતદારોએ પાઠ

ઠાકરે વિરુદ્ધ વાતો કરતા હતા અને હવે રાઉત ઠાકરેના નિવાસસ્થાને જઈ રહ્યા છે. સંજય રાઉત હવે શિવસેના (યુબીટી) ના વડા હોય એવું લાગે છે.' જોકે, શિરસાટે ઉમેર્યું હતું કે રાજ ઠાકરે રાજકારણમાં ચોક્કસ કદ ધરાવે છે અને તેઓ રાઉતને ગંભીરતાથી લેશે નહીં. છત્રપતિ સંભાજીનગરમાં નગર નિગમ ચૂંટણી માટે શિવસેના અને ભાજપ વચ્ચેના જોડાણ વિશે પૂછવામાં આવતા, શિરસાટે એવો દાવો કર્યો હતો કે એકનાથ શિંદેની આગેવાની હેઠળની પાર્ટી શહેર અને જિલ્લામાં 'ઉચ્ચ હાથ' હોવા છતાં બેઠકોનો મોટો હિસ્સો માગતી નથી.

'અમારું માનવું છે કે સમાન વિચારધારા ધરાવતા પક્ષોએ સાથે આવીને ગઠબંધન બનાવવું જોઈએ. મેં આ માટે પહેલ કરી છે અને અમને આજ સુધીમાં અંતિમ પરિણામની અપેક્ષા છે,' એવો દાવો શિરસાટે કર્યો હતો.

### વિજય બાદ

આવ્યું હતું કે, મહાપાલિકાની ચૂંટણીઓમાં દેવેન્દ્ર ફડણવીસ જ 'ધૂરંધર' સાબિત થયા છે આગળ પણ રહેશે. ભાજપે શિવસેના યુબીટીના વડા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેને ''રહેમાન ડાકુ'' કહ્યા છે. ભાજપના મતે, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે નગરપાલિકા અને નગર પંચાયતની ચૂંટણીમાં તેમના વિરોધીઓને હરાવ્યા હવે, મ્યુનિસિપલ ચૂંટણીમાં પણ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ''ધૂરંધર'' જ સાબિત થશે. તેમણે કહ્યું કે ઉદ્ધવ ઠાકરે, આદિત્ય ઠાકરે અને રાઉત ''રહેમાન ડાકુ'' છે, કારણ કે તેમણે છત્રપતિ સંભાજીનગરનું નામ બદલવા સામે અરજી દાખલ કરનારાઓને શિવસેના (યુબીટી)માં સામેલ કર્યા હતા.

મહારાષ્ટ્ર ભાજપના મીડિયા વિભાગના પ્રમુખ નવનાથ બાને જણાવ્યું છે કે હારના ડરથી રચાયેલ ઠાકરે બંધુઓનું ''ભય સંગમ'' નાટક નિષ્ફળ જશે. આગામી મ્યુનિસિપલ ચૂંટણીઓમાં હારના ડરથી ઠાકરે બંધુઓ એક સાથે આવી રહ્યા છે. આ ''પ્રીતિ સંગમ'' નથી, પરંતુ ''ભય સંગમ'' છે. મતદારો આ ''ભય સંગમ'' (ભય સંગમ) પ્રયોગને નિષ્ફળ બનાવશે. બાને કહ્યું કે ઉદ્ધવ ઠાકરેએ એક સમયે પોતાના ભાઈને ઘરમાંથી કાઢી મૂક્યો હતો, મનસે પાર્ટી તોડવાનો પ્રયાસ કર્યો હતો, અને હવે હારના ડરથી તે જ ભાઈ પ્રત્યે ખોટો પ્રેમ બતાવી રહ્યા છે. ભાજપના નેતાએ કહ્યું કે જ્યારે રાજ ઠાકરે ૧૦૦ બેઠકની માગ કરી રહ્યા છે, ત્યારે માત્ર ૬૦ બેઠક આપીને ઉદ્ધવ જૂથ મનસેને ખૂશ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. ભાજપે સંજય રાઉત પાસેથી મ્યુનિસિપલ અને નગર પરિષદની ચૂંટણીઓમાં ભાજપ દ્વારા પૈસા ઉડાડવાના રાઉતના આરોપો અંગે પુરાવા માગ્યા છે અને પાર્ટીએ તેમને અર્થહીન નિવેદનો આપવાનું બંધ કરવા વિનંતી કરી હતી. રોહિત પવારે કોંગ્રેસને ભાજપની ''બી ટીમ'' ગણાવવાના હાસ્યાસ્પદ આરોપ બદલ બાન પર વળતો પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું કે રોહિત ઈર્ષ્યાથી આવા આરોપો લગાવી રહ્યા છે, કારણ કે મહાવિકાસ આઘાડીના ઘટક કોંગ્રેસે પવારના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી કરતા ત્રણ ગણી વધુ બેઠક જીતી છે. ભાજપે જણાવ્યું હતું કે નીલેશ રાણે મહાયુતિનો ભાગ છે. સિંધુદુર્ગમાં, ગઠબંધન કેટલાક મતવિસ્તારોમાં નિષ્ફળ ગયું, જેના કારણે અલગ ચૂંટણીઓ થઈ. કેટલાક મતભેદો હતા, પરંતુ તેમની વચ્ચે કોઈ દુશ્મનાવટ નથી.

### લવાસા પ્રોજેક્ટ

કાનૂની જોગવાઈ બતાવવામાં નિષ્ફળ ગયા છે કે જેના દ્વારા કોર્ટ, તેના નાગરિક અધિકારક્ષેત્રનો ઉપયોગ કરતી વખતે, પોલીસને પ્રથમ માહિતી અહેવાલ નોંધવાનો નિર્દેશ આપી શકે.જાધવની જાહેર હિતની અરજીમાં નિર્દેશ માંગવામાં આવ્યો હતો કે પુણે જિલ્લાના લવાસામાં હિલ સ્ટેશન બનાવવા માટે ગેરકાયદે પરવાનગી આપવા બદલ શરદ પવાર, સુળે અને અજિત પવાર સામે કેસ નોંધવા માટે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને આદેશ આપવામાં આવે.

ફેબ્રુઆરી ૨૦૨૨માં, જ્યારે જાધવે લવાસાને આપવામાં આવેલી ખાસ પરવાનગીઓને ગેરકાયદે જાહેર કરવાની માંગ કરતી અરજી દાખલ કરી ત્યારે હાઈકોર્ટે હસ્તક્ષેપ કરવાનો ઇનકાર કર્યો હતો. જોકે, હાઈકોર્ટે નોંધ્યું હતું કે શરદ પવાર અને તેમની પુત્રી દ્વારા કેટલાક પ્રભાવનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું જણાય છે.સીબીઆઈ તપાસની માંગ કરતી ૨૦૨૩માં દાખલ કરાયેલી નવી જનહિત અરજીમાં, જાધવે કહ્યું કે તેમણે ડિસેમ્બર ૨૦૧૮માં પુણે પોલીસ કમિશનરને પવાર અને અન્ય લોકો સામે તપાસની માગણી કરતી ફરિયાદ નોંધાવી હતી, પરંતુ પોલીસે કોઈ કાર્યવાહી કરી ન હતી.

### વિકાસના દૃષ્ટિકોણથી

સમર્પણના પરિણામે નિર્ણાયક વિજય થયો છે.'લોકોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના વિકાસલક્ષી દ્રષ્ટિકોણને સમર્થન આપ્યું, જેના કારણે આ વિજય શક્ય બન્યો, એમ તેમણે કહ્યું હતું.

થાણેમાં આગામી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓની પૃષ્ઠભૂમિમાં કાર્યકર્તા સંવાદ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો ઉદ્દેશ જિલ્લા સ્તરે સંગઠનને મજબૂત બનાવવાનો હતો. રાજ્ય ભાજપ વડાએ પદાધિકારીઓ, કાર્યકરો અને મહિલા પાંખના યોગદાનની પ્રશંસા કરતા કહ્યું કે પાર્ટીએ ૨૩૬ બેઠકોમાંથી ૧૩૪ બેઠકો પર ચૂંટણી લડી હતી તે સ્થાનિક સ્તરે દર્શાવેલ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. ચવ્હાણે કહ્યું હતું કે પાર્ટી મહારાષ્ટ્રમાં ૫૧ ટકા જનસમર્થન મેળવવાનો લક્ષ્યાંક ધરાવે છે. 'આ માટે, દરેક નાગરિક સાથે સીધા સંપર્ક પર ધ્યાન કેન્દ્રિત કરીશું. ભાજપ એક મજબૂત સંગઠન છે જે પાયાના સ્તરે કામ કરે છે અને એકવાર જવાબદારી સોંપાઈ જાય પછી, અમારા કાર્યકરો તેને સંપૂર્ણ સમર્પણ સાથે પૂર્ણ કરે છે,' એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું હતું કે ભાજપના કાર્યકરોએ સરકારી યોજનાઓને અસરકારક રીતે લોકોના ઘરઆંગણે પહોંચાડી, જેનો મતદારો પર સકારાત્મક પ્રભાવ પડ્યો.

### પીએમના વિકાસ

સંસ્થામાં પ્રમુખના ૨૦૭ પદો જીત્યા હતા. વિપક્ષી મહા વિકાસ આઘાડીનો સામૂહિક આંકડો ૪૪ છે. ચૂંટણીપંચના જણાવ્યા અનુસાર, ભાજપે નગર પરિષદના પ્રમુખોના ૧૧૭ પદો, શિવસેનાએ ૫૩ પદો અને એનસીપીએ ૩૭ પદો જીત્યા. કોંગ્રેસે ૨૮, એનસીપી (એસપી) એ સાત પદો અને શિવસેના (યુબીટી) એ નવ પદો જીત્યા છે. નાગપુરના સત્તાવાર નિવાસ સ્થાન રામગીરી બંગલોમાં એક પત્રકાર પરિષદને સંબોધતા મુખ્ય પ્રધાને કહ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીએ નાગપુર જિલ્લામાં વિપક્ષનો ગઢ તોડી નાખ્યો છે. 'રવિવારના પરિણામોએ સ્પષ્ટપણે બતાવ્યું છે કે ભાજપ મહારાષ્ટ્રમાં સૌથી મોટી પાર્ટી છે. ૩૦૦૦થી વધુ ભાજપના કાઉન્સિલરો ચૂંટાયા છે. રાજ્યના લોકોએ પીએમ મોદીના વિકાસ દ્રષ્ટિકોણમાં વિશ્વાસ દર્શાવ્યો છે,' એમ ફડણવીસે કહ્યું હતું. 'નાગપુર જિલ્લામાં, ભાજપે અનેક કાઉન્સિલોને કોંગ્રેસમુક્ત બનાવી છે. રાજ્ય સરકાર જિલ્લામાં મોટા વિકાસલક્ષી પરિવર્તન લાવશે,' એમ તેમણે કહ્યું હતું અને પાર્ટીના કાર્યકરોને પ્રચંડ જીતથી અહંકારી ન બનવા વિનંતી કરી હતી. મહાયુતિને મળેલા વિશાળ જનાદેશથી દરેક કાર્યકર્તા મહારાષ્ટ્રના લોકો માટે વધુ કામ કરવા માટે પ્રેરિત થશે, એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. રાજ્યના મહેસૂલ પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા ચંદ્રશેખર બાવનકુળેએ નાગપુર જિલ્લાના લોકોનો પીએમ મોદી અને સીએમ ફડણવીસની 'ડબલ એન્જિન' સરકાર પર વિશ્વાસ કરવા બદલ આભાર માન્યો હતો.'મુખ્ય પ્રધાન ફડણવીસે નાગપુર જિલ્લામાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સ માટે ૬૫૦૦ કરોડ રૂપિયા આપ્યા છે.

## હિન્દુ મરણ

ચાણસ્મા રહેવાસી હાલ મુંબઇ સ્વ. જશવંતલાલ છગનલાલના સુપુત્ર અશોકભાઇ જશવંતલાલ પટેલ (ઉં. વ. ૬૬) તા. ૨૧-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે નીતાબેનના પતિ. કિંજલ, નિશીતના પિતાશ્રી. અરુણાબેન, પલ્લવીબેનના ભાઇ. ગીતાબેન હસમુખભાઇ પટેલના જમાઇ.

**કોળી પટેલ**

ગામ ખરસાડ મોરા ફળિયા હાલ મલાડના રહેવાસી મંજુલાબેન દિલીપભાઇ પટેલ તા. ૧૫-૧૨-૨૫ના સોમવારના રોજ વૈકુંઠધામ સિધાવ્યા છે. તેમની બારમીની વિધી (પુષ્પાંજલિ) શુક્રવાર, તા. ૨૬-૧૨-૨૫ના બપોરે ૩થી સાંજે ૫ વાગ્યા સુધી નિવાસસ્થાને રાખવામાં આવશે. ઠે. એ વિંગ, ફ્લેટ નં.૫૦૩, હીરા કુટીર સોસાયટી, દફતરી રોડ, શિવાજી ચોક, મલાડ (પૂર્વ), મુંબઇ-૯૭. લૌકિક રિવાજ બંધ રાખવામાં આવેલ છે.

**કચ્છી ગુર્જર**

ગામ કચ્છ મુંદ્રાના હાલ ઘાટકોપર રાજેશ ચંદુલાલ શાહ (ઉં. વ. ૭૧) શનિવાર, તા. ૨૦-૧૨-૨૫ના પાવનભૂમિ ગિરનાર તિર્થ મુકામે અરિહંતશરણ પામેલ છે. સ્વ. માતુશ્રી લીલાવતીબેન ચંદુલાલ શાહના સુપુત્ર. રાજુલબેનના પતિ. દ્રષ્ટિ શ્રીરામ શાહ, મુક્તિ સાગર શાહના પિતાશ્રી. અર્જુન-અનાઇકાના નાના. સ્વ. હીના ચંદ્રકાંત સંઘવી, રશ્મિકાંતભાઇ, પન્નાબેન જયંત ગાંધીના ભાઇ. સ્વ. હંસાબેન આનંદભાઇ શાહ (ચેન્નઇ)ના જમાઇ. પ્રાર્થનાસભા ગિરનાર તિર્થ ભાવયાત્રા, સુમતિ ગુર્જર ભવન, સ્વસ્તિક પાર્ક, સુશ્રુત હોસ્પિટલની સામે, ચેમ્બુર, મુંબઇ-૪૦૦૦૭૧. બુધવાર, તા. ૨૪-૧૨-૨૫ના બપોરે ૩થી ૫.

**સુરતી વિશા લાડ વણિક**

ચંપકલાલ મંગળદાસ મારફતિયા (ઉં. વ. ૯૧) તે સ્વ. ઉષાબેનના પતિ. જયેશ, નૈમિષના પિતા. અલ્પા, બેલાના સસરા. નિરાલી રાહુલ લાલચંદાની, હીનાલી અભિષેક લાઠ, આરુષના નાના. હર્ષના દાદા. તા. ૨૨-૧૨-૨૫ના સ્વર્ગવાસ પામ્યા છે. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૨૩-૧૨-૨૫ના ૫થી ૬.૩૦. ઠે. લક્ષ્મીનગર હોલ, ૧૦મો રસ્તો, ખાર (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

કચ્છ માંડવી હાલ ચેમ્બુર સૌ. મીરાબેન જમનાદાસ કલ્યાણજી ઠક્કરના પુત્રવધૂ સૌ. પ્રીતી રાજેશ ઠક્કર (ઉં. વ. ૫૭) રાજેશના ધર્મપત્ની. કચ્છ કુંદરોડીના સ્વ. શાંતાબેન લાલજી કુંવરજી વિસરીયાના સુપુત્રી. સમીર, પ્રશાંત અને પાર્થના માતુશ્રી. સૌ. વિધીના સાસુ. જગદીશ અને જીતેન્દ્રના ભાઇના પત્ની. તા. ૨૧-૧૨-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૩-૧૨-૨૫ના શ્રીજીરાવલા દેરાસર, દેરાસર લેન, ઘાટકોપર (પૂર્વ), સાંજે ૪થી ૫.૩૦. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**હાલાઇ લોહાણા**

થાણા નિવાસી ગં. પુષ્પાબેન ચંદ્રકાન્ત ઠક્કર (જોબનપુત્રા) (ઉં. વ. ૮૫) તે સ્વ. ચંદ્રકાંત રામદાસ જોબનપુત્રાના ધર્મપત્ની. તે સ્વ. મંગલદાસ, તેમ જ સ્વ. પરસોતમદાસ, સ્વ. નીમુબેન નટવરલાલ સાતા (કલ્યાણ)ના ભાભી. સંદીપ, રેખા મુકેશકુમાર કાનાબાર, ચી. નીલા સુનીલકુમાર પજવાણી તથા ચી. પ્રજ્ઞા નીતિનકુમાર અમલાણીના માતુશ્રી. વૈશાલીના સાસુ. ચી. પ્રતીકના દાદી. સ્વ. ધનકોરબેન ચત્રભુજ સુંદરજી પંચમતીયાના દીકરી. તે સોમવાર, તા. ૨૨-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૨૩-૧૨-૨૫ના ૪.૩૦થી ૬. ઠે. રઘુવંશી હોલ, થાણા હાલાઇ લોહાણા મહાજનવાડી, ખારકર આળી થાણા (વેસ્ટ).

**કપોળ**

મહુવાવાળા હાલ કાંદિવલી સ્વ. હરસુમન અનંતરાય ગાંધીના પત્ની સરલાબેન (ઉં. વ. ૮૦) શનિવાર તા. ૨૦-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે હેમલ અને સચિનના માતા. તે રાજવી અને અલ્પાના સાસુ. મીત અને દેવના દાદી. પિયરપક્ષે કેરીયા નાગસવાળા સ્વ. સવિતા ધનજી ભગવાનદાસ મહેતાની પુત્રી. લૌકિક પ્રથા બંધ છે.

**વીસા નાગર વણિક**

મુંબઇ નિવાસી ચંદ્રકાંત દેવીદાસ મરચંટ (ઉં.વ. ૯૯) તા. ૧૭-૧૨-૨૫ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કુસુમબેનના પતિ અને મયુરી અને જયશ્રીના પિતા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા મોઢ વણિક**

હાલ કાંદિવલી સુનીલભાઇ ભાઇલાલ દેસાઇના ધર્મપત્ની જીવંતિકાબેન (ઉં. વ. ૭૨) તા. ૨૧-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે રીના આશિષ મોદી, દીપ્તિ કણાદ ગાંધી અને તેજસના માતુશ્રી. ઝંખનાના સાસુ. તે નયના રાજેશ શાહ, જયશ્રી શશી નાયરના ભાભી. ક્રિશીવ અને વાર્યાના દાદી. પ્રથમ પુષ્ટિ અને તનીષાના નાની. સ્વ. ચંદ્રકાંત છબીલદાસ શાહના બહેન. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૫-૧૨-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. હાલાઇ લોહાણા બાળાશ્રમ, અતુલ ટાવરની બાજુમાં, મથુરાદાસ, એક્સટેન્શન રોડ, કાંદિવલી (વેસ્ટ), લૌકિક ક્રિયા બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

ચમારડી નિવાસી હાલ બોરીવલી, કિરીટભાઈ નાગરદાસ ડુંગરાણી (ઉં. વ. ૭૫) તે ભારતીબેનના પતિ. ઉમેદરાય કે. બાબરીયાના જમાઇ. ફાલ્ગુની સંજીવ કાચલીયા અને સમીરના પિતાશ્રી. સ્વ. સતીષભાઇ, કૌશીકભાઇ, સ્વ. પ્રતિપભાઇ, અતુલભાઈ અને સ્વ. રસીલાબેન મહેન્દ્રકુમાર વખારીયાના ભાઇ. અ.સૌ વૈશાલી ડુંગરાણી અને સંજીવ કાચલીયાના સસરા રવિવાર તા. ૨૧-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૫/૧૨/૨૫ના ૪ થી ૬, સર્વોદય હોલ, એલ.ટી. રોડ, ડાયમંડ ટોકીઝ સામે, બોરીવલી વેસ્ટ.

**કપોળ**

ભાવનગર નિવાસી હાલ અમદાવાદ, સરસ્વતીબેન વિનોદકાન્ત ગાંધી (ઉં. વ. ૯૭) તે મીરા, ધીરેન, ગૌરાંગના માતુશ્રી. બકુલભાઈ અવરાણી, કિન્નરી, હર્ષિકાના સાસુ પિયરપક્ષે રાજુલાવાળા તાપીદાસ મનમોહનદાસ દ્રેશીના દીકરી. ૧૭/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

દેલવાડાવાળા હાલ મુરુડ-જંજીરા, સ્વ. રૂક્ષ્મણીબેન રતિલાલ સંઘવીના પુત્ર હરીશભાઈના ધર્મપત્ની સૌ. જસુબેન (ઉં. વ. ૭૫) તા. ૧૮/૧૨/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. રાજીવના માતુશ્રી. આરતીના સાસુ. વ્યોમના દાદી. ગં.સ્વ. દુલારી ચંદ્રકાંત ભુવાના ભાભી. કોઈમ્બતુરવાળા લીલાવતી રણછોડદાસ શાહની પુત્રી.

**કચ્છી ભાટિયા**

કિન્નરી સુરેશ શ્રોફ (ઉં. વ. ૪૫) તે રજની સુરેશ શ્રોફની પુત્રી. કપીલની બહેન. શાંતીબેન ધરમસિંહની પૌત્રી. ભાવના ભૂપેન્દ્ર અશર, સ્વ. પુષ્પકુમાર, અનિલ પાલેજાની ભાણેજ શનિવાર, તા. ૨૦-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૩-૧૨-૨૫, સાંજે ૫ થી ૭. સ્થળ શ્રી હાલાઈ લોહાણા બાલાશ્રમ, અતુલ ટાવર પાસે, મથુરાદાસ એક્ષ્ટેન્શન રોડ, કાંદિવલી વેસ્ટ.

## પારસી મરણ

ઝરીન અરદેશર બીલ્લીમોરીયા તે અરદેશર પી. બીલ્લીમોરીયાના ધણીયાની. તે મરહુમો એમી તથા દારા મેહેરહોમજીના દીકરી. તે બુરઝીન એ. બીલ્લીમોરિયા તે ફીરોઝા એ. કોન્ટ્રાક્ટરના મમ્મી. તે મેહેર બી. બીલ્લીમોરીયા ને ડૉ. આશીશ કોન્ટ્રાક્ટરના સાસુજી. તે પરવીન પી. ભુજવાલાના બહેન. તે શનાયા એ. કોન્ટ્રાક્ટરના મમયજી. (ઉં. વ. ૮૬) રે. ઠે. સી-૧૪, નેશબાગ, નાના ચોક, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા: તા. ૨૩-૧૨-૨૫ ને બપોરે ૩.૪૫ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઓલબ્લેસ બંગલીમાં.

## જૈન મરણ

**ઝાલા. દશા શ્રીમાળી દે. જૈન**

વઢવાણ નિવાસી હાલ મુંબઇ સ્વ. અમૃતલાલ પોપટલાલ મણિયારના સુપુત્ર રસીકભાઇ અ. મણીયાર (ઉં. વ. ૯૨) તા. ૨૧-૧૨-૨૫ના રવિવારે અરિહંતશરણ પામેલ છે. તે સુશીલાબેનના પતિ. સ્વ. લક્ષ્મીબેન ચુનીલાલ ગફરદાસના જમાઇ. સ્વ. લીલાવતી જગજીવનદાસ શાહ, નવીનભાઇ, રંજનબેન કાંતિલાલ શાહના ભાઇ. સ્વ. મુક્તાબેન નવીનભાઇ મણીયારના જેઠ. હેમલ સંજીવ શેઠ, રૂપલ (ભવ્યા) સંજય શેઠ, સેજલ વિજય મણિયારના મોટા પપ્પા. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

કામરોળા મહુવાવાળા હાલ કાંદિવલી, સ્વ. નાગરદાસ દિપચંદ શાહના પુત્ર કનૈયાલાલ શાહ (ઉં. વ. ૮૨) તે કળાબેનના પતિ. સ્વ. જયસુખભાઇ, સ્વ. અરવિંદભાઈ, કિરીટભાઈ, કુંદનબેન સુરેશકુમાર પારેખના ભાઈ. જતીન, અમિત (પપ્પુ), ધર્મેશ (ચિન્ટુ)ના પિતા. સાસરાપક્ષે મણિલાલ જીવણલાલ ખંડેરાવાળા (તળાજા) ના જમાઈ ૨૦/૧૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ કાંદીવલી, ગિરીશકુમાર જાદવજી ગાંધી (ઉં. વ. ૭૬) તા. ૨૦/૧૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રતિક અને મોનાલીના પપ્પા. સ્વ. કાંતિભાઈ, સ્વ. પ્રવીણભાઈ, સુરેશભાઇના ભાઈ. હેમલ અને રવિકુમારના સસરા. અદિતિના નાના. હેતી અને નિકિતના દાદા. નેમચંદ રાયચંદ શાહના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી સઈ સુતાર જ્ઞાતિ**

સુદામડા નિવાસી હાલ કાંદિવલી, ગં.સ્વ. ઈલાબેન જીતેન્દ્રભાઈ ગોહિલ (ઉં. વ. ૭૦) તા. ૨૦/૧૨/૨૫ના અક્ષરનિવાસી થયેલ છે. તે સ્વ. જિતેન્દ્ર ગોપાળજી ગોહિલના ધર્મપત્ની. સ્વ. ગોપાલજી છગનલાલ ગોહિલના પુત્રવધુ. ભાવિન અને મનોજના માતૃશ્રી તથા ફોરમના સાસુ, સહજના દાદી, મગનલાલ કુંવરજી ખાંભડીયાના દીકરી. બંને પક્ષની સાદડી તા. ૨૨/૧૨/૨૫ના સોમવારના ૪ થી ૬. સ્થળ: શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ હોલ, જૈન મંદિર, ભગત કોલોની, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

શેરડીના અરૂણા ડૉ. નવિન ધારશી દેઢીયાના સુપુત્રી ડૉ. પારૂલ અગ્રવાલ (ઉં. વ. ૫૦) ૨૦-૧૨-૨૫ના અવસાન પામેલ છે. ડો. મનીષ અગ્રવાલના પત્ની. સ્વ. સૃષ્ટી, રાધેના માતાજી. બાડાના ફાગુન નેહલ ગડા, શેરડીના ભાવના ડો. મયંક દેઢીયાના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ડૉ. મનીષ અગ્રવાલ, બીલ્ડીંગ નં. ૮૯, રૂમ નં. ૦૦૧, પી.એમ.જી.પી. મ્હાડા કોલોની, માનખુર્દ (વે).

કુંદરોડીના શાંતાબેન લાલજી (મગનભાઈ) કુંવરજી વિસરીયાના સુપુત્રી અ.સૌ. પ્રિતિ રાજેશ ઠક્કર (ઉં. વ. ૫૮) તા. ૨૧.૧૨.૨૫ના અવસાન પામ્યા છે. માંડવીના મીરાબેન જમનાદાસ કલ્યાણજી ઠક્કરના પુત્રવધુ. રાજેશના ધર્મપત્ની. સમીર, પાર્થ, પ્રશાંતના માતુશ્રી. ગિરીશ, પંકજ, નીરૂ ચંપક ગંગર, ભારતી જયંત ઘનજી, ચેતના મનોજ રામજીના બેન. પ્રા. શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જૈન દેરાસર, દેરાસર લેન, ઘાટકોપર (ઈસ્ટ). ટા. ૪ થી ૫.૩૦.

બિદડાના જયંતીલાલ પ્રેમજી દેઢીયા (પેથાણી) (ઉં. વ. ૭૭) તા. ૨૧-૧૨-૨૫ના અવસાન પામેલ છે. મા. સાકરબાઇ/વેલબાઇ પ્રેમજી વીજપારના પુત્ર. સ્વ. જયવંતીના પતિ. જયેશના પિતા. પ્રભાવતી વશનજી, રત્નપ્રભા દામજી, જ્યોતિ કાંતીલાલના દિયર/જેઠ/ભાઇ. ના. આસંબીયા મા. હીરબાઇ મોરારજી ગાલાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પુનમ જયેશ દેઢીયા, બી-૫૨, ઐશ્વર્યા ટાવર, ગૌશાલા રોડ, મુલુંડ (વેસ્ટ).

તલવાણાના સુંદરબેન રતિલાલ ફુરીયા (ઉં. વ. ૮૫), તા. ૨૦-૧૨-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ભાણબાઈ કુંવરજીના પુત્રવધૂ. રતિલાલના પત્ની. ભારાપુરના મકાબાઇ તેજશી શીવજીના પુત્રી. દેવજી, મેઘજી, પ્રેમજી, મણીબેન શામજી, રતનબેન ભવાનજીના બેન. પ્રા. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સં.શ્રા.સં. કરસન લધુ નિસર, દાદર (વે), ટા.૪ થી ૫.૩૦. નિ.: ધવલ દેઢિયા, એ-૨૦૩, સીગ્મા એમરાલ્ડ, સાંતાક્રુઝ (ઈ) ૮૦.

કુંદરોડીના માતુશ્રી સુંદરબેન મણીલાલ છેડા (ઉં. વ. ૭૭) તા. ૨૦-૧૨-૨૫ ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન ખીમજી હેમરાજ છેડાના પુત્રવધુ. સ્વ. મણીલાલના પત્ની. અક્ષય, રીમાના માતા. પુનડીના જવેરબેન હીરજી સંગોઇના પુત્રી. ભોગીલાલ, દિનેશ, દેવપુરના રંજન શાંતિલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મણીલાલ છેડા, ૨, ન્યુ ડિલક્ષ એપાર્ટમેન્ટ, ૬૬૪, અલ્ટમાઉન્ટ રોડ, મું. ૨૬.

પત્રીના ભારતીબેન ધીરજલાલ ગાલા (ઉં. વ. ૬૮) તા. ૧૯-૧૨-૨૦૨૫ના અવસાન પામ્યા છે. ભાનુમતી ભાણજી નાનજી ગાલાના પુત્રવધૂ. ધીરજલાલના પત્ની. હાર્દિકના મમ્મી. કસ્તુરબેન મેઘજી સાવલાના પુત્રી. હરખચંદ, ઉર્મીલા, દિપકના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. શાંતીલાલ ઘરોડ, ૪૦૧, પાર્શ્વ એપાર્ટમેન્ટ, ડો. આંબેડકર રોડ, મુલુંડ (વે.), મું. ૮૦.


મકડાના કેશવજી મેઘજી વીરા (ઉં. વ. ૮૩) તા. ૨૧-૧૨-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. દેવકાબેન મેઘજી હેમાના પુત્ર. નાનબાઇ/પાનબાઇના પતિ. અરવિંદ, પરેશના પિતાશ્રી. લક્ષ્મીબેન, કાનજીના ભાઇ. કોટડી (મ.)ના હીરબાઇ વસનજી ખીંયશી, નરેડીના નાનબાઇ શામજી જેઠાના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા. સંઘ કરસન લધુ નિસર હોલ દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦. ત્વચાદાન કરેલ છે.

પત્રીના ભાણજી ખીમજી ગડા (શાહ) (ઉં. વ. ૮૧) તા. ૨૦-૧૨-૨૫ ના અવસાન પામેલ છે. પાનબાઈ ખીમજી વરજાંગના પુત્ર. લક્ષ્મીના પતિ. નીતા, તરૂણા, મનોજ, દિપેશના પિતા. હીરજી, દમયંતી, તારામતી, પુષ્પા, નીતીનના ભાઈ. વડાલા ખેતબાઈ રામજી શિવજીના જમાઈ. ત્વચાદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. ઠે. દિપેશ ગડા, જી-૪૦૫, નવનીતનગર, દેશલેપાડા, ડોંબિવલી (ઈ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

## તન-મન-ધનથી રહો તરોતાજા

# એકલી આર્થિક સંપત્તિ હાનિકારક નીવડે છે




### મારું પોતાનું અર્થતંત્ર

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

રાણી કૈકેયી બુદ્ધિશાળી સ્ત્રી હતી અને રાજા દશરથની પ્રિય પત્ની હતી. દશરથ પ્રત્યે એ સંપૂર્ણપણે વફાદાર હતી અને હંમેશાં એનું ભલું ઈચ્છતી. દશરથને પણ એના પ્રત્યે ખૂબ લાગણી હતી અને મૂંઝવણમાં હંમેશાં એની સલાહ લેતા.

રામાયણની કથાથી પરિચિત એવા લોકો જાણે છે કે કૈકેયીને રામ પર અપાર શ્રદ્ધા હતી. રામ પર એ ભરોસો મૂકતી હતી. કેટલીય વાર એણે રાજા દશરથને કહ્યું સુધ્ધાં હતું કે મને મારા સગા દીકરા ભરત કરતાં રામ પર વધારે વિશ્વાસ છે. આમ છતાંય જ્યારે રામના રાજ્યાભિષેકનો અવસર આવ્યો ત્યારે કૈકેયીએ રાજગાદી પોતાના દીકરાને મળે એવી કામના કરી, એટલું જ નહીં, રામને વનવાસ મોકલી આપ્યા. આનું કારણ એ હતું કે તે સમયે એના મન પર આધિપત્ય જમાવનાર લાગણી ભયની હતી. એને ડર હતો કે જો રામ અયોધ્યાના રાજા બનશે તો સ્વાભાવિક રીતે અને માતા હોવાના નાતે કૌશલ્યાને રાજમાતાનો દરજ્જો મળશે. આથી કૌશલ્યાનું સ્થાન ખૂબ મજબૂત બની જશે અને પોતે એના કહ્યામાં રહેવું પડશે.

જ્યાં સુધી કૈકેયીનું મન સ્થિર હતું ત્યાં સુધી બધું બરાબર હતું, પણ જેવી ડરની લાગણીએ એના પર મન પર કબજો જમાવ્યો, કૈકેયીનાં દૃષ્ટિકોણ અને પ્રતિક્રિયાઓ બદલાઈ ગયાં.

હવે દર્શના અને હરેશની વાત કરીએ. તેઓ થોડો બેચેની અનુભવી રહ્યાં છે. આગલી સાંજે પાર્ટી દરમિયાન એમણે પોતાનાં મિત્રદંપતી લીના અને રોહનની શાનદાર એસયુવી કાર જોઈ હતી. આમ તો તેઓ બહુ સારા મિત્રો છે, છતાંય કાલથી અદેખાઈની લાગણીએ દર્શના અને હરેશના મન પર કબજો જમાવી દીધો છે. હવે તેઓ પણ એક એસયુવી ખરીદવા માગે છે. હકીકત તો એ છે કે હરેશે હમણાં જ નવો બિઝનેસ શરૂ કર્યો હોવાથી આટલી મોટી ખરીદી કરવી એને પરવડે તેમ નથી, છતાંય અદેખાઈની લાગણી એટલી બળવત્તર છે કે લૉન લઈનેય નવી કાર ખરીદવાનો પતિ-પત્ની નિર્ણય કરી નાખે છે.

આપણો સૌથી મોટો દુશ્મન ખુદ આપણે જ હોઈએ છીએ. આપણું મન ઉત્પાત મચાવી મૂકે છે અને જાતજાતની લાગણીઓ પેદા કરે છે. આ લાગણી એટલે ડર, ઉચાટ, લોભ, હતાશા, અહંકાર, અદેખાઈ, વાસના વગેરે. એક વાર જે તે લાગણી જાગે એટલે પછી આપણે તેના દૃષ્ટિબિંદુ મુજબ વર્તવાનું શરૂ કરી દઈએ. આપણું મન સતત આ રમત રમતું રહે છે કે જેથી આપણે એના અંકુશ હેઠળ રહીએ. આપણે મનને તાબે થઈ જઈએ છીએ. જે દિવસે આપણે આપણા ખરા આંતરિક વ્યક્તિત્વથી સભાન થઈશું, કે જે મનથી પર છે, તે દિવસથી આપણે મન કહે તે પ્રમાણે વિચારવાનું ને વર્તવાનું બંધ કરી દઈશું. પછી આપણું મન આપોઆપ ઢીલું પડી જશે અને આપણા આદેશ મુજબ વર્તવા લાગશે.

એક સાદું ઉદાહરણ લઈએ. ધારો કે એક પરિવારના સભ્યો નક્કી કરે છે કે આપણી હવે પછીની કાર આપણને સૌને ગમનારી હેચબેક હશે. આવી કારમાં મજા પણ આવશે અને પૈસા પણ બચશે. અહીં સૌ જાણે છે કે એમને શું જોઈએ છે અને તેઓ આ સ્પષ્ટતાના આધારે નિર્ણય લે છે. આ નિર્ણય બીજા કોઈની સંપત્તિ સાથે સરખામણી કરીને લેવાયો નથી. કારકિર્દીમાં અમુક સ્થાન પર પહોંચી ગયા છીએ એટલે મારી પાસે લેટેસ્ટ કાર હોવી જ જોઈએ, પછી એ સંતોષકારક કે ઉપયોગી હોય કે ન હોય - આવી કોઈ લાગણીના આધારે પણ નિર્ણય લેવાયો નથી. મનમાં પેદા થયેલી કોઈ જ બિનજરૂરી લાગણીને ધ્યાનમાં લઈને લેવાયો નથી તેથી પેલા પરિવારના સભ્યો હેચબેકથી ખુશ છે.

હવે માની લો કે કયા પ્રકારની કાર લેવી છે તે નક્કી કર્યું નથી, અથવા કહો કે આપણું દિમાગ આ નિર્ણય સુધી આપણને પહોંચવા જ દેતું નથી. આવી સ્થિતિમાં સૌથી પહેલાં તો કારનું વૈવિધ્ય આપણને ગૂંચવી નાખશે - સેડન લેવી, એસયુવી લેવી કે એસ્ટેટ? મન એક વિકલ્પથી બીજા વિકલ્પ પર કૂદાકૂદ કરતું રહેશે. ત્યાર બાદ, આપણે બીજાઓ સાથે સરખામણી કરવાનું શરૂ કરી દઈશું. પરિવારના બધા સભ્યો અલગઅલગ નામ આપશે. આપણા મનમાં ઝંખના પેદા થશે - મારી પાસે એસયુવી એટલા માટે હોવી જોઈએ કે તેમાં ફરતો હોઈશ તો હું સફળ માણસ ગણાઈશ. અદેખાઈ - મારા મિત્રે જ્યારથી એસયુવી ખરીદી ત્યારથી બહુ દેખાડો કરતો ફરે છે, તો મારે પણ એવી જ ગાડી લઈને સૌને દેખાડી દેવું જોઈએ કે મારામાં પણ આ કાર ખરીદવાની તાકાત છે. હતાશા - ક્યાં સુધી નાની ગાડીમાં ફરીશું? એસયુવીનું સુખ પણ હવે માણીએને! પોસાય એમ ન હોય તો ઉધારી કરીશું, પણ આ વૈભવી ગાડી જોઈએ એટલે જોઈએ જ. મનમાં જાગતી લાગણીઓને વશ થઈએ એટલે આવા બધા વિચારો આવે. આપણે આપણી લગામ મનને સોંપી દઈએ છીએ, એને તાબે થઈ જઈએ છીએ. આવું એટલા માટે કરીએ છીએ કે આપણને ખબર નથી હોતી કે આપણને ખરેખર શું જોઈએ છે.

શા માટે આપણે બીજાઓનું ધ્યાન આકર્ષિત કરવા માગીએ છીએ? આપણો અહમ્ સંતોષવા માટે. આપણે બ્રાન્ડેડ ચીજવસ્તુઓ ખરીદીને અને દુનિયા સામે તેનો દેખાડો કરીને લોકોનું ધ્યાન ખેંચવાની કોશિશ કરીએ છીએ. લોકો મોટી રકમનું દાન કરીને પોતાનું નામ ઘોષિત કરાવે છે. આ બધી ચેષ્ટાઓ પાછળનું કારણ લોકોનું ધ્યાન આકર્ષવાનું હોય છે. આપણા મનમાં અહંકારની લાગણી જાગે છે અને તેને શાંત કરવા આપણે તેના દૃષ્ટિકોણથી વર્તીએ છીએ. જો આપણામાં પર્યાપ્ત માત્રામાં પોતાની જાત પ્રત્યે જાગરૂકતા હશે તો લોકોનું ધ્યાન ખેંચવાની જરૂર નહીં પડે. આત્મસભાનતા હશે તો બ્રાન્ડેડ ચીજવસ્તુઓની આવશ્યકતા નહીં વર્તાય. આપણને આપણી જાતના ખરા મૂલ્યની ખબર હશે. અલબત્ત, સારી બ્રાન્ડની ચીજવસ્તુઓ તો આપણે આત્મસભાન રહીનેય ખરીદી શકીએ છીએ, પણ તે એની ગુણવત્તાને કારણે, લોકોનું ધ્યાન ખેંચવા માટે નહીં.

આપણે બીજાઓનું ધ્યાન ખેંચવા માગીએ છીએ કે ખરેખર સારી ગુણવત્તાવાળી બ્રાન્ડ ખરીદવા માગીએ છીએ તે આપણા માંહ્યલા સિવાય બીજું કોઈ કહી શકે નહીં.

જો આપણને આપણી જાતનો પરિચય નહીં હોય, જો આપણે ખુદના માંહ્યલાને ઓળખતા નહીં હોઈએ, તો આપણે મનમાં જાગતી લાગણીઓ પ્રમાણે સંપત્તિ ખર્ચતાં રહીશું. આમ છતાંય સંતોષ તો નહીં જ મળે. ખર્ચ કર્યા પછીય સુખનો અનુભવ નહીં જ થાય.

વાસ્તવમાં જેની સ્વ વિશેની જાગૃતિ શિખર પર પહોંચી ચૂકી છે એવી વ્યક્તિ લાગણીઓથી પર થઈ જાય છે, મુક્ત થઈ જાય છે. અલબત્ત, આ પ્રકારની મુક્તિ આ પુસ્તકની ચર્ચાનો વિષય નથી.

હંમેશાં એવી જ પ્રાર્થના કરીએ કે હે ભગવાન, અમને સંપત્તિની સાથેસાથે જાત પ્રત્યેની જાગરૂકતા પણ આપ. ■

---

### વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

# આરોગ્ય વીમાનું પ્રીમિયમ EMIથી ચૂકવવાના છો?

## એ પહેલાં આટલું જાણી લેજો...

આરોગ્ય વીમો જરૂરી છે એ વાતમાં બેમત નથી, પરંતુ શું એ વીમાનું પ્રીમિયમ EMI (ઈક્વેટેડ મંથલી ઇન્સ્ટોલમેન્ટ)થી ચૂકવવું જોઈએ? ઘણી કંપનીઓ અને ડિજિટલ પ્લેટફોર્મ્સ વાર્ષિક પ્રીમિયમની રકમ દર મહિને EMIના સ્વરૂપે ચૂકવવાની સુવિધા આપવા લાગી છે.

આ પદ્ધતિ પ્રથમ નજરે સગવડભરી જણાય છે, પરંતુ એની સાથે સંકળાયેલાં અમુક પાસાં અને જોખમો સમજી લેવાં જરૂરી છે.

**EMIથી ચુકવણી**

કેટલીક કંપનીઓ વાર્ષિક પ્રીમિયમના હપ્તા દર મહિને, દર ત્રણ મહિને કે છ મહિને ચૂકવવાની સગવડ કરી આપે છે. એમાં ક્રેડિટ કાર્ડ કે યુપીઆઇ મારફતે વધારાના કોઈ પણ ચાર્જ વગર ચુકવણી કરી શકાય છે. બીજો વિકલ્પ વ્યાજ સાથેની ઈએમઆઇ ચૂકવવાનો હોય છે. EMIથી ચુકવણી કરવાનું પસંદ કરતી વખતે આ વાત ધ્યાનમાં લેજો EMI સ્વરૂપે ચુકવણી કરવાનો વિકલ્પ પસંદ કરતી વખતે એ ધ્યાનમાં લેવું જરૂરી છે કે તમે પ્રીમિયમનો હપ્તો ભલે દર મહિને કે બીજા કોઈ સમયાંતરે ભરતા હો, પરંતુ પોલિસીનો સમયગાળો એક વર્ષનો જ રહેવાનો. આટલું જાણી લીધા બાદ એ પણ સમજી લેવું જરૂરી છે કે EMI નો એક હપ્તો ભરવાનું પણ રહી જાય તો આખી પોલિસી જ લેપ્સ થઈ જાય. એનો અર્થ એવો થયો કે તમે ૧૧ હપ્તા ભર્યા હોય અને ૧ હપ્તો ચૂકી જાઓ તો પણ આખી પોલિસી લેપ્સ થઈ જાય અને તમારું કવરેજ શૂન્ય થઈ જાય. આમ, ઈએમઆઇને એક સગવડ તરીકે જ જોવાની હોય, એના તરફ દુર્લક્ષ થવું જોઈએ નહીં.

**છુપા ખર્ચ**

* પ્રથમ દૃષ્ટિએ કોઈ પણ છુપા ખર્ચ વગરની લાગતી ઑફરમાં પણ અમુક ખર્ચ લાગુ પડતા હોય છે. દા.ત. અમુક નો-કોસ્ટ EMIમાં તમારે પ્રોસેસિંગ ફી કે પ્લેટફોર્મ ચાર્જીસ ભરવાના હોય છે.

* જો તમે ક્રેડિટ કાર્ડની EMIની સ્કીમનો ઉપયોગ કરતા હો તો કાર્ડથી ચૂકવાયેલી રકમ પર વાર્ષિક ૧૨થી ૧૮ ટકાના દરે વ્યાજ ચૂકવવું પડી શકે છે.

* વળી, જો તમે એક પેમેન્ટ ચૂકી જાઓ તો ક્રેડિટ કાર્ડ કંપની તમને દંડ કરી શકે છે અને તમારો ક્રેડિટ સ્કોર બગડી શકે છે.


પોલિસી લેપ્સ થઈ જાય તો કરવેરાનો લાભ પણ જતો રહે આવક વેરાની કલમ ૮૦ડી હેઠળ આરોગ્ય વીમાના પ્રીમિયમની રકમ પર કરવેરાની રાહત મળે છે. એ રાહત ત્યારે જ લાગુ પડે, જ્યારે તમારા આરોગ્ય વીમાનું પ્રીમિયમ બરોબર ચૂકવાયું હોય અને પોલિસી લેપ્સ ન થઈ હોય. જો EMI નહીં ચૂકવવાને લીધે પોલિસી લેપ્સ થઈ જાય તો કરવેરાનો લાભ જતો રહે છે.

**વહીવટી તકલીફો**

તમે EMIની સુવિધા પસંદ કરી હોય તો ક્યારેક ટેક્નિકલ ખામીને લીધે ઑટો ડેબિટ થાય નહીં અને એને કારણે નુકસાન થઈ શકે છે. વળી, બેન્કમાં ઑટો ડેબિટ માટેનું મેન્ડેટ આપવાની કડાકૂટ પણ કરવી પડતી હોય છે. જો કોઈ ટેક્નિકલ ખામીને લીધે ઈએમઆઇ ભરાય નહીં તો પોલિસી ચાલુ રખાવવા માટે તમારે વીમા કંપની પાસે આજીજી કરવી પડે છે અને પત્રવ્યવહાર કે વ્યક્તિગત મુલાકાતની જરૂર પડી શકે છે. આ કામ ઘણો સમય માગી લેનારું અને કડાકૂટભર્યું હોય છે.

**ગજા બહારનો પ્લાન લેવાઈ જવાનું જોખમ**

પ્રીમિયમની ચુકવણી EMIથી કરવાની હોય તો એક



સાથે મોટા પેમેન્ટનો ભાર આવતો નથી. આવામાં શક્ય છે કે લોકો પોતાને પરવડે એના કરતાં વધારે રકમનો વીમો લઈ લે. આ સ્થિતિમાં ભવિષ્યમાં પ્રીમિયમ પાછળ વધારે પડતો ખર્ચ થઈ જવાનું કે પ્રીમિયમ ચૂકવવામાં ડિફોલ્ટ થઈ જવાનું જોખમ પણ રહે છે.

**પોલિસી અધવચ્ચેથી બંધ પડી જવાનું જોખમ**

જો વીમાધારક (નોકરીમાંથી પાણીચું, નાણાંની તંગી, વગેરે કારણોસર) વર્ષમાં વચ્ચે જ ક્યાંકથી EMI ભરવાનું બંધ કરી દે, તો વીમા કંપની પોલિસી રદ કરી શકે છે. આ સ્થિતિમાં આરોગ્ય વીમો કઢાવવા પાછળનો મૂળ હેતુ જ માર્યો જાય છે.

**EMI ની સુવિધા કઈ જૂજ સ્થિતિમાં ઉપયોગી થાય?**

EMIથી વીમાનું પ્રીમિયમ ચૂકવવાની રીત એમ તો સારી નથી, પરંતુ અહીં જણાવ્યા પ્રમાણેની અમુક સ્થિતિમાં એ લાભદાયક પુરવાર થઈ શકે છે:

૧) જો તમે સ્વયં રોજગાર કરનારી વ્યક્તિ હો અથવા તો થોડા સમય પૂરતી નાણાંની તંગી અનુભવતા હો.

૨) આરોગ્ય વીમાની તાત્કાલિક જરૂર હોય, પરંતુ પૂરેપૂરું પ્રીમિયમ ભરી દેવા જેટલી રકમ હાથવગી ન હોય.

૩) જો તમે વધુ મોટી રકમની ફ્લોટર પોલિસી કઢાવવા ઈચ્છતા હો અને પરિવાર પર એનો બોજ આવે નહીં એવું ઈચ્છતા હો.

૪) તમારી ઈએમઆઇ વ્યાજમુક્ત હોય અને વીમા કંપનીએ એને લોનની પ્રોડક્ટ તરીકે નહીં, પરંતુ સ્પષ્ટપણે આરોગ્ય વીમા તરીકે જ એનો દસ્તાવેજ બનાવ્યો હોય

**પ્રીમિયમના પેમેન્ટ માટે ઈએમઆઇની તુલનાએ વધુ સારા વિકલ્પો**

વિકલ્પ સારો હોવાનું કારણ

વાર્ષિક પ્રીમિયમ એક સાથે ભરી દેવું

આ વિકલ્પમાં એક જ વખત પેમેન્ટ કરવાનું હોવાથી એ યાદ રાખવાનું સહેલું હોય છે અને એમાં બીજી કોઈ કડાકૂટ હોતી નથી.

કવરેજ ઓછું લેવું, જેથી પ્રીમિયમનો બોજ આવે નહીં.

તાત્પૂરતું તમે પરવડે એટલી જ રકમની પોલિસી કઢાવી શકો છો અને પછી નાણાંની સગવડ હોય ત્યારે ટોપ અપ લઈ શકાય છે.

**સુપર ટોપ અપ પ્લાન પસંદ કરવો**

મોટી રકમની એક પોલિસી લેવી એના કરતાં નાની રકમની બેઝ પોલિસી લઈને એના પર ટોપ અપ અને સુપર ટોપ અપનું કોમ્બિનેશન ઉમેરાવવું સસ્તું પડે છે.

હેલ્થ વોલેટ/વીમા કંપનીના ટાઇ અપ/ક્રેડિટ કાર્ડ મારફતે ૦ ટકા ઈએમઆઇની પસંદગી કરવી.

પોલિસીની શરતોમાં સ્પષ્ટતા થયેલી હોય અને વીમા કંપની આવી રીતે ચૂકવાયેલા પ્રીમિયમની સામે આખા વર્ષનું કવરેજ આપતી હોય તો બરોબર છે.

**ઉપયોગી સૂચન**

તમારે દર મહિને એક અલાયદા બચત ખાતામાં નાની-નાની રકમ જમા કરતાં જવું, જેથી પછીના વર્ષ માટેના પ્રીમિયમની જોગવાઈ પહેલેથી જ થઈ ગઈ હોય. આ રીતે તમે કોઈ પણ પ્રકારના ધિરાણની મદદ વગર પ્રીમિયમ ચૂકવવાની જવાબદારી યોગ્ય રીતે પાર પાડી શકો છો. આમ, નાણાકીય શિસ્તમાં રહી શકાય છે.

**સમાપન**

આરોગ્ય વીમો લાંબા સમયની જરૂરિયાત હોય છે અને એના પ્રીમિયમની ચુકવણી પણ લાંબા સમય સુધી કરવાની હોય છે. આવા સમયે ઈએમઆઇથી પ્રીમિયમ ચૂકવવાની સુવિધા સારી લાગતી હોય છે, પરંતુ એમાં અમુક જોખમો સંકળાયેલાં હોય છે, જેના વિશે આપણે આ લેખમાં વાત કરી. આથી, શક્ય હોય ત્યાં સુધી આરોગ્ય વીમાનું એક વર્ષનું પ્રીમિયમ એકસામટું ચૂકવવાની તૈયારી રાખવી. જો નાછૂટકે ઈએમઆઇથી ચુકવણી કરવાની સ્થિતિ આવે, તો પોલિસીનો ઝીણવટભર્યો અભ્યાસ કરવો અને આખા વર્ષ માટે લાગુ હોય એવી પોલિસી મળે એવી તકેદારી લેવી. ■

---

### આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# તમે નસકોરાં બોલાવો છો... ક્યાંક સ્લીપ એપનિયા તો નથી ને?

ઊંઘતી વખતે નસકોરાં બોલતા હોય તેવા આપણી આસપાસ ઘણા લોકો જોવા મળશે. આપણે એવું પણ માનતા હોઈએ છીએ કે નસકોરાં બોલાવનાર વ્યક્તિ તેમની આસપાસ ઊંઘતા લોકોની ઊંઘ બગાડે છે. ખરું ને? પરંતુ સાથે એક બીજું સત્ય એ છે કે, જેમના નસકોરાં બોલતા હોય, એ પોતે પણ સારી ઊંઘ લેતા નથી. જેમની અસર તેમના શરીર અને મન બંને પર પડે છે. તે ઉપરાંત નસકોરાં બોલતા હોય તેવી વ્યક્તિ અન્ય એક વિકારથી પણ પીડાતા હોઈ શકે છે, જેને સ્લીપ એપનિયા કહેવાય છે.

સ્લીપ એપનિયા (Sleep apnea) એક એવી સ્થિતિ છે જેમાં ઊંઘતી વખતે શ્વાસ લેવાનું બંધ થઈ જાય છે. આવું એક વખત નહીં, પરંતુ વારંવાર થાય છે. આ સ્થિતિ ધરાવતા લોકો જોરથી નસકોરાં બોલાવે છે અને આખી રાત ઊંઘ્યા પછી પણ થાક અનુભવે છે.

ઓક્સિજનનો અભાવ એક સર્વાઇવલ રીફ્લેક્સને સક્રિય કરે છે,જે આપણને શ્વાસ લેવા માટે પૂરતા પ્રમાણમાં જગાડે છે. તે રીફ્લેક્સ આપણને જીવંત રાખે છે, પણ સાથે તે આપણા ઊંઘ ચક્રમાં વિક્ષેપ પણ ઊભો કરે છે.

**સ્લીપ એપનિયાના મુખ્ય પ્રકાર**

**અવરોધક સ્લીપ એપનિયા:**

તે OSA તરીકે પણ ઓળખાય છે. આ સામાન્ય પ્રકારનું સ્લીપ એપનિયા ત્યારે થાય છે જ્યારે ગળું સાંકડું થવાથી ફેફસાંમાં હવાનો પ્રવાહ અવરોધાય છે.

**સેન્ટ્રલ સ્લીપ એપનિયા:**

CSA તરીકે ઓળખાતા આ પ્રકારનો સ્લીપ એપિનયા ત્યારે થાય છે જ્યારે મગજ શ્વાસ લેવાનું સંચાલન કરતા સ્નાયુઓને યોગ્ય સંકેતો મોકલતું નથી. અર્થાત, મગજ અપેક્ષા મુજબ શ્વાસને નિયંત્રિત કરતું નથી.

ત્રીજા એક વિચિત્ર પ્રકારમાં સ્લીપ સ્ટડી દ્વારા નિદાન કરવામાં આવેલા અવરોધક સ્લીપ એપનિયાની થેરાપી પ્રાપ્ત કરતી વખતે તેનું રૂપાંતર બીજા, CSAમાં રૂપાંતરિત થાય છે. એટલેકે, ઉલમાંથી ચુલમાં પડવા જેવો ઘાટ થાય.




એક અભ્યાસનો અંદાજ છે કે વિશ્વભરમાં લગભગ ૧ અબજ લોકો (૩૦ થી ૬૯ વર્ષની વયના) અવરોધક સ્લીપ એપનિયાથી પીડાય છે. સેન્ટ્રલ સ્લીપ એપનિયા પ્રમાણમાં ઓછું સામાન્ય છે, પરંતુ તે દુર્લભ સ્થિતિ નથી.

**સ્લીપ એપનિયાનાં લક્ષણ:**

અવરોધક સ્લીપ એપિનયા અને સેન્ટ્રલ સ્લીપ એપનિયાનાં લક્ષણો એકબીજા સાથે જોડાયેલા હોય છે. ક્યારેક એ જાણવું મુશ્કેલ હોય છે કે તમને કયા પ્રકારનો સ્લીપ એપિનયા છે. સૌથી સામાન્ય લક્ષણોમાં જે સામેલ છે, તે મોટેથી નસકોરાં બોલવા. એવા કિસ્સાઓ જેમાં ઊંઘ દરમિયાન શ્વાસ બંધ થઈ જાય છે, જેની જાણ બીજી વ્યક્તિ દ્વારા કરવામાં આવે, ઊંઘ દરમિયાન શ્વાસ ચઢવા જેવી સ્થિતિ, જાગતી વખતે મોં સૂકું હોવું, સવારે માથાનો દુખાવો, ઊંઘવામાં તકલીફ (જેને અનિદ્રા કહેવાય છે), દિવસ દરમિયાન વધુ પડતી ઊંઘ (હાઇપરસોમ્નિયાની સ્થિતિ), જાગૃત અવસ્થા વખતે ધ્યાન કેન્દ્રિત કરવામાં તકલીફ, ચીડિયાપણું.

**સ્લીપ એપનિયાનાં જોખમ:**

આ સ્થિતિ કોઈપણ વ્યક્તિને થઈ શકે છે. તે માત્ર પુખ્ત વયના લોકોને જ નહીં, બાળકોમાં પણ જોવા મળી શકે છે. સ્લીપ એપનિયાના કારણે કેટલાક આરોગ્યને લગતાં જોખમો ઊભા થઇ શકે છે, જેમકે, હૃદય રોગ, સ્ટ્રોક અથવા બ્લડ પ્રેશરમાં વધારો, કાકડા મોટા થવા, સ્થૂળતા આવવી વગેરે. જેમ જેમ ઉંમર વધે છે તેમ તેમ જોખમ પણ વધે છે. પુરુષોમાં ૫૦ વર્ષની ઉંમર પહેલાં નિદાન થવાની શક્યતા વધુ હોય છે.

સ્થૂળ વ્યક્તિને સ્લીપ એપનિયાનું જોખમ વધારે હોય છે, પણ તેનો અર્થ એવો નથી કે બીજાને ઓછું જોખમ હોય. કોઈપણ કદ-કાઠીના, કોઈપણ વ્યક્તિને આ સ્થિતિ થઈ શકે છે. ‘અમેરિકન મેડિકલ એસોસિએશન’ના કહેવા મુજબ, નસકોરાં બોલવા એ હંમેશાં નિશાની નથી હોતી. જો નસકોરાં બહુ ઓછા હોય તો પણ તમને ચોક્કસપણે સ્લીપ એપિનયા હોઈ શકે છે.

**વિવિધ પરીક્ષણ શું દર્શાવે છે?**

સ્લીપ એપનિયા માટેના સૌથી સામાન્ય પરીક્ષણોમાં પોલીસોમ્નોગ્રામ સામેલ છે. આ પરીક્ષણ રાત્રે સૂતી વખતે કરવામાં આવે છે. તેમાં વ્યક્તિને એક સેન્સર પહેરાવવામાં આવે છે, જે આપણા હૃદયના ધબકારા, શ્વાસ, લોહીમાં ઓક્સિજનનું સ્તર, મગજના તરંગો અને અન્ય ઘણું બધું મોનિટર કરે છે. સ્લીપ એપનિયા નિદાનની ગંભીરતા નક્કી કરવા માટે નિષ્ણાતો એપનિયા/હાયપોપિનયા ઇન્ડેક્સ (એએચઆઈ)નો ઉપયોગ કરે છે. એએચઆઈ એપનિયા (જ્યારે તમે ઊંઘતી વખતે શ્વાસ લેવાનું બંધ કરો છો) અને હાયપોપિનયા (હવાના પ્રવાહમાં ઘટાડો) ની ઘટનાઓની સરેરાશ કલાકદીઠ સંખ્યાને માપે છે.

સ્લીપ એપનિયા શરીરમાં ફક્ત એક જ અંગ પૂરતું મર્યાદિત નથી. હકીકતમાં, તે ઘણી અલગ અલગ શરીર પ્રણાલીઓને પણ અસર કરે છે. બે સૌથી વધુ અસરગ્રસ્તોમાં તમારું રુધિરાભિસરણ તંત્ર (હૃદય) અને નર્વસ તંત્ર (મગજ) શામેલ છે.

**શું ધ્યાન રાખવું?**

પૌષ્ટિક ખોરાક ખાવો અને નિયમિત શારીરિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવો, ઊંઘની નિયમિતતાનું પાલન કરવું અને સૂતી વખતે ઇલેક્ટ્રોનિક્સ સાધન બંધ રાખવા. ઉચ્ચ કોલેસ્ટ્રોલ, હાઈ બ્લડ પ્રેશર અને ટાઇપ ૨ ડાયાબિટીસ જેવી કોઈપણ હાલની સ્વાસ્થ્ય સ્થિતિઓની સંભાળ રાખવી. એ પછી કેવો ઈલાજ કરવો જરૂરી છે, તે તબીબો પરીક્ષણ પછી સલાહ આપી શકે છે. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# આરોગ્ય માટે ગુણકારી ગણાય છે ખાંડસરી

ગુજરાતીમાં એક સુંદર કહેવત છે ‘જે ના ખાય ગળ્યું તેનું જીવતર બળ્યું’. ગળપણ વિનાનું ભોજન ખાવું પડે તેવું જીવન શા કામનું? ભાણામાં થોડું ગળપણ(ભલેને તે સાદો ગોળનો ગાંગડો કેમ ના હોય) પિરસાયું હોય તેનો થોડો સ્વાદ માણવાથી વ્યક્તિ આનંદિત બની જાય છે. તે જ પ્રમાણે થોડું મીઠું બોલવાથી સામેની વ્યક્તિના દિલમાં આગવું સ્થાન બનાવી શકાય છે. શિયાળો હોય અને ગળ્યું ખાવાનું મન ના થાય તે અશક્ય છે. ભારતમાં તો ગળ્યું ખાવાની લોકો આતુરતાથી રાહ જોતા હોય છે. જેમ કે શિયાળામાં અડદિયા-તલની ચિક્કી-વિવિધ વસાણા-ગુંદર પાક, મેથી પાક, આદું પાક, સોભાગ સૂંઠ, ચુરમાનાં લાડુ, ગરમાગરમ શિરો કે ખીર, ઉનાળામાં લાપસી કંસાર કે સુખડી બનાવવામાં આવતી હોય છે. આપણે ત્યાં ચા-કૉફી હોય કે કઢિયેલ દૂધ બધામાં થોડી સાકર ભેળવવામાં આવતી હોય છે.

ઘરમાં કાંઈ ના હોય તો ભોજન સમયે ગોળનો એક કટકો ખાવાની પ્રથા આપણે ત્યાં જોવા મળે છે. અનેક લોકોના ઘરમાં આપ અતિથિ બનીને જાવ ત્યારે મગજ કે મોહનથાળનો નાનો ટુકડો મોં મીઠું કરાવવા અચૂક પીરસે છે. વળી લટકામાં કહેતાં હોય છે કે અમારા ઘરના પ્રત્યેક સભ્યને નાનો ટુકડો તો મીઠાઈનો રોજ જોઈએ જ. આજકાલ બજારમાં ખાંડ સલ્ફરવાળી વેચાતી હોય છે. વળી ખાંડ સ્વાસ્થ્ય માટે હાનિકારક ગણાય છે.

શું આપ ગળપણ ખાવાના શોખને જાળવી રાખવા માગો છો? તો મીઠાઈ બનાવવામાં સફેદ ખાંડને બદલે ખાંડસરીનો ઉપયોગ અવશ્ય કરજો. જે દેશી ખાંડના નામે ઓળખાય છે. તેનો સ્વાદ આપણી સફેદ ખાંડ કરતાં વધુ મીઠો હોય છે. વળી આરોગ્યને માટે લાભકારી ગણાય છે.

## દેશી ખાંડ શું છે?

દેશી ખાંડ પોષક તત્ત્વોથી ભરપૂર હોય છે. તેમાં આયર્ન, મિનરલ્સ, કૅલ્શિયમ, ફાઈબર, મેગ્નેશિયમ, વિટામિન્સ તથા મિનરલ્સ સમાયેલાં હોય છે. શેરડીના રસમાંથી પારંપારિક રીતે તેને બનાવવામાં આવે છે. તેથી તે ખાંડસરીના નામે ઓળખાય છે. ખાંડસરીને બજારમાં મળતી ખાંડની સરખામણીમાં ઓછી રિફાઈન્ડ કરવામાં આવે છે. તેમાં કોઈપણ પ્રકારના કેમિકલનો ઉપયોગ કરવામાં આવતો નથી. પારંપારિક મીઠાઈ તથા આયુર્વેદિક ઔષધી બનાવવામાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. સંપૂર્ણપણે કેમિકલ મુક્ત હોય છે. તેનો સ્વાદ કુદરતી મીઠાશ ભરેલો હોય છે. જ્યારે બજારમાં મળતી ખાંડ વધુ પડતી સફેદ હોય છે. જેમાં કેમિકલનો ઉપયોગ કરવામાં આવે છે. સ્વાદ કૃત્રિમ હોય છે. ઉચ્ચ તાપમાન ઉપર પ્રોસેસિંગ કરવાથી તેનો રંગ સફેદ દૂધ જેવો બની જાય છે. વળી તેમાં કોઈપણ પ્રકારનાં પોષક તત્ત્વો હોતાં નથી.



## દેશી ખાંડ સ્વાસ્થ્ય માટે કઈ રીતે ગુણકારી છે તે જોઈએ

**હાડકાં તથા દાંત માટે ગુણકારી :** દેશી ખાંડમાં કૅલ્શિયમ તથા ફોસ્ફરસની માત્રા ભરપૂર હોય છે. તેનું સેવન કરવાથી વ્યક્તિના હાડકાં તેમ જ દાંત મજબૂત બનાવવામાં મદદ મળે છે. ખાંડસરીમાં ખનીજ તથા મેગ્નેશિયમ હોય છે. ખનીજ હાડકાંનું ઘનત્વ એટલે કે ડેન્સિટી વધારવામાં ઉપયોગી ગણાય છે. તો મેગ્નેશિયમ કૅલ્શિયમના અવશોષણને વધારવામાં મદદ કરે છે. આમ હાડકાંને મજબૂત બનાવવામાં મેગ્નેશિયમ મહત્ત્વનું ઘટક ગણાય છે.

**પાચન સુધારવામાં લાભકારક :** દેશી ખાંડ કે ખાંડસરીમાં ફાઈબરની માત્રા વધુ હોય છે. આથી ખાંડસરીનો ઉપયોગ કરવાથી શરીરને આવશ્યક પોષક તત્ત્વો મળી રહે છે. ફાઈબરયુક્ત હોવાને કારણે પાચનક્રિયા સુધારવામાં મદદરૂપ થાય છે. શરીરમાં રહેલાં વિષાણુયુક્ત પદાર્થો બહાર નીકળી જાય છે. જેને કારણે પાચન તંત્રને મજબૂત બનાવવામાં ઉપયોગી ગણાય છે.



**ત્વચા તથા વાળ માટે ગુણકારી :** દેશી ખાંડ ત્વચા તથા વાળ માટે અત્યંત લાભકારક ગણાય છે. ત્વચાને કુદરતી રીતે ચમકદ બનાવવામાં મદદ કરે છે. દેશી ખાંડમાં રહેલું ઍન્ટિ-ઓક્સિડન્ટ ત્વચાને ફ્રિ-રેડિકલ્સથી બચાવે છે. ત્વચાને નાની વયમાં દેખાતી કરચલીથી બચાવે છે. ત્વચા સદાબહાર યુવા તથા ચમકદાર બની રહે છે. વિટામિન તથા મિનરલ્સ ત્વચાને પૂરતું પોષણ આપવામાં મદદ કરે છે. દેશી ખાંડમાં આયર્ન તેમજ ફોસ્ફરસ હોય છે જે વાળને તેના મૂળથી મજબૂત બનાવે છે.

**રોગપ્રતિકારક શક્તિ વધારે છે :** ખાંડસરીનો ઉપયોગ વ્યક્તિને રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. ઍન્ટિ-ઓક્સિડન્ટ તથા મિનરલ્સ શરીરની રોગપ્રતિકારક શક્તિ મજબૂત બનાવે છે. શરીરમાં વિવિધ ખોરાકને કારણે ઉત્પન્ન થતાં ઝેરી તત્ત્વોથી બચાવે છે. ખાંડસરીમાં આયર્ન તથા ફૉલિક એસિડ સમાયેલાં છે. જે લોહીમાં હિમોગ્લોબિનના સ્તરને વધારવામાં મદદ કરે છે. જેને કારણે શરીરમાં ઑક્સિજનનો સંચાર સુચારુ રીતે થવા લાગે છે. ગળ્યું ખાધા બાદ મનમાં થતાં ઉચાટથી બચી શકાય છે. શરીર શક્તિવર્ધક બને છે.

**ડાયાબિટીસની સમસ્યામાં ગુણકારી :** ડાયાબિટીસના દર્દીઓ માટે ખાંડસરીનો ઉપયોગ ગુણકારી ગણવામાં આવે છે. કેમ કે ખાંડસરીનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો હોય છે. જેને કારણે તેના સેવન બાદ લોહીમાં શર્કરાની માત્રા નિયંત્રિત રાખવામાં મદદ મળે છે. તેનો ઉપયોગ પ્રમાણભાન રાખીને કરવો હિતાવહ છે.

**દેશી ખાંડ ખરીદતી વખતે રાખવાની કાળજી :**

દેશી ખાંડ ખરીદતી વખતે તેનો રંગ આછો ભૂરો કે આછો સોનેરી હોય તેવો લેવો. નકલી દેશી ખાંડનો રંગ વધુ પડતો ઘાટો અથવા તો કાળાશ પડતો હોય છે. શુદ્ધ દેશી ખાંડ દેખાવમાં દાણેદાર હોય છે. જે તાથી હાથમાં લેવાથી ભાંગી શકાય છે. જ્યારે લી દેશી ખાંડ થોડી કઠણ તથા ચીકણી હોઈ શકે છે.

શુદ્ધ તથા સારી ગુણવત્તા વાળી દેશી ખાંડમાં કોઈપણ પ્રકારનો કચરો કે કાળાશ જોવા મળતી નથી. તેની મસ્ત મજાની વરસાદી માટી જેવી સોડમ હોય છે. તેનો સ્વાદ મીઠો હોય છે.

દેશી ખાંડ શેરડીના રસમાંથી બનાવવામાં આવે છે. તેની ઉપર પ્રોસેસિંગની પ્રક્રિયા ઓછી કરવામાં આવી હોય છે. જેને કારણે તેમાં પોષક તત્ત્વો વધુ માત્રામાં સમાયેલાં હોય છે. જ્યારે સફેદ ખાંડમાં ફક્ત સુક્રોઝની માત્રા સમાયેલી હોય છે. જે ઊંચા તાપમાન ઉપર બનાવવામાં આવે છે.

દેશી ખાંડનો ઉપયોગ વિવિધ રીતે કરી શકાય છે. જેમ કે સફેદ ખાંડને બદલે ખાંડસરીનો ઉપયોગ કરીને ગરમ દૂધ-ચા-કૉફી-ઉકાળો બનાવી શકાય. સવારના નાસ્તામાં ખાંડને બદલે બટાટા -પૌંઆ, ઉપમા-સેવૈયા-દલિયામાં તેનો ઉપયોગ કરી શકાય છે. દહીંમાં ખાંડને બદલે ખાંડસરી વાપરી શકાય. દેશી મીઠાઈ જેમાં ખાંડનો ઉપયોગ કરવામાં આવતો હોય તેમાં ખાંડસરીનો ઉપયોગ કરીને તેની પૌષ્ટિક્તા વધારી શકાય છે. વિવિધ કુકીઝ-કેક, ચટણી, શિયાળુ પીણાં- અથાણાંમાં પણ ખાંડસરીનો ઉપયોગ કરવો જોઈએ. ખાંડસરીનું નિયમિત સેવન સ્વાસ્થ્યમાં સુધારાની સાથે ભોજનને સ્વાદિષ્ટ બનાવે છે. મહારાષ્ટ્રમાં તો ખાસ ખાંડસરીથી બનતી ચાની દુકાનો ખુલવા લાગી છે.

### શાહી સેવૈયા ખીર

**સામગ્રી :** ૧ ચમચી શુદ્ધ ઘી, ૧ વાટકી શેકેલી વર્મિસેલી, ૧ લિટર દૂધ, ૧ વાટકી ખાંડસરી, ૧ મોટી ચમચી ગુલાબની પાંદડી, ૧ નાની વાટકી સાંતળેલાં બદામ-પિસ્તાની કતરણ, સાંતળીને અડધા કરેલાં કાજુ, ૧ નાની ચમચી ગુલાબજળ, ૧ નાની ચમચી એલચી-જાયફળનો ભૂકો.


**બનાવવાની રીત :** સૌ પ્રથમ કડાઈમાં ઘી ગરમ કરીને તેમાં સૂકો મેવો સાંતળી લેવો. બરાબર સંતળાઈ જાય ત્યારબાદ એક વાટકીમાં કાઢી લેવો. હવે તેમાં વર્મિસેલી સેવ સાંતળવી. સોનેરી થાય ત્યાં સુધી સાંતળવી. ત્યારબાદ તેમાં ગરમ દૂધ ભેળવવું. ખાંડસરી ઉમેરવી. બરાબર ઘટ્ટ થાય ત્યારબાદ આંચ બંધ કરવી. ઠંડું થાય ત્યારબાદ તેમાં એલચી-જાયફળનો ભૂકો ભેળવવો. ગુલાબજળ-ગુલાબની પાંદડી ભેળવવી. સાંતળેલાં બદામ-પિસ્તાની કતરણ, કાજુથી સજાવવું. ગરમ અથવા ઠંડી જેવી ભાવે તેવી સ્વાદિષ્ટ-પૌષ્ટિક ખાંડસરીની મીઠાશ વાળી શાહી સેવૈયાનો આસ્વાદ માણવો.



feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

# મલેરિયા (ટાઢિયો તાવ)

## શું આપ જાણો છો?...



* વિશ્વમાં દર વર્ષે અંદાજિત ૨૧ કરોડ અને ૪૦ લાખ લોકો મલેરિયાના તાવમાં સપડાયાં છે.

* ભારતમાં દર વર્ષે આશરે ૧૫ લાખ જેટલા લોકો મલેરિયા તાવમાં સપડાય છે.

* મલેરિયાના પ્રકારો :

* સાદો મલેરિયા (Plasmodium Vivax)

* ઝેરી મલેરિયા (Plasmodium Falciparum )

* મલેરિયાનાં લક્ષણો :

* તાવ આવવાનો હોય તે પહેલાં શરીર તૂટવું, કમરમાં દુઃખાવો થવો, માથું દુઃખવું અને આંખોમાં બળતરા થવી.

* શરીરમાં અશક્તિ આવવી અને ઠંડી લાગવી.

* અનિયમિત રીતે તાવ ચઢ-ઊતર થવો.

* તાવ ઊથલો મારીને બે-ત્રણ દિવસમાં ફરી આવવો.

* સાંધા તથા સ્નાયુઓમાં દુઃખાવો થવો. (Myalgia & Arthralgia)

* વધુ પડતી ઠંડીના લીધે શરીર ધ્રૂજવું અને શરીરમાં પરસેવો વળવો.

* ઝાડા-ઊલટી, તરસ, રાતો-પીળો પેશાબ અને લમણામાં દુઃખાવો

નોંધ : આ તાવ મલેરિયાનો ચેપ લાગેલા એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં મચ્છરો દ્વારા સહેલાઇથી ફેલાઇ શકે તેમ છે. તેનો ક્રમ નીચે આપેલ છે.

* મલેરિયા થવાનાં કારણો

* બંધિયાર કે ગંદા પાણીમાં થતાં મચ્છરોના કરડવાથી

* મલેરિયાના ચેપવાળું મચ્છર કરડવાથી

* મલેરિયા થયા બાદ અપૂરતી સારવારને લીધે ફરી ઊથલો મારવાથી.

* ગર્ભવતી માતાને જો મલેરિયા થયો હોય તો તેના પેટમાં રહેલા બાળકને પણ મલેરિયા થઇ શકે.

* અન્ય કોઇ શારીરિક બીમારીઓમાં આનો ચેપ લાગવાની શકયતા વધુ છે.

મલેરિયામાં આહાર-વિહાર સંબંધી વિવેક :

* મલેરિયાના તાવને દૂર કરવાના ઉત્તમ ત્રણ તબક્કા :

૧. તાવ રહે તેટલા દિવસ :

શકય હોય તો માત્ર ઉકાળેલું પાણી લઇને એક-બે ઉપવાસ કરવા શ્રેષ્ઠ છે. જો ઉપવાસ ન થઇ શકે તો માત્ર નારંગીનો જયૂસ કે મગનું ઓસામણ લેવું.

૨. તાવ ઊતર્યા પછી ત્રણ દિવસ સુધી :

માત્ર ફ્રૂટ સિવાય બીજું કાંઇ લેવું નહીં. (પપૈયું, અનાનસ, નારંગી, મોસંબી, સફરજન, દ્રાક્ષ વગેરે લઇ શકાય.)

૩. તાવ ઊતર્યા પછી ચોથા દિવસથી :

અમુક દિવસો સુધી ફ્રૂટ સાથે સલાડ તથા કઠોળ માપસરનું લઇ શકાય. ત્યારબાદ ધીરે ધીરે અન્નાહાર શરૂ કરવો.

સાવધાની :

* મલેરિયાનો ફેલાવો કરતા મચ્છરોનું પ્રમાણ ઘટાડવા ઘરની આજુબાજુમાં પાણીની ગંદકી કે ખુલ્લા પાણીનો સંગ્રહ ન થવા દેવો.

* મલેરિયાના દર્દીને સમૂહમાં ન રાખતા અલગ રાખવો.

* દર્દીએ તથા પરિવારના અન્ય સભ્યોએ મચ્છરથી દૂર રહેવું. જેથી મલેરિયાનો ચેપ બીજાને ન લાગે.

* મચ્છરદાનીનો ઉપયોગ કરવો.

* મલેરિયાના ઉપચારો

૧. ૭ પાન ફુદીનાના, ૬ પાન તુલસીના, ૩-૪ કાળા મરીની ભૂકી અને ૧૦ ગ્રામ ગોળને ૧ કપ પાણીમાં ઉકાળી તેમાં અડધું લીંબુ નીચોવીને રોજ સવાર-સાંજ પીવું.

૨. સૂરજમુખીના ફૂલનાં પાન કે બીજ પથી ૧૦ ગ્રામ લઇ તેમાં ૩-૪ કાળા મરી નાખી, વાટી-ઘૂંટી, પાણીમાં મેળવી સવાર-સાંજ પીવું.

૩. ૧૦ ગ્રામ કારેલાના રસમાં ૨થી ૫ ગ્રામ જીરું મેળવીને પીવું.

૪. ખાવાનું દેશી મીઠું તાવડીમાં કાળુ થાય ત્યાં સુધી શેકવું. તાવ આવે ત્યારે ૫ ગ્રામ આ નમક ૧ ગ્લાસ પાણીમાં મેળવી પીવું. તાવ ઊતરી જાય પછી પણ દવા થોડા સમય ચાલુ રાખવી.

૫. શેકેલા કાંગચા (ગેંગડા)ના મીંજનું ચૂર્ણ (૪ ગ્રામ જેટલું) ૨ વાર ગરમ પાણી સાથે લેવું.


૬. ૧-૧ ચમચી જીરું અને મરી વાટીને ચાર ગણા પાણીમાં રાતે પલાળીને સવારે નરણે કોઠે પીવું.

૭. ગરમ કરેલા દૂધમાં હળદર અને મરી મેળવી પીવું.

૮. ૧૦ ગ્રામ તુલસીનો રસ અને ૫ ગ્રામ આદુનો રસ મેળવી પીવું.

૯. ૧ ગ્રામ મરીનું ચૂર્ણ, ૩ ચમચી તુલસીનો રસ અને ૨ ચમચી મધ મિશ્ર કરીને પીવું.

૧૦. ૨૦થી ૫૦ મિ. લી. લીમડા અને તુલસીનો ઉકાળો પીવો. ■




feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# શિયાળામાં વાયરસના સંક્રમણથી બચાવશે

શિયાળાની ઋતુ એટલે જાણે પ્રકૃતિમાં એક મોટો ઉત્સવ. આનંદદાયક સ્ફૂર્તિદાયક તેમ જ સ્વાસ્થ્યને ઉત્તમ બનાવવાની ઋતુ છે. આહારમાં વિવિધતા, સ્વાદની મજા અને ઊર્જાના સંચાર જોવા મળે છે. બજારમાં વિવિધ પ્રકારનાં શાકભાજી, ફળો, વસાણાથી ભરપૂર મીઠાઈઓ જોવા મળે છે. લોકો પણ આનો ઉપયોગ મજેદાર રીતે કરે છે. જેથી શરીર ચુસ્ત અને સ્વસ્થ રહે છે. પણ સાથે સાથે વાઇરલ ઈન્ફેક્શન પણ વધી જાય છે. ઠંડી અને ધુમ્મસના કારણે શરીર પર વાઇરસનું સંક્રમણ થાય છે.

વાયરસના સંક્રમણના કારણે શરીરના પાચક રસો (એન્ઝાઈમ) બગડે છે. જેથી શ્વાસની તકલીફ, થકાવટ, ફંગસ, ચામડીના રોગો વધી જાય છે. વાયરસનું સંક્રમણ પણ ત્યારે થાય છે જ્યારે ઈમ્યુનીટીનો ઈન્ડેક્સ લો (ખૂબ જ નીચો) હોય ત્યારે. સ્ટીરોઈડની દવા, પ્રોટીનની કમી, વિટામિન બીની કમી વિટામિન-સીનું ખૂબ જ ઓછું પ્રમાણ કે ઓછપના કારણે વાયરસનું સંક્રમણ વધી જાય છે. કેમિકલ યુક્ત આહાર કે બાહ્ય ભોજનના કારણે શરીર એનિમીક થાય છે. વિટામિન બીની ઓછપના કારણે માયલિનશીથ ઊખડી જવાથી ચામડી પર સંક્રમણ વધી જાય છે.

ઔદ્યોગિક જગ્યાએ જ્યાં પ્રદૂષણનું પ્રમાણ વધુ હોય છે. જ્યાં સલ્ફર ડાયોક્સાઈડ જે રંગહીન તીખી ગંધવાળો ગેસ SO2ના કારણે વાયુ પ્રદૂષણ થાય તેના કારણે મનુષ્ય અને પશુ પક્ષીઓમાં શ્વસન સંબંધી સમસ્યા થાય છે. શિયાળામાં આની અસર વધુ જોવા મળે છે. શિયાળામાં ઠંડીથી બચવા વપરાતા પોલિસ્ટરની બ્લેન્કેટ, ગોદડી બનાવવામાં પણ સલ્ફર ડાયોક્સાઈડનો ઉપયોગ થાય છે જેના કારણે શ્વાસ સંબંધી બીમારી તેમજ શરીર પર અન્ય સંક્રમણ થાય છે. સાકર બનાવવા માટે પણ સલ્ફર ડાયોક્સાઈડનો ઉપયોગ થાય છે. આ ખૂબ જ હાનિકારક છે. શિયાળામાં મીઠાઈ જે વસાણાયુક્ત તો ફાયદાકારક છે પણ તેમાં સાકર વાપરવામાં આવે તો ઘણીય બીમારીને નિમંત્રણ આપવા જેવું છે. પ્રાકૃતિક ગોળ વાપરવો. અન્ય ગોળ જેવા કે ખજૂરગોળ, નાળિયેર ગોળ, પામ ગોળ, મકાઈના સાંઠાનો ગોળ, જુવારના સાંઠાનો ગોળના વપરાશથી બનતી વસાણાયુક્ત મીઠાઈઓ શરીરમાં નવી ઊર્જા ભરી દે છે. સલ્ફર ડાયોક્સાઈડ પોલ્યુશન વધારી દે છે. જેના કારણે બીમારીનો અંત આવતો નથી.



આ સંક્રમણથી બચવા યોગ્ય પ્રાકૃતિક આહાર જ સ્વાસ્થ્ય જાળવે છે. શાકભાજી જે પાંદડાવાળી છે તેનો ભરપૂર ઉપયોગ કરવો જોઈએ. ફળોનો સીધો જ ઉપયોગ કરવો જોઈએ. તેનો જામ કે શેક બનાવવામાં વપરાતા કેમિકલ કે સાકર એ હાનિકારક છે. ખજૂરનો ઉપયોગ પણ સાવધાનીથી કરવો. કારણ કે ખજૂર પણ સાકરના પાણીમાં રાંધીને નરમ બનાવાય છે. સૂકી હોય તેવી ખજૂરનો ઉપયોગ કરવો. વસાણાનો ઉપયોગ વધુ ન કરવો કારણ કે કેમિકલ કે અનહેલ્ધી ડાયટ લેવાવાળાને એસીડીટી થઈ જાય છે. એટલે કે ક્રોનીક ઈન્ફલમેશન થાય છે. જેના કારણે માયલિનશીથ ઊખડી જાય અને ચામડીની વ્યાધિ થાય છે.

શિયાળામાં શરીરને લીલા પ્રોટીનથી ભરી દો. તાજા વટાણા, ચણા, તુવેરની દાળ બનાવો. એ એક લીલું પ્રોટીન જે શરીરને મજબૂત બનાવી દે છે. પાલકના રસમાં લીંબુ નાખી પીવો જેથી પાલકનું આર્યન શરીરમાં બરાબર કામ કરે છે. ખટાશ વગર પાલકના ગુણ શરીરને મળતાં નથી. આમળા કે અન્ય ખાટી વસ્તુ નાખીને પણ લઈ શકાય છે. તાંદળજો ભાજી અને ચંદન બથુવા પાંદડાવાળી ભાજી શરીરના ઝેરને દૂર કરી નાખે છે. ડાયાબિટીસની સમસ્યા થતી નથી અને હોય તો પણ તે નીકળી જાય છે.

સફરજન ઘણીયે જાતના આવે છે જે અલ્સર જેવી બીમારી પર અતિ કારગર છે. આમળા સાથે ફુદીનો નાખીને રસ પીવો જે શરીરને વિટામિન સીથી ભરી દે છે. શ્વાસની તકલીફ થતી નથી. વિટામિન બી જે શરીરને અતિ જરૂરી છે. જે માસ્ટર વિટામિન છે તેની માટે સંતરા, મોસંબીનો રસ લેવો બહુ જરૂરી છે. સ્ત્રીઓની પીસીઓડીની વ્યાધિ માટે પરપોટા (યલોબેરી) લેવી જોઈએ જે શિયાળામાં થોડો વખત મળે છે. તાજા અંજીર જે પાચનક્રિયાને વેગવાન બનાવે છે. બ્લડપ્રેશરને કાબૂમાં રાખે છે. હાડકાં માટે જરૂરી કેલ્શિયમ અને મેગ્નેશિયમ આપે છે. એનર્જીથી ભરી દે છે. આનો ઉપયોગ કોઈપણ શંકા વગર કરવો.

શિયાળામાં ખાસ કરીને મળતી પોંક (લીલી જુવાર) જે શરીર લોહીને સુધારી નાખે છે. એનર્જીનો સ્રોત છે તેનાં ઉપયોગ કરવો. લીલા ઘઉંની પોંક પણ શરીરને મજબૂતી આપે છે. લીલી હળદર જે સંક્રમણથી દૂર રાખવા માટે ઉત્તમ છે. લોહીને ગાઢું થતું અટકાવે છે. લીલી ડુંગળી, લીલું લસણ જેમાં સલ્ફર છે જે રેડિયેશનના સંક્રમણથી બચાવે છે.

આ શિયાળામાં મળતી બધી જ શાકભાજી, ફળો અને વસાણાનો યોગ્ય ઉપયોગ જ કોઈપણ આવનાર વાયરસના સંક્રમણથી બચાવશે. કોઈપણ દવાનો ઉપયોગ શરીરની ઈમ્યુનિટીને બરબાદ કરી નાખે છે. વાયરસના સંક્રમણથી બચવા માટે યોગ્ય આહારનો ઉપયોગ કરવો જે પ્રાકૃતિક હોય. ■

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# શું છે આ સૂત્રનેતિ?

(ગતાંકથી ચાલુ)

## ૭. સૂત્રનેતિ

૧. નામઃ

સૂત્રનેતિમાં સૂતરની દોરી કે રબ્બરના કેથેટરથી નાકનું શોધન કરવામાં આવે છે તેથી તેને સૂત્રનેત્રિ કહે છે.

સૂત્રનેતિ

૨. પદ્ધતિઃ

૧. ચાર કે પાંચ નંબરનું રબ્બર કેથેટર લો. તેને પાણીમાં સારી રીતે ઉકાળીને સાફ કરો.

૨. ઊભા રહીને કે ઊભડક બેસીને આ ક્રિયા કરી શકાય છે.

૩. મસ્તક ઊંચું કરો. કેથેટરનો પાતળો છેડો એક નસકોરાની અંદર નાખી ધીમે ધીમે ઊંચે ચડાવો. ધીમે ધીમે આ છેડો અંદર જતાં ગળામાં આવશે.

૪. કેથેટરનો છેડો ગળામાં આવી જાય એટલે તર્જની આંગળીને વાંકી વાળી, તેને ગળામાં નાખી કેથેટરના છેડાને સહેજ બહાર લાવો. પછી તર્જની અને અંગૂઠાથી તેને પકડી, ધીમે ધીમે ખેંચી મુખથી બહાર કાઢો. એક છેડો નાકમાં અને એક છેડો મુખમાં રહેશે.

૫. બન્ને હાથથી બન્ને છેડા પકડી બે ત્રણ વાર અંદર બહાર ફેરવો.

૬. પછી કેથેટરનો મુખ દ્વારા બહાર ખેંચી લો.

૭. આજ રીતે બીજા નસકોરાથી પણ સૂત્રનેતિ કરો.

૮. નેતિકર્મ પૂરું થયા પછી આંખ, નાક અને મુખ બરાબર સાફ કરો, આંખ પર ઠંડું પાણી છાંટો.

૩. વિશેષ નોંધઃ

૧. કેથેટર ગરમ પાણીમાં ઉકાળીને જ વાપરો. ઉપયોગ બાદ બરાબર સાફ કરો. સાફ જગ્યાએ રાખો.

૨. કેથેટર નાકમાં અંદર નાખતી વખતે ઘણીવાર વળી જતું હોય છે. આમ થાય ત્યારે સહેજ પાછું લઈ ફરી વાર અંદર નાખો.

૩. કોઈવાર કેથેટર અટકી જાય તો બળપૂર્વક અંદર નાખવા પ્રયત્ન ન કરો. કેથેટર ગોળ ઘુમાવો. થોડું બહાર લઈ ફરી પ્રયત્ન કરો.

૪. જલનેતિનો પર્યાપ્ત અભ્યાસ કર્યા પછી સૂત્રનેતિનો પ્રારંભ કરવો.

૪. સૂત્રનેતિથી શું થાય છે?

૧. જલનેતિ કરતાં સૂત્રનેતિ કઠિન છે અને પ્રમાણમાં વધુ શોધન મૂલ્ય ધરાવે છે.

૨. આંખનું સ્વાસ્થ્ય જાળવી રાખે છે.

૩. શીરદર્દમાં રાહત આપે છે.

૪. નાક બંધ થઈ જવાની તકલીફ દૂર કરે છે.

૫. નાકના મસાની તકલીફ હોય તેઓએ પ્રારંભમાં જલનેતિનો અભ્યાસ કરવો. જલનેતિના પર્યાપ્ત અભ્યાસથી તેમાં રાહત થયા પછી સૂત્રનેતિનો જાળવીને પ્રારંભ કરવો. જો ઘર્ષણથી લોહી નીકળે તો સૂત્રનેતિ તેઓએ ન કરવી.



**૫. સૂત્રનેતિનું મૂળ સ્વરૂપઃ**

રબ્બરના કેથેટરનો ઉપયોગ એ આધુનિક પદ્ધતિ છે. પ્રાચીન પરંપરા સૂતરની ખાસ પ્રકારની દોરી બનાવી તેના દ્વારા સૂત્રનેતિ કરવાની છે. સૂત્રનેતિનું મૂળ સ્વરૂપ પણ આ જ છે. આ રીત થોડી કઠિન પણ વધુ મૂલ્યવાન છે.

સૂત્રનેતિમાં મુલાયમ સૂતરમાંથી ખાસ પદ્ધતિથી દોરી તૈયાર કરવામાં આવે છે. તેનો એક છેડો સારી રીતે વણેલો હોય છે. તે છેડા પર મીણ લગાડવામાં આવે છે. બીજા છેડાના સૂતરના તાંતણા છૂટા રહે છે. બાકીની પદ્ધતિ ઉપરોક્ત પદ્ધતિ પ્રમાણે જ છે.

## ૮. બસ્તિ ક્રિયા (જલ બસ્તિ)

**૧. નામઃ**

બસ્તિ પ્રદેશ એટલે પેડુનો ભાગ. આ ક્રિયામાં પેડુ અને પેટમાં રહેલા મલાશય અને મોટા આંતરડાનું શોધન કરવામાં આવે છે તેથી તેને બસ્તિ ક્રિયા કહે છે.

**૨. પૂર્વ તૈયારીઃ**

૧. સાધક નૌલિનો પર્યાપ્ત અભ્યાસ કર્યા પછી જ બસ્તિ ક્રિયાનો પ્રારંભ કરી શકે. સાધકે મયૂરાસન પણ સારી રીતે હસ્તગત કરેલું હોય તે આવશ્યક છે.

૨. આશરે ચાર ઈંચ લાંબી ધાતુ, પ્લાસ્ટિક કે લાકડાની પોલી નળી તૈયાર કરવી. ગુદામાં સરળતાથી પસાર થઈ શકે અને તે અવસ્થામાં થોડો વખત રહી શકે તેટલી જાડાઈની નળી હોવી જોઈએ. પ્રયોગ કરતાં પહેલાં નળી ગરમ પાણીથી બરાબર સાફ કરવી.

૩. પહોળા મુખનું એક એવું વાસણ લેવું જેમાં પાણી ભરીને એવી રીતે બેસી શકાય કે બન્ને નિતંબનો થોડો ભાગ અને ગુદા પાણીમાં ડૂબી શકે.

૩. પદ્ધતિઃ

૧. સ્વચ્છ પાણીથી વાસણ ભરો.

૨. સાફ કરેલી નળીને થોડું ઘી લગાડો. નળીને ગુદાની અંદર આશરે ૧/૩ ભાગ જેટલી પસાર કરો.

૩. પાણીથી ભરેલા વાસણમાં બેસો. બન્ને પગ વાસણની બહાર રાખવાના છે. બન્ને નિતંબ, ગુદા અને નળી પાણીમાં રહેશે. ઉત્કટાસનમાં ઊભડક પગે બેસવાનું છે.

૪. બન્ને હાથ જમીન પર ટેકવો અથવા બન્ને કોણી પાસેનો ભાગ સાથળ પર ટેકવી હથેળીઓ એક બીજા સાથે દબાય તેવી રીતે ગોઠવો. હાથની આ રીતે ગોઠવણી કરવાનો હેતુ એ છે કે એ અવસ્થામાં મધ્યનૌલિ કરવાની છે.

૫. મધ્યનૌલિ કરો. નૌલિને કારણે પેટમાં હવાનું દબાણ ઓછું થતાં પાણી ગુદાવાટે ઉપર ચડશે. મલાશય અને મોટા આંતરડામાં પાણી ચડશે. મધ્યનૌલિ બની શકે તેટલો લાંબો સમય ધારણ કરી રાખો.

૬. જ્યારે શ્વાસ ધારણ કરી રાખવાનું શક્ય ન લાગે ત્યારે શ્વાસ છોડી મધ્યનૌલિ છોડી દો. તુરંત આંગળી વડે નળીના દ્વારને બંધ કરો. નળી ગુદામાંથી બહાર કાઢી લો. પાણી નળી વાટે બહાર ન નીકળી જાય તેની કાળજી રાખો.

૭. પાણી જ્યાં સુધી અંદર ધારણ કરી શકાય ત્યાં સુધી ધારણ કરી રાખો. આ સમય દરમિયાન ડાબી જમણી બન્ને બાજુથી નૌલિ ચક્રાકાર ઘુમાવ્યા કરો.

૮. પાણી અંદર ધારણ કરવાનું શક્ય ન લાગે એટલે પાણી બહાર છોડી દો.

૯. થોડીવાર પછી મયૂરાસન કરો, જેથી આંતરડામાં બચેલું વધારાનું પાણી પણ બહાર નીકળી જાય. આ બસ્તિ માટેનું મયૂરાસન સામાન્ય મયૂરાસન કરતાં જુદું છે. આ બસ્તિ મયૂરાસનમાં બન્ને પગ પહોળા અને થોડા ઊંચા રાખવાના હોય છે અને ગુદાના સ્નાયુઓ ઢીલા રાખવાના હોય છે. આ આસનને બસ્તિ મયૂરાસન કહે છે.

બસ્તિ માટેનું આસન

બસ્તિ માટેની નળી

બસ્તિ - મયૂરાસન

૪. વિશેષ નોંધઃ

૧. પ્રાચીન કાળમાં જ્યારે સ્વચ્છ પાણીના જળાશયો કે નદીઓ ઉપલબ્ધ હતી ત્યારે બસ્તિ પ્રયોગ તેના પાણીમાં રહીને કરવામાં આવશે. હવે આ યુગમાં એ સગવડતાં ઉપલબ્ધ ન હોવાથી, બાથરૂમ-સંડાસ યુક્ત એકાંત રૂમમાં જ બસ્તિનો પ્રયોગ કરવો જોઈએ.

૨. બસ્તિનો અભ્યાસ ખાલી પેટે કરવો જોઈએ. સામાન્યતઃ સવારે પેટ સાફ થયા બાદ બસ્તિ-પ્રયોગ કરવો. આગલી રાત્રે થોડો હળવો ખોરાક લેવાથી અનુકૂળતા રહેશે.

૩. ગુદાનો ભાગ મલથી યુકત હોય તો નળીનું મુખ તેનાથી બંધ થઈ જાય છે. આમ થાય તો પાણી નળી વાટે ઉપર ચડશે નહીં. આ મુશ્કેલી હોય તો બસ્તિ કરતાં પહેલાં ગણેશ ક્રિયા દ્વારા ગુદા સાફ કરવી જોઈએ.

૪. તાવ આવતો હોય ત્યારે બસ્તિ પ્રયોગ ન કરવો.


(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠાકર

# હવે દુભાય એવી લાગણીઓ ક્યાં બચી છે...?




થનગન...-થનગન કરતી ઢેલ જંગલમાં ઝાડ પાછળથી મોર સમક્ષ હાજર થાય એમ મારી ડાન્સિંગ-ડોલ બારણા

પાછળથી રુમઝુમ કરતી પ્રગટ થઇ. મોરપીછ કલરની ભડક સાડી જોઈ હું ભડક્યો 'આટલી રંગીન ભડક સાડી? અરે મારી ઢેલડી, આપણે ચંબુના બાપુજીના લગ્નમાં નથી જતા પણ મૃત્યુ સામેની ફાઈનલ મેચમાં એ હારી ગયા એટલે

એમની પ્રાર્થનાસભામાં જવાનું છે..'

'કેમ? આ સાડી પહેરીશ તો બાપુજી પાછા આવશે? અરે, એ પોતે જ રંગીન સ્વભાવના હતા.. જ્યારે-જ્યારે રંગીન

સાડીમાં મને જોતા ત્યારે રાજી થઇ જતા. રંગીન સાડી એમને બહુ ગમતી.'

'અરે એ ડોહાને તો તારી બા પણ બહુ ગમતી. એ મરી ગયા ત્યાં સુધી તારી બા પર બહુ મરતા પણ તારી બાને કોઈ દહાડો રોકાવા બોલાવી કે તારી બા ફ્રેશ થવા કે હવાફેર કરવા ગઈ? નઈને? અરે એ ડોહો હવે હારવાળા ફોટામાંથી કાળા જાંબુ જેવડા ડોળા કાઢશે તો પણ તારી બાને કે તને જોઈ શકશે નઈ. સમજી? પ્લીઝ, હવે નસ ખેંચ્યા વગર બાપુજીએ ખોળિયું બદલ્યું એમ તું પેલી ૧૫૦૦વાળી ધોળી સાડી જે શોકસભા માટે જ લીધી એ પહેરી લે. જે પ્રસંગે શોભતું હોય એ શોભે.'

થોડી વારમાં કડક સફેદ સાડીમાં 'દિવાર'ની વિધવા નિરૂપા રોય જેવી ઝટપટ તૈયાર થઈને આવી. અમે જેવા પ્રાર્થના હોલ પાસે પહોંચ્યા ત્યાં એ બોલી :

'સુભુ... સુભુ... સાલો ગોટાળો થઇ ગયો લાગે છે, આપણે ગયા મહિને આવેલા ત્યારે આ જ ભાઈ ગુજરી ગયેલા ગયે અઠવાડિયે પણ આ જ ભાઈ ગુજરી ગયા ને આજે પણ આ જ... આ તો મરી ગયા છે કે મરવાનું રિહર્સલ કરે છે. કેટલી વાર મરવાનુ?'

'અરે મારી માં, તું મને મરાવી નાખીશ. એ હોલના દાતાનો ફોટો છે. ચંપકકાકાનો ફોટો અંદર હોય.'

'તો ઠીક પણ એલર્ટ રહેવું સારું. યાદ છે ગયા મહિને પેલા રમણીકલાલની શોકસભા પૂરી થઇ ને આપણે જેવા હોલની બહાર નીકળ્યા ત્યાં રમણીકલાલ સામે દેખાયા ને આપણે કેવા ડઘાઈ ગયા. ને પાછુ તમને પૂછ્યું કે અહીં ક્યાંથી? ત્યારે તમે કેવા ગેગેફેફે થઈ ગયેલા. પછી ખબર પડી કે એ સભા રમણીકલાલની નહોતી પણ રમણલાલની હતી...જરાક નામના ગોટાળામાં આપણી તો દશા બેસી ગઈને?'

પછી અમે હોલમાં જેવો પ્રવેશ કર્યો ને પાછો ઢેલે કેકારવ કર્યો :

'સુભુ... સાલો પાછો લોચો તો છે જ તે માર્ક કર્યું? ચંપકકાકો ટપકી પડ્યો ને હારવાળો ફોટો ચંબુનો?. ચંબુ તો બાજુમાં હાલતો ચાલતો જીવતો જાગતો બેઠો છે.'

મને ધ્રાસકો પડ્યો : 'હે મારી પ્રાણપ્યારી પ્રાણેશ્વરી, આવા પ્રસંગે તું મારી નસ ન ખેંચ એ ચંપકલાલની જ તસ્વીર છે પણ કેટલાય વખતથી ચંબુએ એની કાર પાર્કિંગની જગ્યામાં બા-બાપુજીને રાખેલા એટલે ઠેઠ સુધી ફોટો પડાવવાનું યાદ જ ન આવ્યું ને યાદ આવ્યું ત્યારે બાપુજી ન રહ્યા. ફોટા વગર ચાલે નઈ એટલે બા-બાપુજીના લગ્નનો જે ભેગો ફોટો પડેલો એમાંથી બાપુજીનો જુદો કાઢી મોટો કરાવી મુક્યો છે. સમજી?'

ત્યાં તો સરોજ ચંબુ પાસે પહોંચી ખતરનાક ઝાટકા આપ્યા : 'અભિનંદન, ચંબુભાઈ છેવટે બાપુજીથી માંડ માંડ છુટ્યા ખરા? સાચું કઉ તો ચંપકકાકાના મૃત્યુ પછી પણ એમના મોઢા પરનું તેજ અદ્‌ભુત હતું, આંખો તો એવી ખુલ્લી હતી કે આપણને એમ જ લાગે કે હમણાં ઊભા થઇ જશે પણ થેંક ગોડ, કે એવું કઈ થયું નઈ, નઈતર આ હોલના ભાડાનો ખર્ચ ને અમારો ફેરો માથે પડ્યો હોત. મૃત્યુ એ ઈશ્વરની અંતિમ ઈચ્છા છે એમાં આપણાથી કઈ ન થાય,પણ એક વાત કઉ? બાપુજીની સાથે સાથે ભેગાભેગી બાની પણ શ્રદ્ધાંજલિ આજે જ રાખી લો, બા જાય પછી નઈ રાખવાની. એક પંથ દો કાજ. હજી બા બેઠાં છે એટલે સ્મશાને લઇ જવા જેટલા ક્રૂર ન થવાય પણ શ્રદ્ધાંજલિ તો રખાય.'

આ સાંભળીને ચંબુનો ચહેરો કબજિયાતના દર્દી જેવો થઇ ગયો. હું સરોજને એક બાજુ ખેંચી ગયો :

'તારી ખોપરીમાં ઈશ્વરે મગજ મુક્યું છે કે કોબીજનો દડો?'

'કેમ? મેં કઈ બાફ્યું?'

'માત્ર બાફ્યું નથી વઘાર્યું પણ છે પ્રાર્થના ગીત શરૂ થાય એ પહેલા આવો બફાટ..'

'તો મેં શું ખોટું કીધું. સાંભળો રોજ રોજ લોકોના બેસણા-ઉઠમણાં જવા ઈશ્વરે જનમ નથી આપ્યો સાલું કોઈ ઉપર જવા નીચે ટપકે કે આપણે એની પ્રાર્થનાસભામાં ટપકવાનું?. બીજા કોઈ કામ હોય કે નઈ? હવે પહેલાં જેવી પ્રાર્થના જામતી નથી' એટલું બોલી પ્રાર્થનાના સ્ટેજ બાજુ ફરી, જ્યાં જીગીષા રાંભિયા ને પરેશ બદાણી ગીત ગાવા તત્પર થઇ બેઠેલા. 'જો જીગીષા' સરોજ બોલી 'હવે દુભાય એવી લાગણીઓ રહી નથી એટલે અહીં બધા લાગણીથી આવ્યા નથી. કોઈ હાજરી પુરાવા તો કોઈ કન્ફોર્મ કરવા કે ચંપકકાકો ખરેખર ગયો છે કે ગયા અઠવાડિયાની જેમ આ વખતે પણ ધક્કો ખવડાવશે. કોઈ વળી કોણ-કોણ આવ્યા એ જોવા જ આવ્યા હશે. આ પ્રસંગના ટિકિટ શો થતા નથી એટલે કેટલાક સંગીતપ્રેમી એસીમાં મફતમાં ગીતો સાંભળવા આવ્યા હોય છે. આજે એવી જમાવટ કરો કે પ્રેક્ષકોને લાગે કે આ પરિવારની પ્રાર્થનાસભા પણ સંગીતસંધ્યા જેટલી જ બેસ્ટમબેસ્ટ ને વારંવાર જવાનું મન થાય એવી હોય છે. ચંબુની બા હજી બેઠા છે પણ બહુ ખેંચે એવું લાગતું નથી. કદાચ એડવાન્સ બુકિંગ મળી પણ જાય. હું તો કઉ છું

'આજની પ્રાર્થના આજ વગડાવો વગડાવો રૂડા શરણાઈ ને ઢોલ'થી શરૂ કરો'

'ના ભાભી, હમણાં એક લગ્નની સંગીતસંધ્યામાં તમારી ફરમાઈશથી પરેશે 'પંખીડાને આ પીંજરું જૂનું ..લાગે'

ગાયેલું તો ધોઈ નાખેલો તમારા ત્યાં કોઈ જશે ત્યારે લઈશું.'

જેમને આ ગીત ગમતા હતા એ કોઈ બચ્યા નથી ને મારી જગા પણ બચી નથી એટલે નેક્સ્ટ વીક...

શું કહો છો? ■

feedback@bombaysamachar.com

ફોક્સ

સીમા શ્રીવાસ્તવ

# દેશમાં આરોગ્યસંભાળ માટે નરમ-ગરમ રહ્યું આ વર્ષ



૨૦૨૫ના વર્ષે આરોગ્ય ક્ષેત્રે કદ, રોકાણ અને ટેક્નોલોજીની દ્રષ્ટિએ નોંધપાત્ર પ્રગતિ કરી છે. આ વર્ષ સાર્વત્રિક સ્વાસ્થ્ય કવરેજની દિશામાં મહત્ત્વપૂર્ણ પ્રયાસો માટે અને તબીબી ક્ષેત્રે નવીનતા તથા ટેક્નોલોજીના નવીન પ્રયોગો માટે દાખલારૂપ સાબિત થશે. જ્યારે કેટલાક નવા સંશોધનો અને મેડિકલ એપ્લિકેશનોએ આશાઓ જગાવી તો કેટલાક મહત્ત્વપૂર્ણ મોરચે નબળાઇઓ પણ સામે આવી, જેનો તાત્કાલિક ઉપાય ખૂબ જ જરૂરી છે. આ વર્ષે સરકારી કક્ષાએ સ્વાસ્થ્યને 'કલ્યાણકારી ખર્ચ'માંથી 'રાષ્ટ્રીય રોકાણ' તરીકે જોવાનો વિચાર મજબૂત બન્યો એ મોટી વાત સાબિત થઇ છે.

આરોગ્ય સેવાઓનો વ્યાપ કાગળમાંથી નીકળીને ટેક્નોલોજી અને પ્લેટફોર્મ-આધારિત ઉકેલ તરફ વધ્યો છે. સમગ્ર વર્ષ દરમિયાન મેડિકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલ હેલ્થ અને પ્રાથમિક આરોગ્ય સેવાઓના વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત રહ્યું હતું. ટેલી-મેડિસિન સેવાઓનું વિસ્તરણ, ઇ-સંજીવની જેવા પ્લેટફોર્મનો વધતો ઉપયોગ અને આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન અંતર્ગત હેલ્થ આઇડીનો વ્યાપક પ્રસાર નોંધપાત્ર છે. સરકારની સૌથી મોટી સફળતાઓમાં પ્રાથમિક આરોગ્યસંભાળ અને ડિજિટલ આરોગ્ય માળખાગત સુવિધાનો વિસ્તાર, આરોગ્ય અને સુખાકારી કેન્દ્રોની સંખ્યા અને કાર્યક્ષમતામાં સુધારાનો સમાવેશ થાય છે. ભારતે આ વર્ષે તબીબી ઉપકરણોના ઉત્પાદન, જેનેરિક દવાઓ અને રસી સંશોધનમાં વૈશ્વિક સ્તરે પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. ટીબી, માતૃત્વ અને બાળ આરોગ્ય, રસીકરણ અને ડાયાબિટીસ, હાયપરટેન્શન અને કેન્સર જેવા બિન-ચેપી રોગો પર ચાલી રહેલા અભિયાનોએ મિશ્ર પરિણામો મેળવ્યા છે. ભારતમાં ટીબીના કેસોમાં ૨૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. જે વૈશ્વિક ઘટાડા દર કરતાં બમણો છે. સારવાર કવરેજ પણ વધીને ૯૨ ટકા પહોંચ્યો છે.

'સ્વસ્થ નારી, સશક્ત નારી' અભિયાન તથા આ વર્ષના વિશ્વ આરોગ્ય દિવસના સૂત્ર 'સ્વસ્થ શરૂઆત, આશાપૂર્ણ ભવિષ્ય'નો ઉદ્દેશ્ય અટકાવી શકાય તેવા માતા અને નવજાત શિશુ મૃત્યુદરને ઘટાડવાના પ્રયાસોને વેગ આપવાનો હતો. ભારતમાં શિશુ મૃત્યુદર ગત વર્ષ કરતાં ત્રણ ટકા ઘટીને લગભગ ૨૫ ટકા થયો છે. આ વર્ષે ૨૦૨૪ની સરખામણીએ મોબાઇલ મેડિકલ યુનિટ, ડ્રોન અને ટેલિ-કન્સલ્ટેશનના માધ્યમથી દૂરવર્તી વિસ્તારોમાં આરોગ્ય સંભાળની સેવાઓની પહોંચ થોડી વધી છે. ૨૦૨૫ એ વર્ષ હતું જ્યારે એઆઇ-આધારિત ડાયગ્નોસ્ટિક્સ, રોબોટિક સર્જરી અને આઇઓટી ઉપકરણોનો ઉપયોગ માત્ર પ્રતીકાત્મક રીતે જ નહીં પરંતુ વ્યવહારિક રીતે પણ વિસ્તર્યો હતો. આથી જટિલ સર્જરીનો સફળતા દર વધવાની સાથે સામાન્ય લોકો માટે બીજા અભિપ્રાયો સુલભ બન્યા છે. સરકારે લગભગ બે લાખ આયુષ્યમાન આરોગ્ય મંદિરોના માધ્યમથી સ્વાસ્થ્યના દ્રષ્ટિકોણને રોગ કેન્દ્રિત વિચારથી આરોગ્ય કેન્દ્રિત અભિગમ તરફ વાળ્યો છે. વળી, ઇ-સંજીવનીએ આયુષ્યમાન ભારત આરોગ્ય ખાતા અને આયુષ્યમાન ભારત ડિજિટલ મિશનના એકીકરણ દ્વારા દેશભરમાં ડિજિટલ આરોગ્યસંભાળ સેવાઓ સુધીની પહોંચ વધારતા ૪૩ કરોડથી વધુ ટેલિ-કન્સલ્ટેશનની સુવિધા પૂરી પાડી હતી.

આ વર્ષે સસ્તી દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે જિલ્લાઓમાં જનઔષધિ કેન્દ્રોનો મોટી સંખ્યામાં વધારો કરવામાં આવ્યો હતો. તબીબોની સંખ્યા અને વસ્તી વચ્ચેના ઐતિહાસિક અસંતુલનને દૂર કરવાના પ્રયાસો ચાલુ રહ્યા હતા. તેમજ પેરામેડિકલ સ્ટાફ પૂરો પાડવા માટે ૧૫૭ નવા નર્સિંગ અને પેરામેડિકલ કોલેજોને મંજૂરી આપવામાં આવી હતી. આ સાથે જિલ્લા સ્તરે ક્રિટિકલ કેર બ્લોક તથા ૭૩૦ સંકલિત જાહેર આરોગ્ય પ્રયોગશાળાઓ સ્થાપિત કરવા માટે રૂા. ૬૪,૧૮૦ કરોડ ખર્ચવામાં આવ્યા હતા. જેથી કરીને લોકોને લાંબી મુસાફરી કરીને મહાનગરો સુધી જવું ન પડે.

ભારતે ટેકનિકલી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના ધોરણ મુજબ ૮૧૧ લોકોએ એક ડોક્ટરથી વસ્તી ગુણોત્તર પ્રાપ્ત કરી લીધો છે. જો કે આ સુધારો ગ્રામીણ અને શહેરી વિસ્તારો, ખાનગી અને સરકારી હૉસ્પિટલો વચ્ચે અસમાન હોવા છતાં માથાદીઠ તબીબોની ઉપલબ્ધતા અને હૉસ્પિટલોમાં પલંગની સંખ્યામાં થોડો સુધારો નોંધાયો છે. જીવનશૈલીના રોગો વિશે જાગૃતિ પણ પ્રમાણમાં વધી છે. આરોગ્યસંભાળ બજાર અને મેડિકલ ટૂરિઝમમાં ભારતની પ્રગતિ પણ સારી રહી છે. ભારતીય આરોગ્યસંભાળ બજાર ૬૦૦ બિલિયન ડૉલરને વટાવી ગયું છે. આપણી 'ફાર્મસી ઓફ ધ વર્લ્ડ'ની છબી અકબંધ રહી છે. જો કે આ પ્રોત્સાહક તથ્યો છતાં પરિસ્થિતિ સુધરી રહી હોવા અંગે વિશ્વાસ કરવો કપરો સાબિત થઇ રહ્યો છે. આરોગ્ય એવું ક્ષેત્ર છે જ્યાં વ્યાપકતા ખૂબ મહત્ત્વ ધરાવે છે.

સૌથી પહેલા વાત આરોગ્ય માટે બજેટ નક્કી કરવાથી શરૂ થાય છે. આ વર્ષે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયને ૧૧ ટકાના વધારા સાથે ૯૯,૮૬૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા.

આ લાંબા સમય સુધી ભંડોળના અભાવને કારણે આરોગ્ય માટે પ્રાથમિક બંધારણીય જવાબદારી ધરાવતા રાજ્યો ટકાઉ, સ્વાયત્ત રાજ્ય આરોગ્ય ક્ષમતાઓનું નિર્માણ કરવાને બદલે મિશન-મોડ કેન્દ્રીય અનુદાન પર નિર્ભર છે. આ જ કારણસર શહેરી ભારત અને દૂરવર્તી ગ્રામીણ ભારત વચ્ચેનું અંતર સ્પષ્ટ દેખાઇ આવે છે. તબીબો, નર્સો અને પેરામેડિકલ સ્ટાફની અછત પણ અપેક્ષા મુજબ ઓછી થઇ નથી. એઆઇ, રોબોટિક સર્જરી અને નવી ટેક્નોલોજી મોટાભાગે મોટી ખાનગી હૉસ્પિટલો સુધી મર્યાદિત રહી છે. આ વર્ષે સરકારી સેવાઓએ થોડી રાહત જરૂર આપી પરંતુ આરોગ્ય સેવાઓ અપેક્ષા મુજબ પરવડે તેવી રહી નથી.

ખાનગી સ્વાસ્થ્ય સેવાઓનો ખર્ચ વધ્યો, જેના કારણે ખિસ્સામાંથી થતાં ખર્ચમાં ઘટાડાની ગતિ ધીમી રહી છે. આરોગ્ય પર સરકારી ખર્ચ વધ્યો પરંતુ સામાન્ય માણસના ખિસ્સા પરનો બોજ આ વર્ષે પણ વજનદાર જ રહ્યો હતો. નીતિગત યોજનાઓ ઘડવામાં તો આવી પરંતુ તેની ગતિ વસ્તી વૃદ્ધિ અને રોગના બોજના પ્રમાણમાં ઓછી રહી. એ હકીકત છે કે કૌભાંડોના અહેવાલો છતાં સરકારી આરોગ્ય વીમા યોજનાઓમાં લાભાર્થીઓની સંખ્યા વધી છે. આ સૂચવે છે કે યોજનાની જરૂરિયાત વાસ્તવિક છે, પરંતુ દેખરેખ અને પારદર્શિતા નબળી કડી સાબિત થઇ રહી છે. આરોગ્ય વીમા પર જીએસટીમાં ઘટાડાથી પ્રીમિયમ પર થોડી અસર જરૂર પડી છે, પરંતુ આ રાહત મર્યાદિત વર્ગ સુધી અસરકારક રહી હતી. આ વર્ષે નકલી અને બિનજરૂરી સર્જરીનો મુદ્દો ગંભીર રીતે સામે આવ્યો હતો. જે ખાનગી આરોગ્ય પ્રણાલીમાં વ્યાપારી દબાણ અને નબળા નિયમન તરફ અંગુલી નિર્દેશ કરે છે. નકલી અને હલકી ગુણવત્તાવાળી દવાઓ અને ઝેરીલી કફ સીરપ જેવી ઘટનાઓએ ભારતની ફાર્મા શાખને નુકસાન પહોંચાડ્યું હતું અને નિયામક તંત્રને કઠેડામાં લાવી ખડું કરી દીધું હતું.

આ બધા ઉપરાંત ભારતીય ડોક્ટરોને આ વર્ષે આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક સન્માનો મળ્યા છે. એમ્સ, આઇસીએમઆર અને અન્ય સંશોધન સંસ્થાઓએ કેન્સર, ન્યુરોલોજી, રસીઓ અને સુખાકારીના ક્ષેત્રોમાં નોંધપાત્ર સંશોધન રજૂ કર્યા હતા. જે ભારતની વૈજ્ઞાનિક ક્ષમતાઓને ઉજાગર કરે છે. એમ્સએ બ્રેન સ્ટ્રોક એટલે કે લકવાની સસ્તી સારવાર માટે પોતાના અદ્યતન બ્રેન સ્ટેન્ટનો સફળ પ્રયોગ કર્યો હતો. તેમ જ અનિયંત્રિત ડાયાબિટીસના દર્દીઓ માટે બે કલાકમાં પૂર્ણ થનારી તેમની નવી મેટાબોલિક સર્જરી આશાનું કિરણ બનીને આવી છે.

આરોગ્ય ક્ષેત્રમાં આ વર્ષે ભારતે પહોંચ, ગુણવત્તા અને ટેક્નોલોજીના માધ્યમથી એક વ્યાપક અને સમાવિષ્ટ આરોગ્યસંભાળ સેવા પ્રણાલી બનાવવા તરફ પ્રયાણ કર્યું છે. જેમાં ડિજિટલ સાધનો અને સામુદાયિક જોડાણે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ વર્ષ ખરેખર એક સંક્રમણકાળ તરીકે ચિહ્નિત થયું, જ્યાં નીતિગત ઇચ્છાશક્તિ, તક્નીકી નવીનતા અને જમીની વાસ્તવિકતા-ત્રણેય એકબીજા સાથે અથડાતા પણ જોવા મળ્યા અને ક્યાંક એકબીજાના પૂરક પણ બન્યા હતા. આ વર્ષ ભારતના આરોગ્ય અને દવા ક્ષેત્ર માટે ખરેખર 'સંભાવનાઓનું વર્ષ' રહ્યું છે. જે દર્શાવે છે કે જો નીતિ, ટેક્નોલોજી અને સંસાધનો સમાન ગતિએ ચાલે તો ભારત માત્ર તેના નાગરિકોને સારું આરોગ્ય પ્રદાન કરી શકે છે પરંતુ વૈશ્વિક આરોગ્ય નેતૃત્વ તરફ આગળ વધી શકે છે.■

# - એ હાર પછી રિટાયર થવાનું વિચારેલું: રોહિત



નવી દિલ્હીઃ ભારતના ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્માએ એક ચોંકાવનારો ખુલાસો કરતા કહ્યું હતું કે ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપ ફાઇનલમાં ઓસ્ટ્રેલિયા સામે મળેલી હૃદયદ્રાવક હાર બાદ તેણે નિવૃત્તિ લેવાનું વિચાર્યું કારણ કે તેને લાગ્યું કે ‘‘આ રમતે તેની પાસેથી બધું છીનવી લીધું છે.’’ રોહિતની કેપ્ટનશિપ હેઠળ ભારતે ઘરઆંગણે રમાયેલા આ વન-ડે વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. ફાઇનલમાં પહોંચવા માટે સતત નવ મેચ જીતી હતી પરંતુ આ મહત્ત્વપૂર્ણ મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. આ મેચમાં ઓસ્ટ્રેલિયન ઓપનર ટ્રેવિસ હેડે સદી ફટકારી હતી, જે આખરે નિર્ણાયક સાબિત થઈ હતી. રોહિતે માસ્ટર્સ યુનિયનના એક કાર્યક્રમ દરમિયાન કહ્યું હતું કે, ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપ ફાઇનલ પછી હું સંપૂર્ણપણે હતાશ થઈ ગયો હતો. મને લાગ્યું કે હું આ રમત હવે રમવા માંગતો નથી કારણ કે તેણે મારી પાસેથી બધું છીનવી લીધું હતું અને મને લાગ્યું કે મારી પાસે કંઈ બચ્યું નથી.

તેણે કહ્યું હતું કે, મને તેમાંથી સ્વસ્થ થવામાં થોડો સમય લાગ્યો. હું મારી જાતને યાદ કરાવતો રહ્યો કે આ તે છે જે હું ખરેખર પ્રેમ કરું છું. મારી પાસે આ વસ્તુ છે અને હું તેને આટલી સરળતાથી છોડી શકતો નથી. ધીમે ધીમે, હું સ્વસ્થ થઈ ગયો. મેં મારી ખોવાયેલી ઊર્જા પાછી મેળવી અને મેદાન પર ફરી સક્રિય થઈ ગયો. રોહિતે કહ્યું હતું કે, તે હારથી બધા નિરાશ થયા હતા અને અમે જે બન્યું તેના પર વિશ્વાસ કરી શકતા ન હતા. મારા માટે વ્યક્તિગત રીતે તે ખૂબ જ મુશ્કેલ સમય હતો કારણ કે મેં તે વર્લ્ડ કપમાં બધું જ લગાવી દીધું હતું. વર્લ્ડ કપના બે કે ત્રણ મહિના પહેલા નહીં પણ ૨૦૨૨ માં કેપ્ટનશિપ સંભાળી ત્યારથી હું તેની તૈયારી કરી રહ્યો હતો.

રોહિતે ટી-૨૦ અને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે અને આ વર્ષની શરૂઆતમાં તેને વન-ડે કેપ્ટનશિપમાંથી દૂર કરવામાં આવ્યો છે. તે હાલમાં ૫૦-ઓવરના ફોર્મેટમાં રમે છે અને ૨૦૨૭માં વન-ડે વર્લ્ડ કપ સુધી ટીમ સાથે રહેવાનું લક્ષ્ય રાખે છે. મારું એકમાત્ર લક્ષ્ય વર્લ્ડ કપ જીતવાનું હતું પછી ભલે તે ટી-૨૦ વર્લ્ડ કપ હોય કે ૨૦૨૩માં વન-ડે વર્લ્ડ કપ. તેથી જ્યારે તે બન્યું નહીં, ત્યારે હું સંપૂર્ણપણે ભાંગી પડ્યો હતો. મારા શરીરમાં કોઈ ઊર્જા બચી ન હતી. મને સ્વસ્થ થવામાં અને પાટા પર પાછા ફરવામાં થોડા મહિના લાગ્યા. અમદાવાદમાં ઓસ્ટ્રેલિયા સામેની હારના એક વર્ષ કરતાં પણ ઓછા સમયમાં ભારતે રોહિતની કેપ્ટનશિપ હેઠળ અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં ૨૦૨૪નો ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. પરંતુ નવેમ્બર ૨૦૨૩માં ઓસ્ટ્રેલિયા સામેની હારના દુઃખને દૂર કરવું સરળ નહોતું. ■

વર્લ્ડ કપ માટેની ટીમ ઇન્ડિયાની વ્યૂહરચના...

# બૅટિંગ ઑર્ડરના કેન્દ્રમાં છે વિકેટ-કીપર

નવી દિલ્હીઃ ભારતની ટી-૨૦ વર્લ્ડકપ ટીમમાં બેટિંગ ઓર્ડર, ફિનિશિંગ રોલ અને સ્પિન બોલિંગમાં વિવિધતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ૨૦૨૪ ટી-૨૦ વર્લ્ડકપ બાદ ટીમ ઈન્ડિયાના મેનેજમેન્ટે ટીમમાં ત્રણ ક્ષેત્રમાં ફેરફાર કર્યા છે. જેમાં ટોપ-ઓર્ડરમાં ફેરફાર, ફિનિશિંગની ભૂમિકા અને સ્પિન બોલિંગમાં ઊંડાઈનો સમાવેશ થાય છે.





સૌથી મોટો ફેરફાર ભારતના વિકેટકીપરની ભૂમિકાની આસપાસ બેટિંગ ઓર્ડર કેવી રીતે ડિઝાઇન કરવું તેનાથી શરૂ થયો હતો. ૨૦૨૪માં ભારતીય ટીમમાં બે વિકેટકીપર હતા. જરૂરિયાત અનુસાર તેને બદલી શકાતા હતા. ૨૦૨૪ પછી ટોપ-ઓર્ડરમાં એક વિકેટકીપરનો સમાવેશ કરાયો જેથી પ્લેઈંગ ઈલેવનમાં બોલિંગ વિકલ્પોને વધારી શકાય. સંજૂ સેમસન અને ઇશાન કિશન બંનેની પસંદગી કરવામાં આવી છે અને સેમસનને આ ટીમમાં ઓપનર વિકલ્પ તરીકે જોવામાં આવે છે.

તે એ પણ દર્શાવે છે કે ભારતે આક્રમક ઓપનિંગ જોડી કેમ પસંદગ કરી છે. અભિષેક શર્માનો સમાવેશ કોઈ દેખિતો જુગાર નથી. તે પાવરપ્લે ફિલોસોફી પ્રત્યે પ્રતિબદ્ધતા છે જ્યાં ઇરાદો અગાઉથી નક્કી હોય છે. ભારત ત્યારે વધુ ખતરનાક થઈ જાય છે જ્યારે તે કામ કરે છે અને જ્યારે નથી કરતું તો વધુ અસ્થિર થઈ જાય છે .

જો બેટિંગ ટેમ્પ્લેટમાં ફેરફાર દિશા નક્કી કરે છે, તો રમતની સ્થિતિના આધારે ફિનિશિંગ નામોને સામેલ કરાય છે. હાર્દિક પંડ્યા પ્રીમિયમ ક્લોઝ-આઉટ ઓલરાઉન્ડરના રૂપમાં, શિવમ દુબે પાવર ઓવરલે તરીકે અને રિંકુ સિંહ સ્પેશિયાલિસ્ટ ફિનિશિંગ લીવરના રૂપમાં ટીમમાં સામેલ છે.

વર્લ્ડ કપમાં તે મહત્ત્વનું છે કારણ કે જ્યારે કોઈ મોટી ટુર્નામેન્ટ જીતવાની વાત આવે છે ત્યારે ફિનિશિંગ એક આવશ્યક ભાગ છે. ફિનિશરની ભૂમિકાને વ્યાખ્યાયિત કરવી અને તે મુજબ પસંદગી કરવી એ ભારત માટે શું દર્શાવે છે તે સ્વીકારવું છે. બાઉન્ડ્રી સરળતાથી ન આવતી હોય ત્યારે કોઈએ અંતિમ પાંચ ઓવરમાં સારુ પ્રદર્શન કરવું પડે છે.

ટીમનો સૌથી મોટો રણનીતિક સંકેત સ્પિનમાં છે. ભારતે મૂળભૂત રીતે મેચઅપ મશીન બનાવ્યું છે. કુલદીપ યાદવની રિસ્ટ સ્પિન, વરુણ ચક્રવર્તીની મિસ્ટ્રી બોલિંગ, અક્ષર પટેલનો કંન્ટ્રોલ અને વોશિંગ્ટન સુંદરની ઓફ સ્પિન મિડલ ઓવર્સમાં ગેમનું પરિણામ નક્કી કરે છે.

ભારતીય ટીમ ઘરઆંગણે જીતની મોટી દાવેદાર ટીમ છે. ડેથ ઓવર્સમાં જસપ્રીત બુમરાહની બોલિંગ ભારતને પ્લસ પોઈન્ટ આપે છે. બીજા શબ્દોમાં કહીએ તો ભારતે ૨૦૨૪થી ફક્ત નામ જ બદલ્યા નથી તેમણે બ્લૂપ્રિન્ટ પણ બદલી નાખી છે. અને જો તે બ્લૂપ્રિન્ટ દબાણમાં કામ કરે છે તો તે ફરીથી ટી-૨૦ વર્લ્ડ કપ જીતવા માટે પૂરતું છે. ■

# વેસ્ટ ઇન્ડિઝ ૦/૮૭ અને રસાકસી બાદ ૧૦/૧૩૮: ન્યૂ ઝીલેન્ડે સિરીઝ જીતી લીધી

માઉન્ટ મૉન્ગનૂઈઃ ન્યૂ ઝીલેન્ડે અહીં સોમવારે વેસ્ટ ઇન્ડિઝને ત્રીજી ટેસ્ટમાં પાંચમા દિવસે રસાકસી વચ્ચે ૩૨૩ રનથી હરાવીને ત્રણ મેચની શ્રેણી ૨-૦થી જીતી લીધી હતી.

૪૬૨ રનના લક્ષ્યાંક સામે એક તબક્કે કેરિબિયનોનો સ્કોર ૦/૮૭ હતો. જોકે એ જ સ્કોર પર ધબડકો શરૂ થયો હતો અને ૧૧ રનમાં પાંચ વિકેટ પડી ગઈ હતી. વેસ્ટ ઇન્ડિઝની ટીમે ૧૦૦ રનનો આંકડો પાર કર્યા પછી પણ વિકેટ પડવાનું ચાલુ જ રહ્યું હતું અને પ્રવાસી ટીમ ૧૫૦ રન સુધી પણ નહોતી પહોંચી શકી. ૧૩૮મા રન પર ૧૦મી વિકેટ પડી હતી જે રાઈટ આર્મ પેસ બોલર જેકબ ડફીની પાંચમી વિકેટ હતી. ત્રણ વિકેટ સ્પિનર એજાઝ પટેલે લીધી હતી.

વેસ્ટ ઇન્ડિઝે સોમવારે સવારે ડ્રિન્ક્સ ઇન્ટરવલ બાદ પચીસ રનમાં જે આઠ વિકેટ ગુમાવી એમાંથી પાંચ ડફીની હતી. તેણે કિવીઓ વતી એક કેલેન્ડર યરમાં સૌથી વધુ વિકેટ લેવાનો સર રિચર્ડ હેડલીનો ૭૯ વિકેટનો ૪૦ વર્ષ જૂનો વિક્રમ તોડ્યો હતો. ડફીની ૨૦૨૫માં ૮૧ ટેસ્ટ વિકેટ થઈ છે.

હેડલીએ ૧૯૮૫ના વર્ષમાં ૭૯ વિકેટ લીધી હતી. આ લિસ્ટમાં સ્પિનર ડેનિયલ વેટોરી (૨૦૦૮માં ૭૬ વિકેટ) ત્રીજા સ્થાને છે.

વેસ્ટ ઇન્ડિઝ વતી સૌથી વધુ રન બ્રેન્ડન કિંગના હતા. તેણે ૯૬ બોલમાં ૬૭ રન કર્યા હતા. જોકે શાઈ હોપ સૌથી ધીમો હતો. તેણે ૭૮ બોલમાં ફક્ત ત્રણ રન કર્યા હતા. ૩.૮૪ તેનો સ્ટ્રાઇક-રેટ હતો.

ન્યૂ ઝીલેન્ડે પ્રથમ દાવ ૮/૫૭૫ના સ્કોર પર ડિક્લેર કર્યો હતો. એમાં ડેવોન કોન્વેના ૨૨૭ રન અને ટોમ લેથમના ૧૩૭ રન સામેલ હતા. વેસ્ટ ઇન્ડિઝે વળતી લડતમાં ૪૨૦ રન કર્યા હતા, પણ કિવીઓએ બીજા દાવમાં પણ કોન્વે (૧૦૦ રન) અને લેથમ (૧૦૧ રન)ની સદીની મદદથી ૨/૩૦૬ના સ્કોર પર દાવ ડિક્લેર કરીને કેરિબિયનોને ૪૬૨ રનનો તોતિંગ ટાર્ગેટ આપ્યો હતો.

કોન્વેને મેન ઑફ ધ મેચનો અવૉર્ડ મળ્યો હતો. શ્રેણીમાં કોન્વેના ૪૫૨ રન તમામ બેટ્સમેનમાં સૌથી વધુ હતા. સિરીઝમાં હાઈએસ્ટ ૨૩ વિકેટ લેનાર જેકબ ડફીને મેન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર અપાયો હતો. પ્રથમ ટેસ્ટ જસ્ટિન ગ્રીવ્ઝ (૨૦૨ અણનમ)ની યાદગાર ડબલ સેન્ચુરી સાથે ડ્રો થયા બાદ બીજી ટેસ્ટ કિવીઓએ નવ વિકેટે જીતી લીધી હતી. ■

# ઓલરાઉન્ડર કૃષ્ણપ્પા ગૌતમે લીધી નિવૃત્તિઃ ૧૪ વર્ષના કરિયરમાં ભારત માટે રમી ફક્ત એક મેચ

નવી દિલ્હીઃ કર્ણાટકના જાણીતા ઓલરાઉન્ડર અને ભૂતપૂર્વ ભારતીય આંતરરાષ્ટ્રીય ખેલાડી કૃષ્ણપ્પા ગૌતમે ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. આ સાથે તેની ૧૪ વર્ષના કરિયરનો અંત આવ્યો હતો. ગૌતમ ભારત, ઈન્ડિયા-એ , કર્ણાટક અને ઘણી આઈપીએલ ટીમો તરફથી રમી ચૂક્યો છે. તે તેની નિર્ભય અને આક્રમક રમત શૈલી માટે જાણીતો હતો. તે હંમેશા તેમના લાંબા શોટ અને ઓફ-સ્પિન બોલિંગથી અસરકારક રહ્યો હતો. ૩૭ વર્ષીય કૃષ્ણપ્પા ગૌતમ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી હવે નવી કારકિર્દી શરૂ કરવા જઈ રહ્યો છે.

કૃષ્ણપ્પા ગૌતમે ૧૭ નવેમ્બર, ૨૦૧૨ ના રોજ કર્ણાટક તરફથી ઉત્તર પ્રદેશ સામે રણજી ટ્રોફીમાં ડેબ્યૂ કર્યું હતું. તેની પહેલી જ મેચમાં ગૌતમે સુરેશ રૈના અને ભુવનેશ્વર કુમાર જેવા મોટા નામોને આઉટ કરીને બધાનું ધ્યાન ખેંચ્યું હતું. ૨૦૧૬-૧૭ રણજી ટ્રોફી સીઝન તેની કારકિર્દીમાં એક વળાંક સાબિત થઈ હતી જ્યારે તેણે માત્ર આઠ મેચમાં ૨૭ વિકેટો લીધી હતી. ૨૦૧૭-૧૮ રણજી ટ્રોફીમાં તેણે મૈસુરમાં આસામ સામે પોતાની પહેલી ફર્સ્ટ ક્લાસ સદી ફટકારી હતી જેનાથી એક ઓલરાઉન્ડર તરીકેની પોતાની પ્રતિષ્ઠા મજબૂત થઈ હતી. ગૌતમે ૨૦૨૩ સુધી ઘરેલુ ક્રિકેટમાં સતત સારું પ્રદર્શન કર્યું, પરંતુ તે પછી તેણે કર્ણાટક ટીમમાં પોતાનું સ્થાન ગુમાવ્યું હતું. તેણે ૫૯ ફર્સ્ટ-ક્લાસ અને ૬૮ લિસ્ટ-એ મેચોમાં ૩૨૦થી વધુ વિકેટ લીધી હતી. ■

# ટ્રોફી જીતતા કરોડપતિ થયા પાકિસ્તાની અંડર-૧૯ ક્રિકેટરો

કરાચીઃ પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે સોમવારે તેમના દેશની અંડર-૧૯ એશિયા કપ વિજેતા ટીમના પ્રત્યેક ખેલાડી માટે એક કરોડ રૂપિયાના રોકડ પુરસ્કારની જાહેરાત કરી હતી. પાકિસ્તાનની યુવા ટીમે રવિવારે દુબઈમાં રમાયેલી ફાઇનલમાં ભારતને ૧૯૧ રનથી હરાવીને ટાઈટલ જીત્યું હતું. શરીફે ઇસ્લામાબાદમાં ટીમ અને તેના સપોર્ટ સ્ટાફ માટે આયોજિત રિસેપ્શનમાં આ જાહેરાત કરી હતી.

ટીમના મેન્ટર અને મેનેજર સરફરાઝ અહેમદે સ્વાગત પછી મીડિયાને જણાવ્યું હતું કે વડા પ્રધાને દરેક ખેલાડી માટે એક કરોડ રૂપિયાના રોકડ પુરસ્કારની જાહેરાત કરી હતી.

અગાઉ એવા રિપોર્ટ હતા કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ મોહસિન નકવીએ એશિયા કપ જીતનારી જૂનિયર ટીમના દરેક ખેલાડી માટે ૫૦-૫૦ લાખ રૂપિયાના રોકડ પુરસ્કારની જાહેરાત કરી હતી. ■

# આજે બીજી ટી-૨૦માં ભારતીય મહિલાઓએ ફીલ્ડિંગ સુધારવી પડશે

વિશાખાપટ્ટનમઃ પહેલી મેચમાં મોટી જીતથી ઉત્સાહિત ભારતીય મહિલા ક્રિકેટ ટીમ મંગળવારે અહીં શ્રીલંકા સામેની બીજી મહિલા ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં મેદાનમાં ઊતરશે ત્યારે તેના ફિલ્ડિંગમાં સુધારો કરીને તેનો વિજય રથ આગળ વધારવા માગશે. ગયા મહિને વર્લ્ડ કપ જીત્યા પછી ભારતીય ટીમે બેટિંગ અને બોલિંગ બંનેમાં સારું પ્રદર્શન કર્યું અને શ્રીલંકાને આઠ વિકેટથી હરાવ્યું હતું. શ્રીલંકા પ્રથમ મેચમાં ૧૨૧ રન કરી શકી હતી. પ્રથમ મેચમાં ભારતીય ટીમની ફિલ્ડિંગ ખરાબ રહી હતી.

મેચ બાદ કેપ્ટન હરમનપ્રીત કૌરે કહ્યું હતું કે, ‘‘અમે અમારી ફિલ્ડિંગ પર કામ કરી રહ્યા છીએ. મને ખબર નથી કે અમે વારંવાર કેચ કેમ છોડી રહ્યા છીએ. મેદાન ભીનું હતું, પરંતુ તે બહાનું નથી. આ એવી બાબત છે જેનો આપણે ગંભીરતાથી વિચાર કરવાની જરૂર છે. અમે આગામી મેચમાં વધુ સારી રણનીતિ સાથે આવીશું.’’

વર્લ્ડ કપની સફળતા પછી ભારતીય ટીમને છ અઠવાડિયાનો વિરામ મળ્યો હતો. આ પછી ભારતીય ટીમે બેંગલુરુમાં સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે એક અઠવાડિયા લાંબા કેમ્પમાં ભાગ લીધો હતો. ■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખોટ | RANCID |
| ખેસ | LOSS |
| ખોરું | LAP |
| ખોલો | SCARF |
| ખોળો | DONKEY |

### શબ્દલાલિત્ય — કાન્તા વોરા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | | ૫ | ૬ | | ૭ |
| | | ૮ | | | | ૯ | | | |
| ૧૦ | ૧૧ | | | ૧૨ | ૧૩ | | | ૧૪ | |
| | | | ૧૫ | | | | ૧૬ | | |
| | ૧૭ | ૧૮ | | | ૧૯ | ૨૦ | | | |
| ૨૧ | | ૨૨ | | ૨૩ | | ૨૪ | | ૨૫ | |
| ૨૬ | ૨૭ | | | | | | | | |
| ૨૮ | | | ૨૯ | | ૩૦ | | ૩૧ | | ૩૨ |
| | | ૩૩ | | | ૩૪ | ૩૫ | | | |
| ૩૬ | | | | | ૩૭ | | | | |

**આડી ચાવી**

૧. રૂઠેલું, ગુસ્સે થયેલું (૫)
૫. કુદરતી (૪)
૮. ચીજ, વસ્તુ (૩)
૯. જો (૨)
૧૦. ચક્ષુ, આંખ (૩)
૧૨. કરાર, સહી સાથેનું લખાણ (૩)
૧૪. કાલ કરે સૌ --- કર, --- કરે સૌ અબ (૨:)
૧૬. દુઃખ, મુશ્કેલી (૩)
૧૭. ઘરડ, ચીલો (૩)
૧૯. સમાવેશ (૩)
૨૨. રૂપું (૩)
૨૪. ખરચ (૩)
૨૬. ઝરૂખો (૩)
૨૮. ઉત્તમ, ચડિયાતું (૨)
૨૯. વાકેફ, જાણવું (૩)
૩૧. પેદાશ (૩)
૩૩. મીંડું (૨)
૩૪. મુસલમાન રાજા (૩)
૩૬. નિર્બળતા, ઢીલાશ (૪)
૩૭. નુકસાનકારક (૫)

**ઊભી ચાવી**

૧. કોલસો (૩)
૨. પૂજન (૩)
૩. એક જાતની ગાગર (૨)
૪. વંશ, ઉત્પતિસ્થાન (૩)
૫. દાનત, વૃત્તિ (૩)
૬. સૈકો (૨)
૭. દેવાદાર, ઋણી (૫)
૧૧. મુશ્કેલીથી ખવાય કે તૂટે એવું (૩)
૧૩. સૂર્ય અને ચંદ્રનું પૂર્ણ ગ્રહણ (૩)
૧૪. --- આયે બહાર આઇ (૨)
૧૫. કર્તવ્ય (૩)
૧૬. સત્ત્વ, અર્ક (૩)
૧૮. રાજવંશીઓને ગુજરાન માટે આપેલ જમીન કે/ ઉચક રકમ (૩)
૨૦. મા જણ્યું (૩)
૨૧. પાલનપોષણ (૫)
૨૩. બરબાદી, પાયમાલી (૩)
૨૫. અંકુશ, દાબ (૩)
૨૭. દ્વેષ, શત્રુવટ (૨)
૨૯. માન્ય હોવું તે (૩)
૩૦. એકલું (૩)
૩૧. ઊલટી થવાનો ઉછાળો, બકારી (૩)
૩૨. થોડુંક, લગાર (૩)
૩૩. કાંટો (૨)
૩૫. જણસ, ચીજ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ત્મ | ૨ વં | ચ | ૩ ના | | ૪ જો | ગ | ૫ વા | ઈ |
| ભ | | દ | | ૬ દ | ૭ રા | ખ | | ય | |
| | ૮ કા | ન | ન | | ૯ જ | મ | | ૧૦ કા | જી |
| ૧૧ ગે | ય | | | ૧૨ ઘે | ન | | ૧૩ ઓ | | |
| બી | | ૧૪ તં | ૧૫ તી | લું | | ૧૬ જ | વા | ની | |
| | ૧૭ સા | ગ | ર | | ૧૮ વા | ય | રો | | ૧૯ સ |
| | | ડી | | ૨૦ મા | ટ | | | ૨૧ શે | ખી |
| ૨૨ ક્ષ | ૨૩ મા | | ૨૪ જ્વ | ર | | ૨૫ સ | ૨૬ ફ | ર | |
| | તં | | ૨૭ લં | ગ | ૨૮ ર | | ર | | ૨૯ ક્ષ |
| ૩૦ જ | ગ | મ | ત | | ૩૧ વ | શી | ક | ર | ણ |

### માતૃભાષાની મહેક

દિલ માટે મન, ચિત્ત, અંતઃકરણ જેવા શબ્દો છે. દિલ ઉચાટ હોવું એટલે દુઃખી હોવું. દિલ ઉતારી નાખવું એટલે પ્રીતિ ઓછી કરવી, દિલ ઊઠી જવું એટલે અણગમો થવો, નારાજ થવું, ભાવ જતો રહેવો, રુચિ ઘટવી, સ્નેહમાં ભંગાણ પડવું. દિલ ઊંચું થવું એટલે મન ખાટું થઈ જવું, પ્રેમમાં ઓટ આવવી.

### ઓળખાણ પડી?

કેનેડાના રાષ્ટ્રીય વૃક્ષની માન્યતા ધરાવતા વૃક્ષની ઓળખાણ પડી? એમાંથી બનતા સિરપમાં ગળપણ હોવાથી ખાસ્સો વપરાય છે.



અ) Willow બ) Maple ક) Birch ડ) Olive

### સુડોકુ-૯૧૭૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | ૭ | | ૬ | | | ૩ |
| | | ૨ | ૯ | | ૮ | ૧ | | |
| | ૭ | ૮ | | | | ૯ | ૫ | |
| ૭ | ૯ | ૧ | | | | ૨ | ૩ | ૮ |
| | | | | | | | | |
| ૫ | ૮ | ૩ | | | | ૬ | ૪ | ૧ |
| | ૧ | ૭ | | | | ૩ | ૬ | |
| | | ૫ | ૩ | | ૧ | ૪ | | |
| ૬ | | | ૮ | | ૭ | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૭૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૨ | ૯ | ૪ | ૩ | ૧ | ૬ | ૫ |
| ૯ | ૧ | ૬ | ૨ | ૫ | ૭ | ૪ | ૮ | ૩ |
| ૫ | ૪ | ૩ | ૧ | ૮ | ૬ | ૯ | ૭ | ૨ |
| ૧ | ૩ | ૭ | ૮ | ૨ | ૯ | ૬ | ૫ | ૪ |
| ૮ | ૨ | ૫ | ૬ | ૭ | ૪ | ૩ | ૯ | ૧ |
| ૪ | ૬ | ૯ | ૩ | ૧ | ૫ | ૭ | ૨ | ૮ |
| ૨ | ૭ | ૮ | ૪ | ૬ | ૧ | ૫ | ૩ | ૯ |
| ૩ | ૫ | ૧ | ૭ | ૯ | ૨ | ૮ | ૪ | ૬ |
| ૬ | ૯ | ૪ | ૫ | ૩ | ૮ | ૨ | ૧ | ૭ |

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ TRYPANOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) પાન
બ) કોશિશ
ક) પાણી
ડ) સોય

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

’આતમને ઓઝલમાં રાખ મા’ પંક્તિમાં ’ઓઝલ’ શબ્દનો અર્થ જણાવો.

અ) અંતર બ) અંકુશ ક) ભયભીત ડ) પડદો

### ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ખીંટી | PEG |
| ખીજ | ANGER |
| ખીણ | VALLEY |
| ખીરું | FERMENTED LIQUID |
| ખીચોખીચ | CROWDED |

**ગુજરાત મોરી મોરી રેઃ** શિક્ષણ

**ઓળખાણ પડી?** સિંગાપોર

**માઈન્ડ ગેમ :** Pumpkin

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** ઈલાજ

### ઈર્શાદ

*હે સખી! તારા વિનાની જિંદગી હું શું કરું ?*
*ધૂળમાં હું શું ઉમેરીને ફરી કંકુ કરું.*

-- મુકેશ જોશી

### માઈન્ડ ગેમ

ખરબચડી લાલ છાલ હેઠળ સફેદ રંગનું રસ ધરાવતું લીચી નામના ફળનું સૌથી વધુ ઉત્પાદન ક્યા રાજ્યમાં થાય છે એ જણાવો.

અ) બિહાર બ) પંજાબ ક) હરિયાણા ડ) મધ્ય પ્રદેશ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપુર (૨) કિશોરકુમાર જીવણદાસ પટેલ (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) નિશિબ્ધ દેસાઈ (૬) ભારતી બુચ (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) હર્ષા મહેતા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) પુષ્પા પટેલ (૧૨) પ્રવીણ વોરા (૧૩) અમીશી બંગાળી (૧૪) નિખિલ બંગાળી (૧૫) મીનળ કાપડીયા (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) જ્યોતિ ખાંડવાલા (૧૯) નિતીન જયંતિલાલ બજરીયા (૨૦) મહેશ સંઘવી (૨૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૨) જયવંત પદમશી ચિખલ (૨૩) ભરત કજરીયા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) તાહેર ઔરંગાબાદવાલા (૨૬) શીરીન ઔરંગાબાદવાલા (૨૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૮) ખુશરૂ કાપડિયા (૨૯) કિરીટ છેડા (૩૦) ભાવના કર્વે (૩૧) રશીક જુથાણી (ટોરન્ટો-કેનેડા) (૩૨) નયના ગિરીશ મિસ્ત્રી (૩૩) ડાયના સંતોકે (૩૪) શિલ્પા શ્રોફ (૩૫) પુષ્પા ખોના (૩૬) વિજય આસર (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૯)જ્યોત્સના ગાંધી (૪૦) ઈનાક્ષી દલાલ (૪૧) હીના દલાલ (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) અરવિંદ કામદાર (૪૪) ડૉ. પ્રકાશ કટકિયા (૪૫) ભામિની સંપટા (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ધીરેન્દ્ર મુલરાજ (૪૮) ગીતા ઉદેશી (૪૯) મહેશ દોશી

# ક્રૂડ તેલના ભાવ વધી આવતા ડૉલર સામે રૂપિયામાં બાવીસ પૈસાનો સુધારો ધોવાઈને અંતે એક પૈસો નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં જોવા મળેલી લેવાલી ઉપરાંત આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે એક તબક્કે ડૉલર સામે રૂપિયો બાવીસ પૈસા ઊંચકાઈ ગયો હતો, પરંતુ ત્યાર બાદ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં જોવા મળેલા સુધારા ઉપરાંત અમેરિકા-ભારત વચ્ચેની ટ્રેડ ડીલમાં થઈ રહેલા વિલંબની ચિંતા સપાટી પર આવતા સત્ર દરમિયાન જોવા મળેલો સુધારો ધોવાઈ ગયો હતો અને અંતે રૂપિયો એક પૈસાના ઘટાડા સાથે ૮૯.૬૮ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૯.૬૭ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૯.૫૩ની સપાટીએ ખૂલ્યા બાદ ઉપરમાં ૮૯.૪૫ અને નીચામાં ૮૯.૭૫ સુધી ગબડ્યા બાદ અંતે આગલા બંધ સામે એક પૈસાના ઘટાડા સાથે ૮૯.૬૮ના મથાળે બંધ રહ્યો હતો.

તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળી રહેલી નરમાઈ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારો જોવા મળી રહ્યો હોવાથી આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળે તેવી શક્યતા નકારી ન શકાય, એમ મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું. જોકે, અમેરિકા સાથેની ટ્રેડ ડીલમાં થઈ રહેલો વિલંબ શક્યતઃ રૂપિયાને દબાણ હેઠળ રાખે તેમ છતાં અમારા મતે રૂપિયો ૮૯.૨૦થી ૮૯.૮૦ની રેન્જમાં અથડાતો રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૦૮ ટકા ઘટીને ૯૮.૫૨ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૮૬ ટકા વધીને બેરલદીઠ ૬૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જ્યારે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૬૩૮.૧૨ પૉઈન્ટ અને ૨૦૬ પૉઈન્ટ વધીને બંધ રહ્યા હતા. તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૮૩૦.૮૯ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ફેડરલના રેટકટના પ્રબળ આશાવાદમાં વિશ્વ બજાર પાછળ આઈટી, ઑટો અને મેટલ શૅરોમાં રોકાણકારોની આક્રમક લેવાલીઃ સેન્સેક્સની ૬૩૮ પૉઈન્ટની અને નિફ્ટીની ૨૦૬ પૉઈન્ટની છલાંગ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી વર્ષ ૨૦૨૬માં વધુ વખત વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ વધુ પ્રબળ બનતા આજે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાથી સ્થાનિકમાં પણ આજે ખાસ કરીને આઈટી, ઑટોમોબાઈલ અને મેટલ શૅરોમાં વ્યાપક લેવાલી નીકળવાની સાથે ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૮૩૦.૮૯ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સે ૬૩૮ પૉઈન્ટની અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીએ ૨૦૬ પૉઈન્ટની છલાંગ સાથે પુનઃ ૨૬,૧૫૦ની સપાટી કુદાવી હતી.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગત શુક્રવારના ૮૪,૯૨૯.૩૬ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫,૧૪૫.૯૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫,૧૪૫.૮૬ અને ઉપરમાં ૮૫,૬૦૧.૩૩ની રેન્જમાં અથડાઈને અંતે ૦.૭૫ ટકાના સુધારા સાથે ૮૫,૫૬૭.૪૮ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે આજે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગત શુક્રવારના ૨૫,૯૬૬.૪૦ના બંધ સામે વધીને ૨૬,૦૫૫.૮૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૬,૦૪૭.૮૦ અને ઉપરમાં ૨૬,૧૮૦.૭૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૦.૭૯ ટકા અથવા તો ૨૦૬ પૉઈન્ટના સુધારા સાથે ૨૬,૧૭૨.૪૦ના મથાળે બંધ રહ્યો હતો. એકંદરે બજારમાં પ્રવાહિતા વધવાની સાથે અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી વર્ષ ૨૦૨૬માં હળવી નાણાનીતિ અખત્યાર કરીને વ્યાજદરમાં વધુ વખત કાપ મૂકે તેવો આશાવાદ સપાટી પર આવતાં વૈશ્વિક બજારમાં જોવા મળેલા સુધારાતરફી વલણને કારણે આજે સ્થાનિક બજારમાં પણ વર્ષાન્તની રેલી આગળ ધપી હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલી રહી હોવાથી પણ બજારની તેજીને ટેકો મળ્યો હતો.

વધુમાં આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર સામે રૂપિયો સ્થિર થઈ રહ્યો છે. તેમ જ વિદેશી રોકાણકારોની છેલ્લા અમુક સત્રથી ચોખ્ખી ખરીદી જોવા મળી રહી છે અને ડેરિવેટીવ્સ સેગ્મેન્ટમાં વેચાણો કપાયા હોવાથી બજારના સુધારાને ટેકો મળ્યો હોવાનું ઓનલાઈન ટ્રેડિંગ અને વેલ્થ ટેક કંપની એનરીચ મનીના સીઈઓ પોન્મુડી આરએ જણાવતાં ઉમેર્યું હતું કે વૈશ્વિક સ્તરે પણ હળવી નાણાનીતિના આશાવાદને કારણે જોખમી પરિબળો ઓછાં થતાં સુધારાને ટેકો મળી રહ્યો છે. દરમિયાન આજે બીએસઈ ખાતે કુલ ૪૫૦૧ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૨૭૬૮ શૅરના ભાવ વધીને, ૧૧૫૧ શૅરના ભાવ ઘટીને અને ૧૮૨ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૪૩ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૨૯ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૨૬ શૅરના ભાવ વધીને અને ચાર શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. આજે મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૩.૫૬ ટકાનો ઉછાળો ટ્રેન્ટમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ઈન્ફોસિસમાં ૩.૦૬ ટકાનો, ભારતી એરટેલમાં ૨.૪૩ ટકાનો, ટેક મહિન્દ્રામાં ૨.૦૯ ટકાનો, એચસીએલ ટૅક્નોલૉજીસમાં ૧.૬૭ ટકાનો, ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં ૧.૫૭ ટકાનો અને ટીસીએસમાં ૧.૨૮ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે ચાર ઘટનાર શૅરોમાં સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૦.૬૦ ટકાનો, કોટક મહિન્દ્રા બૅન્કમાં ૦.૪૪ ટકાનો, લાર્સન ઍન્ડ ટૂબ્રોમાં ૦.૦૭ ટકાનો અને બજાજ ફાઈનાન્સમાં ૦.૦૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. વધુમાં આજે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૩૮ શૅરના ભાવ વધીને અને ૧૨ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યાના અહેવાલ હતા.

આજે બીએસઈ ખાતેનાં તમામ સેક્ટોરિયલ ઈન્ડેક્સ વધીને બંધ રહ્યા હતા, જેમાં સૌથી વધુ ૧.૯૯ ટકાનો ઉછાળો આઈટી ઈન્ડેક્સમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે બીએસઈ ફોકસ્ડ ઈન્ડેક્સમાં ૧.૭૨ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૬૫ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૧.૩૩ ટકાનો, મેટલ ઈન્ડેક્સમાં ૧.૩૨ ટકાનો અને કૉમૉડિટી ઈન્ડેક્સમાં ૧.૦૫ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાના કોસ્પી ઈન્ડેક્સમાં અને જાપાનના નિક્કી ૨૨૫ ઈન્ડેક્સમાં બે ટકા કરતાં વધુ માત્રામાં ઉછાળો આવ્યો હતો. તેમ જ શાંઘાઈના એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હૉંગકૉંગના હૅંગસૅંગ ઈન્ડેક્સ પણ સુધારા સાથે બંધ રહ્યો હોવાના અહેવાલ હતા. આ સિવાય આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૮૬ ટકા વધીને બેરલદીઠ ૬૦.૯૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાધારણ ત્રણ પૈસાની નરમાઈ સાથે ૮૯.૭૦ની સપાટીએ બંધ રહ્યો હોવાના અહેવાલ હતા.

# રિટેલ સ્તરની માગને ટેકે ખાંડમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. વર્તમાન ખાંડ મોસમમાં ગત ઑક્ટોબર મહિનાથી ગત ૧૫ ડિસેમ્બર દરમિયાન કર્ણાટકની ખાંડ મિલોમાં ૨૨૩.૩૫ લાખ ટન શેરડીનું પિલાણ થયું છે અને ઈથેનોલ માટે વિકેન્દ્રિત થનારી ખાંડને ધ્યાનમાં ન લેતા ૭.૮૪ ટકાના રિકવરી રેટ સાથે કુલ ૧૭.૫ લાખ ટન ખાંડનું ઉત્પાદન થયું છે. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૯૨થી ૩૮૯૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલ રૂ. ૩૯૧૨થી ૩૯૯૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

# તંગ પુરવઠે કોપરમાં આગળ ધપતી તેજી, ટીન-નિકલમાં ચમકારો

મુંબઈ: આંતરરાષ્ટ્રીય સ્તરે ખાસ કરીને કોપરમાં માળખાકીય ક્ષેત્રની પ્રબળ માગનો આશાવાદ અને તાજેતરમાં પ્રવર્તી રહેલી પુરવઠાખેંચની સ્થિતિને ધ્યાનમાં લેતા આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના ભાવ વધીને પાંચ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ કોપરની વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની અવિરત લેવાલી જળવાઈ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. પાંચથી નવની તેજી આવી હતી. આ સિવાય ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ભાવમાં વધુ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૪ અને રૂ. ૧૭નો ચમકારો આવ્યો હતો, જ્યારે એલ્યુમિનિયમ અને ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. બેથી ત્રણ વધી આવ્યા હતા. જોકે, આજે માત્ર લીડ ઈન્ગોટ્સમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો સાધારણ ઘટાડો આવ્યો હતો અને બ્રાસમાં ખપપૂરતી માગે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે મુખ્યત્વે નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેવાની સાથે વપરાશકાર ઉદ્યોગની માગનો ટેકો મળતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૭ વધીને રૂ. ૧૩૬૦ અને રૂ. ૧૪ વધીને રૂ. ૩૯૮૦ના મથાળે રહ્યા હતા. વધુમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે આજે કોપરમાં તેજીનો કરંટ જળવાઈ રહેતાં કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને રૂ. ૧૦૩૫, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૧૦૪૭, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૦૬૦ અને રૂ. ૧૧૫૨ તથા કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૯૩૮ના મથાળે રહ્યા હતા.

# મલયેશિયા પાછળ આયાતી તેલમાં સુધારો, વેપાર છૂટાછવાયા

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૮૨ રિંગિટનો ઉછાળો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં આયાતી તેલમાં આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો સુધારો આવ્યો હતો. વધુમાં આજે મથકો પાછળ માત્ર કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો જોવા મળ્યો હતો, જ્યારે અન્ય દેશી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના જાન્યુઆરી અને ફેબ્રુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૪૫થી ૧૨૪૮, સોયા રિફાઈન્ડના જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૭૦ અને સન રિફાઈન્ડના જાન્યુઆરી-ફેબ્રુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૪૭૫, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૫, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫ અને સંજય સોયાના સોયા રિફાઈન્ડના જાન્યુઆરી તથા ફેબ્રુઆરી ડિલિવરી શરતે રૂ.૧૨૭૦થી ૧૨૭૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે છૂટાછવાયા વેપારો પણ થયા હતા. ગુજરાતમાં આજે ગોંડલ મથકે ૮૦,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૩૯૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે એક લાખ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૩૫૦માં થયા હતા. તેમ જ આજે મધ્યપ્રદેશનાં મથકો પર બે લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૪૦૦થી ૪૬૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૬૨૫થી ૪૭૨૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૪૬૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

## દેશ-વિદેશ

# દિલ્હીમાં ચાર દિવસમાં ૨.૧૨ લાખથી વધુ પીયુસી જારી

નવી દિલ્હીઃ દેશની રાજધાની દિલ્હીમાં ગ્રૅપ-ફૉર પગલાંના કડક અમલ પછી છેલ્લા ચાર દિવસમાં ૨.૧૨ લાખથી વધુ નવા પોલ્યુશન અંડર કંટ્રોલ(પીયુસી) સર્ટિફિકેટ જારી કરવામાં આવ્યા છે. જ્યારે લગભગ ૧૦,૦૦૦ વાહનો ફરજિયાત એમિશન ટેસ્ટમાં નાપાસ થયા છે. આ માહિતી દિલ્હીના પર્યાવરણ પ્રધાન મનજિંદર સિંહ સિરસાએ સોમવારે આપી હતી.

પર્યાવરણ પ્રધાને પ્રદૂષણ ફેલાવતા ઉદ્યોગો અને વર્ક-ફ્રોમ-હોમના નિર્દેશોનું ઉલ્લંઘન કરતી ખાનગી કચેરીઓ સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી. એક પ્રેસ બ્રીફિંગને સંબોધતા સિરસાએ જણાવ્યું કે છેલ્લા ચાર દિવસમાં જીઆરએપી-ફોર હેઠળ લાદવામાં આવેલા કડક પ્રતિબંધોના પરિણામો દેખાવા લાગ્યા છે.તેમણે જણાવ્યું કે 'નો પીયુસી, નો ફ્યુઅલ' નિયમ લાગુ થયા પછી બે લાખથી વધુ વાહનોના પીયુસી ટેસ્ટ કરવામાં આવ્યા છે. જ્યારે લગભગ ૧૦, ૦૦૦ વાહનો ફરજિયાત એમિશન ટેસ્ટમાં નિષ્ફળ રહ્યા છે.

# મમતાની મુશ્કેલી વધારશે 'બાબરીવાળા' હુમાયુ કબીરઃ પોતાનો પક્ષ રચશે

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદની પ્રતિકૃતિનો પથ્થર મૂકવાને લીધે આવેલા હુમાયુ કબીરે પોતાની નવી રાજકીય પાર્ટીની જાહેરાત કરી છે. આનું નામ જનતા ઉન્નયન પાર્ટી રાખવામાં આવ્યું છે. જેના લીધે પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીની મુશ્કેલીમાં વધારો થશે. હુમાયુ કબીરે બે બેઠકો પર પોતે જ ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત તેમણે અન્ય બે લોકોને પણ ટીકીટ આપી છે. હુમાયુ કબીરે નવી પાર્ટીના નામની જાહેરાત કર્યા બાદ જણાવ્યું કે તેઓ મુર્શિદાબાદ જિલ્લાના રેજી નગર વિધાનસભા મતવિસ્તાર અને ભરતપુર વિધાનસભા મતવિસ્તારમાંથી બે બેઠક પર ચૂંટણી લડશે. આ ઉપરાંત જનતા ઉન્નયન પાર્ટીમાં હુમાયુ કબીર નામના ત્રણ અલગ અલગ વ્યક્તિને ચાર બેઠકો પર ટિકિટ આપી છે. જ્યારે બીજા હુમાયુ કબીરના નામના વ્યક્તિને ભગવાન ગોલા વિધાનસભા મતવિસ્તારમાંથી ટિકિટ આપવામાં આવી છે. જ્યારે ત્રીજા ડૉ. હુમાયુ કબીરને રાની નગર વિધાનસભા મતવિસ્તારમાંથી ટિકિટ આપવામાં આવી છે. આ ઉપરાંત હાજી ઇમરાન હુસૈન ગ્રામીણ ખડગપુર વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટણી લડશે. હુમાયુ કબીર નવી પાર્ટીના અધ્યક્ષ પણ છે.

જનતા ઉન્નયન પાર્ટીના અન્ય ઉમેદવારોની વાત કરીએ તો, વહિદુર રહેમાન દક્ષિણ દિનાજપુર જિલ્લાના હરિરામપુર વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટણી લડશે. મનીષા પાંડે મુર્શિદાબાદ વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટણી લડશે. તેમજ મુશ્કેરા બીબી બોઇસનોબ નગરમાંથી ચૂંટણી લડશે.

ટીએમસીમાંથી સસ્પેન્ડ થયેલા હુમાયુ કબીરે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી લડશે અને અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી સાથે ગઠબંધન કરશે.

# ૮.૧૦ કરોડ રૂપિયાના સાયબર ફ્રોડનો શિકાર બનેલા આઈપીએસની આત્મહત્યા

ચંડીગઢ/પટિયાલાઃ ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી અમર સિંહ ચહલે સોમવારે અહીં કથિત રીતે ગોળી મારીને આત્મહત્યા કરી હતી અને એક કથિત નોંધમાં તેમણે દાવો કર્યો હતો કે વેલ્થ મેનેજમેન્ટ સલાહકાર તરીકે ઓળખાતા સાયબર ગુંડાઓ દ્વારા તેમની સાથે રૂ. ૮.૧૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી. પટિયાલાના એસએસપી વરુણ શર્માએ જણાવ્યું હતું કે તેમને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ફરિદકોટમાં ૨૦૧૫માં ધર્મનિષ્ઠા વિરોધી વિરોધ પ્રદર્શનો સંબંધિત પોલીસ ગોળીબારના કેસમાં ચહલ આરોપીઓમાંનો એક હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ઘટનાસ્થળેથી એક નોંધ મળી આવી છે, જે દર્શાવે છે કે તે કોઈ નાણાકીય છેતરપિંડીનો ભોગ બન્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.ડીજીપી ગૌરવ યાદવને સંબોધિત નોંધમાં, ચહલે આરોપ લગાવ્યો હતો કે છેતરપિંડી કરનારાઓ 'એફ-૭૭૭ ડીબીએસ વેલ્થ ઇક્વિટી રિસર્ચ ગ્રુપ' નામથી વોટ્સએપ અને ટેલિગ્રામ જૂથો દ્વારા સંચાલન કરતા હતા, જેમાં ડીબીએસ બેંક અને તેના સીઇઓ સાથે ખોટા સંબંધો હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. નોંધ મુજબ, જૂથે સ્ટોક ટ્રેડિંગ, આઇપીઓ ફાળવણી, ઓટીસી ટ્રેડ્સ અને કહેવાતા ''જથ્થાત્મક ભંડોળ'' દ્વારા અસામાન્ય રીતે ઊંચા વળતરનું વચન આપીને રોકાણકારોને લલચાવતા હતા. નોંધ મુજબ, ખોટા ડેશબોર્ડ બનાવવામાં આવ્યા હતા જેથી નફો વધી ગયો હોય, ધીમે ધીમે રોકાણકારોમાં વિશ્વાસ વધે અને તેમને મોટી રકમ જમા કરાવવા માટે પ્રેરિત કરવામાં આવે.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**PUBLIC NOTICE / CLARIFICATION**

Notice is hereby given to the public at large that **Uma Sadan Premises Co - operative Society Limited,** through its Chairman/ Secretary, has published a public notice dated **14/12/2025** in the newspapers **Maharashtra Times and Mumbai Samachar,** inviting offers from Builders/ Developers for the proposed redevelopment of **Uma Sadan Premises Co-operative Society Limited,** comprising **26 residential flats and 2 garages,** situated **at 6th & 10th Road Corner, Khar (West), Mumbai – 400052.**

However, it is hereby brought to the notice of all concerned that the said public notice **fails to disclose material and vital particulars,** namely that **Flat No. 7 in A -Wing, Flat No. 13 in B -Wing, and Flat No. 15 in B-Wing each have an attached terrace area,** of the respective flats.

The existence of the said attached terraces is a **material factor** and is required to be **specifically considered and accounted for** while formulating and submitting any redevelopment proposal, including but not limited to carpet area calculations, entitlement and compensation.

All prospective Builders/ Developers and interested parties are therefore **requested to take due note of the above facts** before submitting any proposal, as any proposal submitted without considering the aforesaid terraces shall be **incomplete, misleading, and liable to be rejected.**

This notice is issued in the interest of transparency and to prevent any future dispute or prejudice to the rights of the concerned flat holders.

Sd/-

**Owners of Flat No. 7 in A-Wing, Flat No. 13 in B-Wing, and Flat No 15 in B - wing**

# ૩૩૫ પ્રવાસીના જીવ તાળવેઃ ઍર ઈન્ડિયાનું મુંબઈ આવતા વિમાનનું એન્જિન બંધ, સલામત લૅન્ડિંગ

નવી દિલ્હી : મુંબઈ આવી રહેલું એર ઇન્ડિયાનું બોઈંગ ૭૭૭ વિમાનનું જમણું એન્જિન બંધ થઈ જતાં તેને દિલ્હીથી ઊડ્યાના એક કલાકની અંદર દિલ્હી પાછું ફરીને તત્કાળ ઉતરાણ કરવું પડ્યું હતું. ડિરેક્ટરેટ જનરલ ઑફ સિવિલ એવિયેશન (ડીજીસીએ) આ બનાવની તપાસ કરશે અને નાગરિક ઉડ્ડયન મંત્રાલયે આ બનાવની વિગતો ઍર ઈન્ડિયા પાસે માગી છે. સૂત્રોએ કહ્યું હતું કે વિમાનમાં ૩૩૫ પેસેન્જર હતા. દિલ્હી પાછા આવ્યા પહેલાં વિમાન એક કલાક હવામાં હતું. વિમાને હવાઈમથકે તત્કાળ ઉતરાણ કર્યું હતું.

ઍર ઈન્ડિયાએ એક નિવેદનમાં કહ્યું હતું કે ફ્લાઈટ એઆઈ૮૮૭ ઑપરેટ કરી રહેલા પાઈલોટ અને બીજા કર્મચારીઓએ ટેક્નિકલ કારણસર દિલ્હી પાછા જવાનો નિર્ણય સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર હેઠળ લીધો હતો. વિમાન દિલ્હીમાં સલામત રીતે ઊતર્યું હતું. પેસેન્જર અને કર્મચારીઓ એમાંથી ઊતર્યા હતા.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે કહ્યું હતું કે અમે ઍર ઈન્ડિયાને વિગતવાર અહેવાલ આપવાનું કહ્યું છે ઍરલાઈનને પેસેન્જરને પૂરતો સહકાર આપવાનું અને તેમને પછીનાં વિમાનોમાં સમાવવાનું કહેવામાં આવ્યું છે. ડીજીસીએ અધિકારીએ કહ્યું હતું કે ફ્લાઈટના ક્રૂએ શોધી કાઢ્યું હતું કે જમણી બાજુના એન્જિનમાં લો એન્જિન ઓઈલ પ્રેશર છે . ટૂંક સમયમાં પ્રેશર ઝીરો થયું હતું.

પાઈલોટે એન્જિનને બંધ કરી નાખ્યું હતું અને વિમાન સલામત રીતે દિલ્હીમાં ઊતર્યું હતું.

યુપી કફ સિરપકાંડ

# વિધાનસભામાં દેકારો, યોગીએ કહ્યું કે આને લીધે એકેય મોત નથી થયું

લખનઊઃ ઉત્તર પ્રદેશ વિધાનસભાનું શિયાળુ સત્ર શરૂ થયું છે. જેમાં કફ સિરપ કાંડ મુદ્દે વિપક્ષે હોબાળો કર્યો હતા. ત્યારે યુપીના સીએમ યોગી આદિત્યનાથે વિપક્ષને જવાબ આપ્યો છે. તેમજ કહ્યું છે કોડીન કફ સિરપ કાંડમાં રાજ્યમાં કોઇનું મૃત્યુ નથી થયું. તેમજ સરકાર તેના દોષિતો વિરુદ્ધ કડક કાર્યવાહી કરી રહી છે. જોકે, યોગીના સંબોધન બાદ પણ વિપક્ષે વિરોધ ચાલુ રાખ્યો હતો. વિપક્ષી ધારાસભ્યોએ ગૃહની વચ્ચોવચ સૂત્રોચ્ચાર કર્યા હતા તેમજ હોબાળા બાદ વિપક્ષે ગૃહમાંથી વોકઆઉટ કર્યું હતું. જ્યારે કફ સિરપ કેસ અંગે મુખ્યમંત્રી યોગીએ જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં સિરપથી હજુ સુધી કોઈ મૃત્યુ થયું નથી. એસપી આ ઉંમરે પણ વિપક્ષી નેતાને જૂઠું બોલવા માટે મજબૂર કરી રહી છે. આ આરોપીને વર્ષ ૨૦૧૬ માં સપા દ્વારા લાઇસન્સ આપવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૭૯ કેસ દાખલ કરવામાં આવ્યા છે. જેમાં ૨૨૫ લોકોનું નામ આપવામાં આવ્યું છે.

## બે નમૂના, એક દિલ્હીમાં અને એક લખનઊમાંઃ યોગી

નવી દિલ્હીઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સોમવારે વિપક્ષના નેતાઓ પર આકરા રાજકીય પ્રહારો કર્યા હતા. તેમણે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ પર આડકતરી રીતે નિશાન સાધતા કહ્યું કે બે નમૂના છે, જે દેશમાં કોઇપણ ગંભીર રાષ્ટ્રીય મુદ્દો ઊભો થાય ત્યારે દેશ છોડીને ચાલ્યા જાય છે.વિપક્ષના આરોપોને નકારતાં આદિત્યનાથે કહ્યું કે આ વિવાદ તથ્યો કરતાં રાજકીય હેતુંઓથી પ્રેરિત છે.

# મનરેગા પર પૂર્ણવિરામ નૈતિક નિષ્ફળતાઃ સોનિયા ગાંધી

નવી દિલ્હીઃ તાજેતરમાં સમાપ્ત થયેલા સંસદના શિયાળુ સત્રમાં વિકસીત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) (વીબી-જી-રામ-જી) બિલ પસાર કરવામાં આવ્યું, રાષ્ટ્રપતિના હસ્તાક્ષર બાદ આ બિલ હવે કાયદો બની ગયો છે, અ સાથે જ કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકારે ૨૦૦૫માં બનાવેલો મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી એક્ટ (મનરેગા) સમાપ્ત થઇ ગયો છે. કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધીએ આ મનરેગા રદ થવાને નૈતિક મૂલ્યોનું પતન ગણાવ્યું છે.સોનિયા ગાંધીએ લખેલા એક લેખમાં કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતાં. તેમણે જણાવ્યું કે મનરેગા અને અન્ય મુખ્ય કાયદાઓમાં પ્રસ્તાવિત ફેરફારોથી મોદી સરકાર દેશના અધિકારો આધારિત કાયદાકીય માળખાને તોડી પડવાનો પ્રયાસ કરી રહી છે.

'ધી બુલડોઝડ ડિમોલિશન ઓફ મનરેગા' હેડિંગ સાથેના લેખમાં સોનિયા ગાંધીએ લખ્યું કે ગ્રામીણ રોજગાર યોજનાનું નબળું પડવું એ આપણા સૌની સામૂહિક નૈતિક નિષ્ફળતા છે, જેની અસર નાણાકીય અને માનવીય પરિણામો દેશભરના કરોડો કામદારો પર પડશે.સરકાર દાવો કરી રહી છે કે નવી યોજનાને કારણે લોકોને વર્ષમાં ૧૨૫ દિવસ સુધી રોજગારી મળશે, સોનિયા ગાંધીએ આ દાવાને ભ્રામક ગણાવ્યા.

**પશ્ચિમ રેલવે**

સિનિયર ડિવિઝનલ કોમર્શિઅલ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવે

ડિવિઝનલ રેલવે મેનેજર, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, NFR સેક્શન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ- ૪૦૦૦૦૮.

કામ - મુંબઈ ડિવિઝનમાં વિવિધ NFR મિડિયા દ્વારા જાહેરાતનું પ્રદર્શન

| ઓક્શન કેટલોગ નં. | ઓક્શન પ્રારંભ (તમામ લોટ) |
|---|---|
| MMCT-ADVT-૨૫-૬૪ | ૦૯-૦૧-૨૬ ૧૫:૦૦:૦૦ |

| ક્ર. નં. | લોટ નં. | સ્થળ/એરિયા | દિવસ | ઈ-ઓક્શનની બંધ થવાની તારીખ & સમય |
|---|---|---|---|---|
| ૧ | ADVT-BCT-PL-OH-૪૫૬-૨૫-૧ (જાહેરાત-આઉટ ઓફ હોમ) | ૫ વર્ષની મુદત માટે લોઅર પરેલ રેલવે વર્કશોપ નોર્થ પશ્ચિમ કોર્નર ખાતે ૦૧ હાલના હોર્ડિંગ સ્ટ્રકચર એરિયાઃ ૧૬૦૦ ચો. ફૂટ (સ્ટ્રકચરનું રિપેરિંગ/સ્ટ્રેથનીંગ સહિત) પર જાહેરાતનું પ્રદર્શન માટે બલ્ક જાહેરાત હક્કો | ૧૮૨૬ | ૦૯-૦૧-૨૬ ૧૫:૩૦:૦૦ |
| ૨ | ADVT-BCT-BDTS-OSN-૨૧૨-૨૫-૧ (જાહેરાત-સ્ટેશન પ્રિમાઈસિસ પર (નોન-ડિઝિટલ)) | ૩ વર્ષની મુદત માટે બાંદ્રા ટર્મિનસ (BDTS) સ્ટેશન માટે બલ્ક જાહેરાત હક્કો | ૧૦૯૬ | ૦૯-૦૧-૨૬ ૧૫:૪૦:૦૦ |
| ૩ | ADVT-BCT-DDR-OSN-૩૩૯-૨૫-૧ (જાહેરાત-સ્ટેશન પ્રિમાઈસિસ પર (નોન-ડિઝિટલ)) | ૩ વર્ષની મુદત માટે દાદર (DDR) સ્ટેશન પ્લેટફોર્મ ખાતે બલ્ક જાહેરાત હક્કો | ૧૦૯૬ | ૦૯-૦૧-૨૬ ૧૫:૫૦:૦૦ |
| ૪ | ADVT-BCT-BA-OSN-૪૪૦-૨૫-૧ (જાહેરાત-સ્ટેશન પ્રિમાઈસિસ પર (નોન-ડિઝિટલ)) | ૩ વર્ષની મુદત માટે ફૂટ ઓવર બ્રિજ (FOBs) પર બાંદ્રા (BA) સ્ટેશન પર બલ્ક જાહેરાત હક્કો | ૧૦૯૬ | ૦૯-૦૧-૨૬ ૧૬:૦૦:૦૦ |
| ૫ | ADVT-BCT-CYR-OSN-૪૪૨-૨૫-૧ (જાહેરાત-સ્ટેશન પ્રિમાઈસિસ પર (નોન-ડિઝિટલ)) | ૩ વર્ષની મુદત માટે ચર્ની રોડ (CYR) ખાતે બલ્ક જાહેરાત હક્કો | ૧૦૯૬ | ૦૯-૦૧-૨૬ ૧૬:૧૦:૦૦ |
| ૬ | ADVT-BCT-DDR-OSN-૪૪૩-૨૫-૧ (જાહેરાત-સ્ટેશન પ્રિમાઈસિસ પર (નોન-ડિઝિટલ)) | ૩ વર્ષની મુદત માટે ફૂટ ઓવર બ્રિજ (FOBs) પર દાદર (DDR) સ્ટેશન ખાતે બલ્ક જાહેરાત હક્કો | ૧૦૯૬ | ૦૯-૦૧-૨૬ ૧૬:૨૦:૦૦ |
| ૭ | ADVT-BCT-ADH-OSN-૪૪૧-૨૫-૧ (જાહેરાત-સ્ટેશન પ્રિમાઈસિસ પર (નોન-ડિઝિટલ)) | ૩ વર્ષની મુદત માટે અપરડેક પર અંધેરી સ્ટેશન ખાતે સિટિંગ વ્યવસ્થા સાથે ગ્લો લોલીપોપ માટે બલ્ક જાહેરાત હક્કો | ૧૦૯૬ | ૦૯-૦૧-૨૬ ૧૬:૩૦:૦૦ |

**સંપર્ક વિગતોઃ લેન્ડ લાઈન નં. : ૦૨૨૬૭૬૪૪૨૧૨ ઈમેલ ID:** acmadvtgbct@gmail.com

**નોંધ :** સંભવિત બિડરોએ IREPS વેબસાઈટ **(www.ireps.gov.in)** પર ઈ-ઓક્શન લિઝિંગ મોડ્યૂલની મુલાકાત લેવા વિનંતી. લોડ વાઈઝ વિગતો ઉલ્લેખેલ કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે.

0922

અમને લાઈક કરો : facebook.com/WesternRly • અમને ફોલો કરો : x.com/WesternRly

# વિજય બાદ ભાજપનો હુંકાર | દેવેન્દ્ર ફડણવીસ જ ધુરંધર | ઉદ્ધવ ઠાકરે રહેમાન ડાકુ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં નગરપાલિકા અને નગર પંચાયતની ચૂંટણીઓમાં ભવ્ય વિજય મેળવ્યા બાદ ભાજપે ઉદ્ધવ ઠાકરે પર નિશાન સાધ્યું છે. મુંબઈ બીએમસી ચૂંટણી માટે સાથે આવી રહેલા ઠાકરે ભાઈઓના ગઠબંધનને પાર્ટીએ 'ભય સંગમ' ગણાવ્યું હતું.

પરિણામો બાદ મહારાષ્ટ્ર ભાજપ તરફથી એક વિસ્તૃત નિવેદન જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં જણાવવામાં

(જુઓ પાનું ૪) ▸▸

## વિકાસના દૃષ્ટિકોણથી ભાજપને મદદ મળીઃ ચવ્હાણ


થાણેઃ મહારાષ્ટ્ર ભાજપના પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણે સોમવારે જણાવ્યું હતું કે રાજ્યભરમાં ભગવા પક્ષની લોકો સુધી પહોંચ અને વિકાસલક્ષી દૃષ્ટિકોણથી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં વિજયી બનવામાં મદદ મળી. કલ્યાણ શહેરમાં એક પાર્ટીની બેઠકને સંબોધતા ચવ્હાણે કહ્યું હતું કે, 'ચૂંટણીની જાહેરાત થયા પછી, ભાજપના કાર્યકરો ઘરે ઘરે ગયા, નાગરિકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ વિશે માહિતી આપી. તેમણે લોકોનો વિશ્વાસ મેળવ્યો અને આ

(જુઓ પાનું ૪) ▸▸

## પીએમના વિકાસ વિઝનમાં લોકોનો વિશ્વાસઃ ફડણવીસ

નાગપુરઃ સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીના પરિણામોએ સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે ભાજપ મહારાષ્ટ્રમાં સૌથી મોટો પક્ષ છે, રાજ્યના લોકોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિકાસ વિઝનમાં સંપૂર્ણ વિશ્વાસ મૂક્યો છે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે જણાવ્યું હતું. રવિવારે જાહેર થયેલા પરિણામોમાં, ભાજપ, શિવસેના અને એનસીપીના મહાયુતિ ગઠબંધને ૨૮૮ નગર પરિષદો અને નગર પંચાયતોની ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવ્યો હતો, સ્થાનિક સ્વરાજ્ય

(જુઓ પાનું ૪) ▸▸



**વિન્ટર સોલ્સ્ટિસ ડેઃ** ભારતમાં સોમવારનો દિવસ વિન્ટર સોલ્સ્ટિસ ડે હતો એટલે કે આ દિવસ ટૂંકામાં ટૂંકો અને રાત લાંબામાં લાંબી હતી. આ રાતના પ્રારંભનો અનુભવ કરવા માટે મરીન ડ્રાઈવની પાળી પર ઉત્સાહી યુવાનોની ભારે ભીડ હતી અને સોનેરી સુર્યની ચમકતી આભા આહ્લાદક અનુભવ કરાવતી હતી. હવે દિવસો લાંબા થતા જશે. (અમય ખરાડે)

## શિવસેના-મનસેના મરાઠી કાર્ડનો સામનો કરવા

# જગદંબા તલવારની એન્ટ્રી

### ભાજપ દ્વારા મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં મરાઠા ગૌરવનો મુદ્દો આગળ કરીને મરાઠીવાદને નબળો કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની આગામી મહિને આયોજિત ચૂંટણી જીતવા માટે બધા જ રાજકીય પક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે અને પોતપોતાની રીતે તૈયારીઓ કરી રહ્યા છે. બીએમસી ચૂંટણી માટે રાજકીય શતરંજ તૈયાર થઈ રહી છે. આ બધા વચ્ચે અચાનક ભારતીય જનતા પાર્ટી 'જગદંબા તલવાર' દ્વારા મુંબઈના હિન્દુઓને એક કરવાની રણનીતિ પર કામ કરી રહી છે. ભાજપે શિવાજી મહારાજની ઐતિહાસિક જગદંબા તલવારની પ્રતિકૃતિનું પૂજન કરીને પાલિકાના ચૂંટણી પ્રચારની શરૂઆત કરીને બધાને મોટો આંચકો આપ્યો હતો.

મુંબઈમાં, ભાજપે ઠાકરે બંધુઓની મરાઠી ઓળખ અને મરાઠી માનુસ કાર્ડના વિરોધમાં આ જગદંબા તલવારને ચૂંટણી મેદાનમાં ઉતારી છે. ભાજપનું કહેવું છે કે આ તલવાર મુંબઈના લાખો હિન્દુઓને એક કરશે અને ઠાકરેના ભ્રષ્ટાચારનો અંત લાવશે. ■

### જગદંબા તલવાર શેનું પ્રતીક છે?

જગદંબા તલવાર સ્વરાજ, ધર્મ અને ન્યાયનું પ્રતીક છે. આ તલવાર માં ભવાનીનું સ્વરૂપ હોવાનું કહેવાય છે. શિવાજી મહારાજે ઘણી લડાઈઓમાં પોતાના દુશ્મનોનો નાશ કરવા માટે આ તલવારનો ઉપયોગ કર્યો હતો. જગદંબા તલવારની પ્રતિકૃતિ ૧૭ ફૂટ લાંબી છે અને તેમાં મૂળ તલવારની જેમ જ ૪૦૦ થી વધુ રત્નો જડવામાં આવ્યા છે.

### અત્યારે ક્યાં છે?

શિવાજી મહારાજની મૂળ જગદંબા તલવાર હાલમાં લંડનના રોયલ મ્યુઝિયમમાં છે. આ તલવારને ભારત પાછી લાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. લાખો શિવભક્તો આ જગદંબા તલવાર સાથે ધાર્મિક રીતે જોડાયેલા છે.

### મૂળ તલવાર કેવી છે?

કુલ લંબાઈઃ આશરે ૧૧૦-૧૧૫ સે.મી.
બ્લેડની લંબાઈઃ આશરે ૯૦-૯૫ સેમી
પહોળાઈઃ આશરે ૩-૪ સેમી
વજનઃ આશરે ૧ - ૧.૨ કિલોગ્રામ
ધારઃ એકતરફી

આગળથી થોડી વળેલી છે જે યુદ્ધમાં ઝડપી પ્રહારો માટે યોગ્ય બનાવે છે. આ એક યુદ્ધ તલવાર હતી જે ચપળતા, ગતિ અને ચોકસાઈ માટે રચાયેલ હતી. ■


રાજસ્થાની મહારાજ સુવિધાઓ સાથે ....
અમેરિકા ૨૦૨૬
Velvet Vacations
By: NOVEX COMMUNICATIONS

POPULAR AMERICA GRAND | GUSA 1 | 18 DAYS — HOT SELLING
• SAN FRANCISCO • SACRAMENTO • LAKE TAHOE • MAMMOTH • LOS ANGELES • LAS VEGAS • NIAGARA FALLS • WASHINGTON DC • VIRGINIA (LURAY) • PHILADELPHIA • NEW YORK
DEP: APR. 27 | MAY 4, 11, 18, 25 | JUN. 1, 8, 15 | JUL. 6, 20 | AUG. 17 | SEP. 7

POPULAR WEST COAST | GUSA 2 11 DAYS
• SAN FRANCISCO • SACRAMENTO • LAKE TAHOE • MAMMOTH • LOS ANGELES • LAS VEGAS
DEP: APR. 27 | MAY 4, 11, 18, 25 | JUL. 6, 20 | AUG. 17 | JUN. 1, 8, 15 | SEP. 7

POPULAR EAST COAST | GUSA 3 08 DAYS
• NIAGARA FALLS • WASHINGTON DC • VIRGINIA (LURAY) • PHILADELPHIA • NEW YORK
DEP: MAY 7, 14, 21, 28 | JUN. 4, 11, 18, 25 JUL. 16, 30 | AUG. 27 | SEP. 17

ADVENTUROUS USA WITH ANTELOPE CANYON | GUSA 4 | 18 DAYS
• SAN FRANCISCO • LOS ANGELES • LAS VEGAS • ANTELOPE CANYON • NIAGARA FALLS • WASHINGTON DC • VIRGINIA (LURAY) • PHILADELPHIA • NEW YORK
DEP: MAY 11, 25 | JUN. 1, 8

WEST COAST WITH ANTELOPE CANYON | GUSA 5 11 DAYS
• SAN FRANCISCO • LOS ANGELES • 17-MILE DRIVE • CHINO HILLS • ANTELOPE CANYON • LAS VEGAS
DEP: MAY 11, 25 | JUN. 1, 8

WEST+EAST COAST WITH ORLANDO | GUSA 6 22 DAYS
• SFO• SACRAMENTO • LAKE TAHOE • MAMMOTH • LOS ANGELES • LAS VEGAS • ORLANDO • NIAGARA • WASHINGTON DC • VIRGINIA (LURAY) • PHILADELPHIA • NEW YORK
DEP: APR. 27 | MAY 4, 11, 18, 25 | JUL. 6, 20 | AUG. 17 | JUN. 1, 8, 15 | SEP. 7

NEXT ADVT. આવે ત્યા સુધી આ QR CODE સ્કેન કરો અને જુઓ અમારી ક્રીયેટીવીટી
નીરજ ઠક્કર સેક્ટર હેડ - અમેરિકા મો. +91 9820149217 +91 8108148182
કમલેશ કારીઆ બિઝનેસ હેડ મો. +91 8108012096
ફરો અમેરિકા ... ફકત નિષ્ણાંતો સંગાથે ..
OPENING SOON BRANCH OFFICE @ KANDIVALI WEST
HEAD OFFICE: R-WING, (G2) ગ્રાઉન્ડ ફ્લોર, રેમી બિઝ કોર્ટ, પ્લોટ નં 9, શાહ ઇન્ડસ્ટ્રીયલ ઇસ્ટેટ, ઓફ. વીરા દેસાઈ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - 400058.
BRANCH OFFICE: # ૮૧૪, સંકલ્પ સ્ક્વેર, 3B બિલ્ડીંગ, સિંધુ ભવન માર્ગ, PRL કોલોની, થલતેજ, અમદાવાદ - ૩૮૦૦૫૮.
NOVEX ENCOURAGES COPYRIGHT COMPLIANCE.
PRANAV
Skyline


## માણિકરાવ કોકાટેને મળી મોટી રાહત

# ધારાસભ્ય તરીકે ચાલુ રહેશે, સુપ્રીમ કોર્ટે સજા પર રોક લગાવી

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારના ભૂતપૂર્વ પ્રધાન અને પાંચ વખત ધારાસભ્ય રહેલા માણિકરાવ કોકાટેને સુપ્રીમ કોર્ટે મોટી રાહત આપી છે. છેતરપિંડીના કેસમાં નીચલી અદાલતે આપેલી સજા પર સ્ટે મૂકતી વખતે, સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટતા કરી કે, આ નિર્ણયથી કોકાટેની વિધાનસભા સભ્યપદ પર કોઈ અસર નહીં થાય. આનો અર્થ એ થયો કે તેઓ ધારાસભ્ય રહેશે અને ગેરલાયક ઠરશે નહીં.

જોકે, સુપ્રીમ કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે આ રાહતનો અર્થ એ નથી કે કોકાટે કોઈપણ 'ઓફિસ ઓફ પ્રોફિટ' પદ જાળવી રાખી શકે છે. આનો અર્થ એ છે કે તેઓ હાલ પૂરતું પ્રધાનપદ કે અન્ય કોઈ સરકારી લાભનો હોદ્દો સંભાળી શકશે નહીં.

આ સુનાવણી જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ ઉજ્જવલ ભુયાનની બેન્ચ સમક્ષ થઈ હતી. કોર્ટે જણાવ્યું હતું કે પ્રથમ દૃષ્ટિએ દોષસિદ્ધિમાં ''મૌલિક ત્રુટિ'' હોવાનું જણાય છે. સુપ્રીમ કોર્ટે મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરતા કહ્યું કે,''આવકની જાહેરાત ન કરવાથી દસ્તાવેજ બનાવટી સાબિત થતો નથી.''

માણિકરાવ કોકાટે વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ દલીલ કરી હતી કે કથિત ગુનો ૧૯૮૯નો છે. તે સમયે, કોકાટે ન તો ધારાસભ્ય હતા કે ન તો કોઈ

(જુઓ પાનું ૪) ▸▸

# નગરપાલિકાની ચૂંટણીમાં ત્રણેએ ૧૫,૦૦૦ કરોડ રૂપિયા ઉડાવી દીધાઃ સંજય રાઉત

મુંબઈઃ રાજ્યની નગરપાલિકાની ચૂંટણીઓમાં ભાજપ મહાયુતિને મળેલી સફળતા અભૂતપૂર્વ છે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું. હવે, શિવસેના પ્રવક્તા અને સાંસદ સંજય રાઉતે તેના પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, ''ભાજપના વિજયની હેટ્રિક છે, મેટ્રિક છે કે સેટ્રિક છે, પરંતુ નગરપંચાયતની ચૂંટણીમાં દેવેન્દ્ર ફડણવીસ, એકનાથ શિંદે અને અજીત પવારે મળીને ૧૫ હજાર કરોડ રૂપિયા ઉડાવી દીધા છે. તેમણે મતદારોને પૈસા આપ્યા અને પૈસાને પાણીની જેમ ખર્ચ્યા છે. દેવેન્દ્ર ફડણવીસ અભૂતપૂર્વ જીત અપાવવા વિશે જે કહી રહ્યા છે તે અભૂતપૂર્વ પૈસા વહેંચવાનું પરિણામ છે, એવો ગંભીર આરોપ સંજય રાઉતે ભાજપ ગઠબંધનના નેતાઓ પર લગાવ્યો હતો.

એકનાથ શિંદે પર આકરા પ્રહારો કરતા સંજય રાઉતે કહ્યું કે, ''એકનાથ શિંદે કહી રહ્યા છે કે, જો અમારી શિવસેના અસલી હોય તો જઈને અમિત શાહના પગ ધોઈને તેનું ચરણામૃત પીવો. જે શિવસેના તમને અમિત શાહ દ્વારા આપવામાં આવી છે, તે શિવસેનાનું પુણ્ય ઘણું મોટું છે અને તે પુણ્ય તમને મળી રહ્યું છે.''

ચૂંટણી ચિહ્ન અને પક્ષ અંગેનો નિર્ણય હજુ સુપ્રીમ કોર્ટમાં છે. સુપ્રીમ કોર્ટ હજુ નિર્ણય આપી રહી નથી, કારણ કે સુપ્રીમ કોર્ટ પર દબાણ છે, એમ પણ રાઉતે કહ્યું હતું. ■

## મુંબઈમાં જોડાણ માટે શિવસેના (યુબીટી) અને મનસે વચ્ચે છેલ્લી ઘડીની વાતચીત

મુંબઈઃ આગામી મહિને યોજાનારી મહત્ત્વપૂર્ણ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણી માટે બંને પક્ષો વચ્ચે જોડાણ મજબૂત કરવા માટે સોમવારે શિવસેના (યુબીટી) અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) વચ્ચે છેલ્લી ઘડીની વાતચીત ચાલી રહી હતી.

ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેના (યુબીટી) અને રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના નેતાઓ આગ્રહ કરી રહ્યા છે કે બંને પક્ષો વચ્ચે વાતચીત સમાપ્ત થઈ ગઈ છે, પરંતુ હજુ સુધી જોડાણ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. સોમવારે, શિવસેના (યુબીટી) ના નેતા સંજય રાઉતે મનસે પ્રમુખ રાજ ઠાકરેને મળ્યા હતા. મનસેના નેતા બાળા નાંદગાંવકરે પણ વાતચીત કરવા માટે ઉદ્ધવ ઠાકરેના નિવાસસ્થાન માતોશ્રીની મુલાકાત લીધી હતી. બંને નેતાઓ પોતપોતાના પક્ષના વડાઓના વિશ્વાસુ સહાયક છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે બંને પક્ષો એવા વિસ્તારોમાં ચૂંટણી લડવા અંગે કોઈ સમજૂતી પર પહોંચી શક્યા નથી જ્યાં બંને પક્ષોને સમર્થન મળે છે, જેમ કે દાદર, શિવરી, વિક્રોલી અને ભાંડુપ. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાનું મંગળવારથી શરૂ થશે. ■

## લવાસા પ્રોજેક્ટઃ હાઈ કોર્ટે પવાર પરિવારને ક્લિન ચીટ આપી

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે સોમવારે પુણેમાં લવાસા હિલ સ્ટેશન પ્રોજેક્ટને આપવામાં આવેલી કથિત ગેરકાયદેસર પરવાનગીઓ બદલ એનસીપી (એસપી)ના નેતા શરદ પવાર, તેમની પુત્રી અને બારામતીના સાંસદ સુપ્રિયા સુળે તેમજ તેમના ભત્રીજા અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર સામે સીબીઆઈ તપાસની માગણી કરતી પીઆઈએલ ફગાવી દીધી હતી. આમ હવે પવાર પરિવારને આ કેસમાં ક્લિન ચીટ મળી ગઈ છે.

મુખ્ય ન્યાયમૂર્તી ચંદ્રશેખર અને ન્યાયાધીશ ગૌતમ અંકડની બેન્ચે નોંધ્યું હતું કે અરજદાર નાનાસાહેબ જાધવ, એક વકીલ, એવી કોઈ

(જુઓ પાનું ૪) ▸▸


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


## મતદારોએ પાઠ ભણાવ્યો છતાં શિવસેના (યુબીટી) હાર સ્વીકારવા તૈયાર નથીઃ શિરસાટ

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્રના પ્રધાન અને શિવસેનાના નેતા સંજય શિરસાટે સોમવારે જણાવ્યું હતું કે મતદારોએ પક્ષને પાઠ ભણાવ્યો હોવા છતાં ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીના ચુકાદાને સ્વીકારવા તૈયાર નથી.

પત્રકારો સાથે વાત કરતા, શિરસાટે કહ્યું હતું કે, 'શિવસેના (યુબીટી) તેની હાર સ્વીકારવા તૈયાર નથી. મતદારોએ તેમને તેમના અગાઉના કાર્યો માટે પાઠ ભણાવ્યો છે. લોકો અને અમે હવે તે પક્ષને ગંભીરતાથી લેતા નથી. તેમની પાસે અહીંથી પાછા ફરવાની કોઈ તક નથી.'

ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટી અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના વચ્ચે જોડાણની વાટાઘાટો પર ટિપ્પણી કરતા, તેમણે કહ્યું, 'પહેલાં તેઓ રાજ

(જુઓ પાનું ૪) ▸▸


સીંગાપોર-મલેશીયા-થાઈલેન્ડ ૬જાન્યુ,૨૦ માર્ચ, APR.,MAY બેંગકોક,પટ્ટાયા,જેન્ટીંગ,ડ્રીમ ક્રુઝ ૪* હોટલ્સ,વીઝા,એરટીકીટ,લંચ-ડીનર
વીયેતનામ-સાપા ૨૨જાન્યુ,૨૭ફેબ્રુ,૧૯માર્ચ, APR.,MAY ક્રુઝ,હનોઈ,દનાંગ,હોચીમિંચ,હોઈન,દિ.૧૧
દુબઈ-આબુધાબી ૨૫ડીસે, ૨૨જાન્યુ, ૧ફેબ્રુ, ૧૧ફેબ્રુ, ૨૦ફેબ્રુ, ૨૫માર્ચ ફરારી,સીવર્લ્ડ,લોર્નર,APR,MAY
આસામ-અરૂણાચલ-મેઘાલય દિ.૧૧,તવાંગ,શીલોંગ,કાઝીરંગા,૨૦ડિસે,ફેબ્રુ થી મે
કેરાલા રામેશ્વર ૮જાન્યુ,૧૬/૨, મદુરાઈ
કાશ્મીર માર્ચ થી મે, દિ.૮
શ્રીલંકા ૮જાન્યુ દિ.૮,ફેબ્રુ
નેપાલ-યુપી ૧૬જાન્યુ,૮ફેબ્રુ
રાજસ્થાન ૪જાન્યુ,ફેબ્રુ
કચ્છ રણોત્સવ ડીસે,જાન્યુ
અયોધ્યા-પ્રયાગરાજ-વારાણસી લખનૌ,નૈમિષારણ્ય,દિ.૭, ડિસે. થી માર્ચ
યુરોપ દિ.૧૪,કેરેવાન સાથે,૧૨એપ્રિલ થી ૫ જૂન
કપોળ,જૈન,મોડાસા,દિશાવિશા,ખડયતા,બ્રાહ્મણ તથા દરેક ગુજરાતી સમાજનાં ગ્રુપ ટુરનાં આયોજન માટે જાણીતાં
SINCE 2003 નીરવસંઘવી સંચાલીત વિનાયક ટુર્સ
9930716930/9137946753 9820093130 Timing 11 to 8
૮,વલ્લભ,મહાવીરનગર,કાંદીવલી(વે)
WE DON'T HAVE ANY OTHER BRANCH







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર).ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.